સચિત્ર ઉત્તમ વાર્તા સંગ્રહ પુસ્તક ૧૧ મું

શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રંથમાલા

# બુદ્ધિવંતો અભયકુમાર

: સંયોજક :

સાહિત્ય પ્રેમી, નિડર વકતા, શાસનપ્રભાવક,
મરૂધર રત્ન, સાહિત્યાચાર્ય,
પ્રવર્તક મુનિશ્રી નિરંજન વિજયજી

શ્રી ખાન્તિ નિરંજન ઉત્તમ • • જૈન જ્ઞાન મંદિર
ઠે. શેખનો પાડો, ઝવેરીવાડ સામે,
રીલીફ રોડ, અમદાવાદ.

કિંમત ૯ રૂપિયા બિ. સં. ૨૦૩૯

શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રંથમાલા

## સચિત્ર ઉત્તમ વાર્તા સંગ્રહ પુસ્તક ૧૧ મું

# બુદ્ધિવંતો અભયકુમાર સચિત્ર




અભયકુમાર મહારાજા શ્રેણિકને કુવામાંથી વીંટી કાઢી તે બતાવી રહ્યા છે

(ચિત્ર પરિચય માટે જુઓ પાના ૨૦ ઉપર)

સંયોજક :
**શાસન પ્રભાવક, મરૂધર રત્ન, નિડરવક્તા, સાહિત્યાચાર્ય**
**પ. પૂ. પ્રવર્તક મુનિરાજ નિરંજનવિજયજી મ. સા.**

પ્રકાશક : **શ્રી ખાન્તિ-નિરંજન-ઉત્તમ-જૈન જ્ઞાન મંદિર**
શેખનો પાડો, ઝવેરીવાડ સામે, રીલીફ રોડ-**અમદાવાદ ૧.**
વિ. સં. ૨૦૩૯ * * * કિંમત : રૂા. [illegible]૦૦

# જીવન ઘડતરનું ભાથું

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે બાળકો વાર્તાપ્રિય હોય છે, પણ એ વાત હકીકતમાં એક તરફી છે. અર્થાત બાળકો વાર્તાપ્રિય હોય છે અને બીજા નથી હોતા એમ નથી.

વાર્તાપ્રિયતા પ્રાય: જનમાત્રમાં જોવામાં આવે છે, બાળકોને ઉપયોગી વાર્તાઓ વડેરાઓ પણ રસપૂર્વક વાંચતાં હોય છે એટલે જ વિશ્વમાં સર્વથી વધારે વિકાસ કોઈ સાહિત્યનો થયો હોય તો તે વાર્તા સાહિત્યનો છે.

વાર્તા સાહિત્યમાં આત્મલક્ષી એટલે આત્માના હિતને સમજાવતું સાહિત્ય ખૂબ અગત્યનું છે એ સાહિત્ય જેમ જેમ વાંચનમાં વિશેષ આવે તેમ તેમ જીવન ઘડતરમાં કથા-વાર્તાની આવશ્યકતા છે તે તે કથામાંથી નીકળતો સાર જેમ બને તેમ વધુ ગ્રહણ કરવામાં આવે તો સારી રીતે જીવન ઘડતરની સામગ્રી પૂરી પાડે છે.

—પૂજ્ય આચાર્યશ્રી વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.

**શ્રી ખાન્તિ-નિરંજન-ઉત્તમ જૈન જ્ઞાન મંદિર તરફથી**

## સચિત્ર ઉત્તમ વાર્તા સંગ્રહ

**ના દસ જુદા જુદા પુસ્તકો બહાર પડયા છે.**

**તે સહુને વાંચવા-વિચારવા જેવા છે.**

—પ્રકાશક

મુદ્રક : રસુલભાઈ એસ. શેખ
મોડર્ન પ્રિન્ટર્સ : ગોળ લીમડા, નાડીયાવાડ, જમાલપુર, અમદાવાદ-

## બુદ્ધિ તો તે જ કહેવાય કે જે નિસ્તાર કરે....

આજ અઢી હજાર વર્ષ જેવો ગાળો વીતી જવા છતાં પણ જેમની બુદ્ધિશાલિતા વિષે બે મત પ્રવર્તતા નથી અને એથી જ દીવાળીના દિવસે કરાતા 'વહી પૂજન' માં **'અભયકુમારની બુદ્ધિ હજો'** એમ લખીને એમની બુદ્ધિની માંગણી કરવામાં આવે છે તે મંત્રીશ્વર અભય મગધ સમ્રાટ શ્રેણિકના રાજદરબારમાં જ નહિં પણ તેમના મનોરાજ્યમાં પણ અગત્યનું સ્થાન ધરાવતા હતા.

ગમે તેવા અટપટા સવાલોમાં પણ તેમની બુદ્ધિ કદીયે મુંઝવણ અનુભવતી નહોતી. ભલભલા બુદ્ધિશાળીઓ જે સવાલોને ઉકેલવામાં નિષ્ફળ જતા એવા સવાલોને પણ મંત્રીશ્વર અભયકુમાર પળવારમાં ઉકેલી દઈ બધાને અચરજ પમાડતા.

તેમના જીવનનો એક જ પ્રસંગ પ્રખર બુદ્ધિના ફળસ્વરૂપે આ જીવે શું મેળવવા જેવું છે. એ સ્પષ્ટ સમજાવે છે.

પ્રાકટવયે પહોંચેલા મહારાજા શ્રેણિક પોતાના સ્થાને પોતાના પુત્ર અને મંત્રીશ્વર અભયકુમારને બેસાડવાનો નિર્ણય કરી એની જાણ એમને કરે છે, તે વખતે અભય કુમાર એના જવાબમાં મહારાજા શ્રેણિકને કહે છે કે, "હું પરમાત્મા મહાવીર દેવને પૂછીને આપને જણાવીશ."

અભયકુમારે પ્રભુમહાવીરને પૂછયું **ભગવાન અંતિમ રાજર્ષિ કોણ?** એના જવાબમાં ભગવાને કહ્યું અંતિમ

રાજર્ષિ **ઉદયન.** બસ આટલા જવાબમાં જ અભયકુમારે એક જ ક્ષણમાં નિર્ણય કરી લીધો કે મારે રાજ્ય નથી લેવું. પોતાના પિતાને એમને એ નિર્ણયની જાણ પણ કરી એ સાંભળી મહારાજા શ્રેણિકને પણ આશ્ચર્ય થયું. પણ અભયકુમારે કહ્યું કે–

"પિતાજી! આપના જેવા પિતા અને ભગવાન મહાવીર દેવ જેવા ગુરુ મળ્યા હોવા છતાં પણ જો હું સંસારનો ઉચ્છેદ કરનારો ન બનું તો મારા જેવો મૂર્ખ કોણ ?"

પછી તો સંયમગ્રહણ કરવાની અપૂર્વ તાલાવેલીવાળા અભયકુમારે પિતા પાસેથી અનુમતિ પણ યુક્તિથી મેળવી લીધી અને ત્યાગમાર્ગના મહાન પથિક બની ગયા. અભયકુમારની બુદ્ધિ માંગનારને ભાગ્યેજ આવો ખ્યાલ હશે કે અભયકુમારે પોતાની બુદ્ધિના ફળ સ્વરૂપે રાજ્ય અને સંયમ બેમાંથી સંયમની પસંદગી કરી હતી.

આ મંત્રીશ્વર અભયકુમારના જીવનની અનેક વિશિષ્ટતાઓને વર્ણવતું સરળ–રોચક શૈલીમાં લખાયેલું આ ચરિત્ર સૌ કોઈને પ્રેરણારૂપ બને તેવું છે. આને તૈયાર કરવામાં **પ્રવર્તક મુનિ શ્રી નિરંજનવિજયજી મહારાજે** લીધેલો શ્રમ અનુમોદનીય છે.

શાહીબાગ, **પૂજ્ય આચાર્ય શ્રી વિજય દેવ**
શેઠ જમનાભાઈ **સૂરીશ્વરજી મહારાજ અન્તિષત્**
ભગુભાઈનો બંગલો **વિજય હેમચંદ્રસૂરિ**
**ઉપધાનનગર** માગશર વદ ૧૪ તા. ૨–૧–૮૪

# પ્રસ્તાવના

દિવાળીના શુભ દિવસે પોતાના ચોપડામાં ઉત્તમ માંગણીઓ ટાંકતા મહાનુભાવો અભયકુમાર જેવી બુદ્ધિની માગણી પરમ કૃપાળુ પરમાત્મા પાસે કરે છે.

એ અભયકુમારનું આ જીવન ચરિત્ર શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મના આરાધકના જીવનનો શ્રેષ્ઠ આદર્શ પ્રસ્તુત કરે છે.

સરળ ભાષામાં લખાએલા આ પુસ્તકના ૨૦૦ પેજમાં ભારોભાર સાત્વિક્તા છે, વળી હેતુલક્ષી સુંદર ચિત્રોના કારણે પુસ્તક અધિક બોધપ્રદ બન્યું છે.

પોતાના દીક્ષા પર્યાયના સળંગ ૫૦ વર્ષ દરમ્યાન ઉત્તમ કથા સાહિત્યનું સર્જન કરવામાં જેઓશ્રીએ કયારેય પ્રમાદ સેવ્યો નથી. તે **પરમ પૂજ્ય પ્રવર્તક મુનિ શ્રી નિરંજનવિજયજી મહારાજ સાહેબે** શાસ્ત્રાધારે શબ્દસ્થ કરેલું. આ પુસ્તક આજના પડતા કાળમાં જીવનને શ્રી જિનાજ્ઞાભિમુખ કરવાની પ્રબળ પ્રેરણા પૂરી પાડે છે.

બીરબલના બુદ્ધિ–ચાતુર્યની પ્રશંસા કરનાર સૌ કોઈને આ પુસ્તક વાંચ્યા પછી કબુલ કરવું પડે તેમ છે કે, અભયકુમાર સબુદ્ધિમાન હતા. કારણ કે તેમણે પોતાની બુદ્ધિ સદા સન્માર્ગની પ્રતિષ્ઠા વધારવામાં યોજી હતી. જીવોને ધર્મ માર્ગે વાળવામાં વાપરી હતી.

આ પુસ્તકમાં જિનભક્તિ, પ્રજાસેવા, સંસ્કાર સેવન વગેરેને પુષ્ટ કરનારી વાતો એવી સરળ રીતે રજુ થઈ છે કે વાંચકને

તેમાંથી શ્રેષ્ઠ સાત્વિક જીવનનું ઘડતર કરનારી વિપુલ સામગ્રી મળી રહે તેમ છે.

અભયકુમારની સુબુદ્ધિની લાખ-લાખ વાર અનુમોદના કરતા થઈએ તેવા અનેક પ્રસંગો આ પુસ્તકમાં સચોટ રીતે રજુ થયેલા છે.

**મહારાજા શ્રેણિક! પરમાત્મા શ્રી મહાવીર પ્રભુજીના અનન્ય ભક્ત! તેમની શંકાના ખુલાસા કર્મસત્તાના સામર્થ્યની સાથોસાથ ધર્મ મહાસત્તાના મહા સામર્થ્યને પુરવાર કરે છે.**

એક વિશાળ રાજ્યના મહામંત્રીમાં કેવી લાયકાત હોવી જોઈએ તેનું સ્પષ્ટ નિરૂપણ આ પુસ્તકમાં છે.

નારી જીવનના શ્રેષ્ઠત્વરૂપ સતીત્વનો આદર્શ મહાસતી ચેલ્લણાના ચરિત્ર નિરૂપણમાં છે.

ઉત્કૃષ્ટ જિનભકતનો આદર્શ મહારાજા શ્રેણિક પુરો પાડે છે.

પ્રતિપક્ષીના કાવાદાવા વચ્ચે પણ શુધ્ધ બુધ્ધિવાળો પુરૂષ કઈ રીતે વર્તે છે, તે હકીકતનું સુન્દર નિરુપણ આ પુસ્તકમાં છે.

જૈનત્વના ઉત્તમ સંસ્કારોના પ્રબળ પ્રભાવનું સુંદર વર્ણન છે.

પાપના માર્ગે પ્રગતિ ન થાય, પણ પીછેહઠ જ થાય એ સમયના મર્મને આ પુસ્તકમાં પૂજ્યશ્રીએ મનનીય રીતે વ્યક્ત કર્યો છે.

આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વેના ભારતની ભવ્ય સંસ્કારીતાની સુંદર છબીરૂપ આ પુસ્તકના પ્રત્યેક વિભાગમાં જીવન વિધાયક ગુણોની પ્રસ્થાપના છે.

વર્તમાન વિશ્વના ગમે તેવા બુદ્ધિશાળીની બુધ્ધિને પણ શુદ્ધ અને પાણીદાર બતાવવાની ક્ષમતા આ પુસ્તકના ચરિત્ર નાયકના જીવન પ્રસંગો ધરાવે છે, એમ બેધડક કબુલવું પડે તેવી આકૃતિ છે.

બુદ્ધિ બેધારી તલવાર જેવી છે. જ્યારે સુબુદ્ધિ નિયમા સ્વ–પર હિતરક્ષક છે એ સત્યનું સચોટ પ્રતિપાદન આ પુસ્તકમાં છે.

આ પુસ્તકના પઠનપાઠનથી જીવને જે ફળ વળે છે, જે બળ મળે છે, તેનો લાભ લેવાની સહુ ભાઈ–બહેનોને ભલામણ છે.

પુસ્તકમાંના પ્રત્યેક પ્રસંગ ઉપર ચિંતન કરવાથી બુધ્ધિ શુધ્ધ થાય છે. જે અસાધારણ સિધ્ધી ગણાય, કારણ કે શુધ્ધ બુદ્ધિની પ્રાપ્તિ થવી એ મહા પુણ્યોદયની નિશાની છે, પછી સર્વ મંગળો આપોઆપ આકર્ષાય છે.

માટે આ પુરુતકનો બહુમાનપુર્વક અભ્યાસ કરવાની સહુને વિનંતી છે.

ડીસા

૧૯૮૩

**મફતલાલ સંઘવી**

---

## બુદ્ધિના ચાર પ્રકાર

૧. **ઔત્પાતિકી**–અભયકુમારની જેમ સહેજે પોતાની મેળે ઉપજે તે. ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય.

૨. **વૈનયિકી**–ગુરુદેવનો વિનય. સેવા કરતાં કરતાં આવે છે, તે વૈનયિકી બુદ્ધિ કહેવાય.

૩. **કાર્મિકી**–કામ કાજ અને ક્રિયા કરતાં કરતાં ઉપજે તે કાર્મિકી બુદ્ધિ કહેવાય.

૪. **પારિણામિકી**–પૂર્વાપર અર્થનું અવલોકન કરતાં કરતાં આવે તે પરિણામિક બુદ્ધિ કહેવાય.

## નીચેના પ્રકાશનો મંગાવો અને વાંચો-વંચાવો !

| | | |
|---|---|---|
| ૧. | મહાશ્રાવક આનંદ અને બીજી પાંચ વાર્તાઓ | ૨-૨૫ |
| ૨. | અશોકદત્ત, સાગરચંદ્ર અને બીજી ચાર વાર્તાઓ | ૨-૦૦ |
| ૩. | દામનક અને બીજી બે વાર્તાઓ | ૨-૦૦ |
| ૪. | રાજદેવ-ભોજદેવ અને બીજી ચાર વાર્તાઓ | ૨-૦૦ |
| ૫. | શ્રેણિકરાજા અને બીજી ત્રણ વાર્તાઓ | ૨-૦૦ |
| ૬. | શાલિભદ્ર (દશ ચિત્રો સાથે) સળંગ જીવનકથા | ૩-૦૦ |
| ૭. | મહારાણી રોહિણી અને ગોસલની વાર્તા | ૨-૦૦ |
| ૮. | ધનદત્ત-ધનશ્રી અને બીજી ત્રણ વાર્તાઓ | ૨-૦૦ |
| ૯. | ઈશ્વર શેઠ અને બીજી પાંચ વાર્તાઓ | ૨-૦૦ |
| ૧૦. | ચંદન શેઠ અને બીજી પાંચ વાર્તાઓ | ૨-૦૦ |
| ૧૧. | શૂળીમાંથી સિંહાસન યાને શેઠ સુદર્શનની કથા | ૩-૦૦ |
| ૧૨. | બુધ્ધિવંતો અભયકુમાર. ૨૦૦ પેજ, ૪૨ ચિત્રો સાથે | ૬-૦૦ |
| ૧૩. | ભ. નેમિનાથ અને શ્રીકૃષ્ણ. ૨૫૦ પેજ, ૪૦ ચિત્રો સાથે | ૭-૫૦ |

### ભગવાન શ્રી નેમિનાથ અને શ્રી કૃષ્ણ :—

આ પુસ્તકમાં ત્રિકાળજ્ઞાની કથિક જૈન સાહિત્યની દૃષ્ટિએ આજથી છયાસી હજાર વર્ષ પૂર્વ થયેલ, ભગવાન શ્રી નેમિનાથ, કૃષ્ણવાસુદેવ, બલદેવજી તથા વસુદેવજી, યાદવો, પાંડવો અને કૌરવો તેમજ સત્યભામા રૂક્ષ્મણિ,શાંબ, પ્રનદયુમ્ન. જરાસંઘ, કંસ વિગેરેનો જીવન પરિચય તથા દ્વારિકાદહન તેમજ શ્રી કૃષ્ણના આગાણી ભવ સંબંધી વૃત્તાંતને બોધક-સરળ અને સુંદર શૈલીમાં આલેખાયેલ છે. ભાવવાહી અને પ્રાસંગીક ૪૦ સુંદર ચિત્રો તથા ૨૫૦ પૃષ્ઠનું દળદાર પુસ્તક હોવા છતાં પ્રચાર માટે કીંમત માત્ર ૭-૫૦ રૂપીઆ,

**૧ : પ્રાપ્તિ સ્થાન :**

**શ્રી ખાન્તિ-નિરંજન-ઉત્તમ જૈન જ્ઞાન મંદિર**

ઠે. શેખનો પાડો. ઝવેરીબાડ સામે, રીલીફ રોડ,

**અમદાવાદ-૩૮૦૦૦૧.**

શાસન સમ્રાટ
શ્રી વિજયનેમિસૂરીશ્વરજી
મહારાજ



શાસન પ્રભાવક
શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી
મહારાજ



પૂજ્યપાદ ગુરૂદેવ સેવાભાવી
મુનિરાજ
શ્રી ખાન્તિવિજયજી
મહારાજ




નિડરવક્તા, સાહિત્યાચાર્ય
પ્રવર્તક
મુનિશ્રી નિરંજનવિજયજી
મહારાજ



મંડવારીયાવાલા શ્રી મગનલાલ ગેમાજીની સુપુત્રી
સ્વર્ગસ્થ શ્રી નિર્મલાકુમારીના સ્મરણાર્થે

સૌમ્યમૂર્તિ પૂજ્યપાદ આચાર્ય

# શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ



જે ચન્દ્રથી અધિક શીતલ સૌમ્યમૂર્તિ,
ભવ્યોપકારરત ભદ્રિક ધર્મમૂર્તિ;
તે દેવસૂરિ કર પંકજમાં સમર્પું,
સદ્વૃત્તિ આ અભયમંત્રી તણું નિરાળું.

—પ્રવર્તક મુનિ-નિરંજનવિજય

શ્રી રમણીકલાલ હરજીવનદાસ માટુંગાવાલા તરફથી

# સંયોજક તરફથી ટુંકું નિવેદન

મારા પરમપૂજ્ય પરમોપકારી પૂજ્યપાદ ગુરૂદેવ સેવાભાવિ મુનિરાજ શ્રી **ખાન્તિવિજયજી મહારાજની** **સાથે** સંયોગાનુસાર પાંજરાપોળમાં વડીલોની આજ્ઞાનુસાર **અને** અન્ય અન્ય વડીલોની પાવન નિશ્રામાં વિ. સં. **૨૦૧૧થી** ૨૦૨૦ સુધીના દસ ચાતુર્માસ એકી સાથે થયા, ત્યારે પૂજ્ય ગુરૂદેવ મને અભયકુમાર સંબંધી સરળ–બોધક શૈલિમાં કથા લખવા પ્રેરણા કરી હતી. તે માટે મેં મારા વાંચનમાંથી કેટલીક ઉપયોગી સામગ્રી ભેગી પણ કરી હતી, પરન્તુ વચ્ચે વચ્ચે અનેકાનેક નાના મોટા ગ્રંથો તૈયાર કરવામાં ઘણો સમય પસાર થઈ ગયો.

મારા પરમપૂજ્ય ગુરૂદેવનો વિ. સં. ૨૦૨૧ના ફાગણ સુદી ૧૩ના શુભ દિવસે બાલી (રાજસ્થાન) મુકામે સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો, તેના થોડા દિવસ પહેલા પણ એમણે મને આ માટે ફરી યાદ દેવરાવી હતી. મેં તેમને કહ્યું હતું કે, જરૂર અભયકુમારનું બોધક પુસ્તક તૈયાર કરીશ.'

એ પરમ પૂજ્ય ગુરૂદેવની આંતરપ્રેરણા અને આશીર્વાદના યોગેજ આજે ૧૮ વર્ષે વિ. સં. ૨૦૩૯માં પછી પણ આ **બુદ્ધિવંતો અભયકુમાર** પુસ્તક તૈયાર થયું છે. મારી ૬૫ વર્ષની પ્રાકટ ઉંમરે અને 'ડાયાબીટીશ'

ના હુમલાના યોગમાં પણ નરમગરમ તબીયત હોવા છતાં પૂજ્ય ગુરૂદેવના આશિર્વાદથીજ હું આ પુસ્તક તૈયાર કરી શક્યો છું. **ગુરૂકૃપા હિ કેવલં, શિષ્યં પરં મંગલં.** એ હકીકત અહીં પુરવાર થાય છે.

મારી સમજફેર અથવા ભૂલથી શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો તે બદલ ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ યાચું છું અને વિનમ્રપણે વિનંતી કરું છું કે, સુજ્ઞ મહાનુભાવોની દષ્ટિમાં કોઈ ક્ષતી દેખાય તો મને જણાવવા કૃપા કરશોજી.

લિ.

શ્રી નેમિ અમૃત ખાન્તિ ચરણોપાસક
પ્રવર્તક મુનિ નિરંજનવિજય

વિ. સં. ૨૦૩૯
અષાડ સુદ ૧૪

C/o. શ્રી ખાન્તિ-નિરંજન-ઉત્તમ
જૈન જ્ઞાન મંદિર
શેખનો પાડો. ઝવેરીવાડ સામે,
રીલીફ રોડ, અમદાવાદ-૧.

**'મારે રાજ્ય ગ્રહણ કરીને સંસારમાં નથી ભટકવું'**
**બુદ્ધિવંતો અભયકુમાર કેવું આત્મલક્ષી જીવન જીવીને રાજ્યને અનેક રીતે માતબર કર્યું છતાં એ રાજ્યના મોહમાં ન ખેંચાયો, એ જાણવા માટે આ પુસ્તક જરૂર એક વખત વાંચો....**

# પ્રકાશક તરફથી....

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

મનુષ્ય જ્યારે પણ બિમાર પડે છે ત્યારે તે કોઈ વૈદ્ય કે ડોક્ટર પાસે જાય છે, રોગનું કારણ અને તેનાં નિવારણના ઉપાય બાબત પોતે અજાણ હોવાથી વૈદ્ય કે ડોક્ટરની સલાહ લઈને રોગ નિવારણના ઉપાય માટે પ્રયત્ન કરે છે, આ રોજની હકીકત આપણે સૌને અનુભવગમ્ય છે. તેવી રીતે આપણે ધર્મના સ્વરૂપ બાબત પણ અજાણ હોવાથી પરમ પૂજ્ય ગુરૂદેવ અને સંત મહાત્માઓ પાસે જઈને ધર્મની બાબતની યોગ્ય જાણકારી મેળવવીજ જોઈએ એટલે પરમ પૂજ્ય તારક સાધુભગવંતોનો સમાગમ કરવો જ રહ્યો.

આજે સમયનું પરિવર્તન થયું છે, 'માણસને આજે જાણે મરવાનો પણ સમય નથી' એવું ચારેકોર દેખાય છે, જાણે પ્રવૃત્તિ–પ્રવૃત્તિને પ્રવૃત્તિ, તે આર્ય સંસ્કૃતિના ઉપાસકો માટે કોઇ રીતે યોગ્ય નથી. સંયોગોના કારણે આપણે ઉપાશ્રય જઇને પરમ પૂજ્ય આચાર્ય ભગવંતો કે સાધુ ભગવંતોનો સમાગમ કરી શકતા ન હોઈએ તો, પોતાને અનુકૂળ સમયે સુંદર ધાર્મિક પુસ્તકો વાંચીને ધર્મનું યોગ્ય જ્ઞાન મેળવી લેવું જ જોઈએ, તે સિવાય પશુ જેવું આપણું જીવન થઈ જાય. માટે જ અનુભવીઓએ કહ્યું છે કે, **ધાર્મિક જ્ઞાન વિના મનુષ્યનું જીવન પશુ સરખું છે.**

ધાર્મિક જ્ઞાન મેળવી લેવું બહુજ જરૂરી છે. ધાર્મિક જ્ઞાન મેળવીને માણસ પોતાનું જીવન સુધારી શકે છે. ધર્મજ્ઞાનથી અનેક ભવ્ય જીવોના જીવન પરિવર્તન થયાં છે. સદાચારમય જીવન જીવવા માટે વાંચન બહુ જ ઉપકારી છે. અનેક કહેવતો આપણને જોવા મળે તેમ છે. જેવી કે 'જેવું વાચન તેવું જીવન' 'જેવી સોબત તેવી અસર' અને 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.'

આ પુસ્તકમાં બહુ ઉચ્ચ જીવન જીવનાર મહામંત્રી-શ્વર અભયકુમારનું જીવન વૃત્તાન્ત છે; જો આ પુસ્તક વાંચીને ચિંતન-મનન થાય તો આપણું જીવન ઉજ્જવળ પ્રકાશ તરફ દોરી જાય એ નિશ્ચિત છે. આજથી ૨૫૦૦ વર્ષ પહેલા થઈ ગયેલ ઐતિહાસિક વ્યક્તિ છે, એ વાત ધ્યાનમાં આવી જાય તો બસ. સંયોજક અને પ્રકાશકનો પરિશ્રમ સાર્થક થયા વગર ન રહે.

## આ પુસ્તકના સંયોજક કોણ?

આ પુસ્તકના સંયોજક-સર્જક "સાહિત્યપ્રેમી" ના નામે જૈનસમાજમાં પ્રસિદ્ધિને વરેલા અને જૈનસમાજમાં એ જ નામે પંકાયેલા છે. જૈન સમાજમાં અને જગતમાં 'શાસન સમ્રાટ" તરીકે ઉજ્જવળ કીર્તિને પ્રાપ્ત કરેલા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજના હસ્તદીક્ષિત-શિક્ષિત તેમજ એ પુણ્ય પુરુષના આશીર્વાદ પ્રાપ્ત કરનાર અને ૪૯ વર્ષોનો દીર્ઘ દીક્ષા પર્યાયવાળા સંયમી અને વિશાળ અનુભવવાળા છે,

ધર્માનુરાગી



**સ્વ. શ્રી રમણલાલ નાનાલાલ શાહ વડસ્માવાળા**

હાલ નગરશેઠનો વંડો, અમદાવાદ.

જન્મ : વિ. સં. ૧૯૭૯ના ફાગણ સુદ ૬

સ્વર્ગવાસ : વિ. સં. ૨૦૩૯ના અષાડ વદ ૧૪

જૈન સમાજમાં વધુ ને વધુ ધાર્મિક સાહિત્ય ફેલાય એવી વિશિષ્ટ ભાવના સેવતા. અને વર્ષોથી તે માટે સતત પ્રવૃત્તિમાં રહેતા, આબાલ-વૃદ્ધ સૌ જીવો ધર્મની સુંદર આરાધનામાં જોડાય અને ધર્મમાં કુશળ બનીને ધર્મપ્રેમી બને, તેમજ અતિ ભવ્ય સંસ્કારોથી જીવન સંસ્કારી બનાવે એવી શુભ ભાવનાથી આજ સુધી નાની મોટી લગભગ ૩૦૦ કથા વાર્તા તૈયાર કરી છે, તેમાંથી ઘણી કથા-વાર્તા આકર્ષક અને મનોહર ચિત્રો સાથે પ્રગટ કરાવી છે. અને હજી ઘણી કથા-વાર્તાઓ અપ્રગટરૂપે તેઓશ્રી પાસે તૈયાર કરેલી પડી છે.

ઉપકારક સાહિત્ય વધુ ને વધુ પ્રકાશિત થાય તે માટે પૂજ્યપાદ પ્રવર્તક મુનિરાજ શ્રી **નિરંજનવિજયજી મહારાજ સાહેબને** ખૂબ લગની છે તે માટે સતત પ્રવૃત્તિશીલ અને સદા જાગૃત છે. આવી લાગણીપૂર્વક લગની ધગશ સતત પ્રવૃત્તિના દર્શન આપણને બીજે જોવા મળવા મુશ્કેલ છે.

આજ સુધી તેઓશ્રીની સચિત્ર સાહિત્ય પ્રવૃત્તિ ઉત્તરોત્તર આગળ વધતી-પાંગરતી રહી છે. તેઓશ્રીની પરમ કૃપા દૃષ્ટિથી નાના મોટા વિદ્યાર્થીઓ ધર્મના સંસ્કારો પામી શક્યા છે. અનેક યુવાનોએ તેઓશ્રીના સતત પરિચયથી વૈરાગ્ય પામી સંયમનાં માર્ગે પણ પ્રયાણ કર્યું છે.

પ્રાન્તે અમારી આ શાસન સેવામાં યત્કિંચિત પણ જે જે મહાનુભાવો તન, મન અને ધનથી સહકાર આપી રહ્યા છે, તેમના અમે આભારી છીએ, જે રીતે આજ સુધી સહકાર આપી અમોને ઉત્સાહિત કર્યા છે. તેવો સહકાર સદા આપતા રહે તેવી નમ્ર વિનંતી છે.

આ પુસ્તકના પ્રુફો જોવામાં, પ્રેસ બાબત આંટીઘુંટી ઉકેલવામાં રસુલભાઈ એસ. શેખ અને અમારા ટ્રસ્ટી મે. ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઈનો સહકાર સાંપડયો છે. તેની નોંધ લઈએ છીએ.

આ પુસ્તક માટે ટૂંક પણ અતિ મહત્વનું થોડું વક્તવ્ય પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી**એ લખી આપ્યું છે અને પ્રસ્તાવના શ્રદ્ધા સંપન્ન શ્રી **મફતલાલ સંઘવી**એ ડીસાથી લખી મોકલી છે. તે માટે અમો તેમના ઋણી છીએ.

આ પુસ્તકમાં જાણતા કે અજાણતા કે પ્રેસ આદિના કારણે ભૂલ થઈ હોય તે જો વાંચક વર્ગને દેખાય તો અમને જણાવવા કૃપા કરશો તો તે ભૂલ સુધારવા લક્ષ આપીશું.

**—પ્રકાશક**

**શ્રી ખાન્તિ-નિરંજન-ઉત્તમ**
**જૈન જ્ઞાન મન્દિરના ટ્રસ્ટના**
**ટ્રસ્ટીઓ**

# શ્રી નેમિ અમૃત-ખાન્તિ નિરંજન ગ્રંથમાળા

**ના સચિત્ર પુસ્તકો સૌને હોંશે હોંશે વાંચવા ગમે તેવા મનોહર ચિત્રો અને મોટા ટાઈપમાં અને સરળ બોધક શૈલીમાં છપાયેલા.**

રૂા. પૈસા

૧ **સંવત પ્રવર્તક મહારાજા "વિક્રમ ચરિત્ર"** લગભગ ૧૦૦ ચિત્રો સહિત ૭૦૦ પાનાનું પુસ્તક ...૨૦-૦૦

૨ **સચિત્ર શ્રી 'ગૌતમ પૃચ્છા' ગુજરાતીમાં** ૧૦૦ જેટલા ચિત્રો, ૩૫ રોચક અને બોધક કથાઓ સહિત પાના ૪૦૦ ...૧૫-૦૦

૩ **ભગવાન શ્રી નેમિનાથ અને શ્રીકૃષ્ણ.** છયાસી હજાર વર્ષ પહેલાંના ઈતિહાસ દર્શક, સચિત્ર સળંગ વૃત્તાંત ૨૫૦ પેજ, ૪૦ ચિત્રો સાથે. ... ૭-૫૦

૪ **જ્ઞાન પાંચમીનો મહિમા** યાને **વરદત્ત ગુણમંજરી** સુંદર ૯ ચિત્રો સહિત બોધદાયક અને પ્રેરક બે જીવન કથા પેજ ૫૨ ... ૧-૫૦

૫ **મૌન એકાદશીનો મહિમા અને સુવ્રત શેઠ** ટુંકમાં નેમિનાથ ચરિત્ર અને સુવ્રત શેઠનું ચરિત્ર મનોહર ૧૪ ચિત્રો સહિત પેજ ૭૨ ... ૧-૫૦

૬ **શ્રી રોહિણી તપનો મહિમા** દર્શક વિસ્તારથી બોધક કથા મનોહર ૧૦ ચિત્રો સાથે, પાના ૬૪ ... ૧-૫૦

૭ **મંગળ કળશ સચિત્ર** ધર્મ આરાધનાના મહિમા ઉપર બોધક રોમાંચ શૈલીમાં ચિત્રો ૧૪ સાથે પાના ૫૪ સૌને વાંચીને સમજવા જેવી ... ૧-૫૦

૮ **શાલીભદ્ર** મોટા ટાઈપમાં સુંદર ચિત્રો સાથે સવિસ્તર કથા પાના ૮૦ ... ૩-૦૦

૯ **પાંડવોને પ્રતિબોધ અને પાંચ અદ્‌ભુત દૃશ્યો** કલિકાલના ભાવને દર્શાવનારના ટુંકા પાંચ દૃષ્ટાંતો સમજવા લાયક ઈતિહાસિક વાર્તા છે. પાના ૩૨ ... ૧-૦૦

૧૦ **પુણિયો શ્રાવક અણમોલ સામાયિક** અને જેન શાસનમાં પ્રસિદ્ધ પુણિયા શ્રાવકની બોધક શૈલીમાં કથા વિસ્તારપૂર્વક ચિત્રો ૬ સાથે પાના ૩૨ ... ૧-૦૦

૧૧ **હેમુ-વિક્રમાદિત્ય સચિત્ર** ઈતિહાસિક કથા ... ૦-૮૦

૧૨ **સામયિકનો મહિમા સચિત્ર** બોલક સુંદર કથા... ૦-૮૦

૧૩ **કઠીયારા મુનિવર સચિત્ર** સમજવા જેવી કથા ... ૦-૮૦

પ્રાપ્તિસ્થાન :

(૧) **શ્રી ખાન્તિ-નિરંજન-ઉત્તમ જૈન જ્ઞાન મંદિર**
શેખનો પાડો, ઝવેરીવાડ સામે, રીલીફ રોડ.
**અમદાવાદ-૩૮૦૦૦૧.**

(૨) **શ્રી જયેન્દ્રભાઈ રતીલાલ શાહ**
૧૯૯૧, નાગજી ભુદરની પોળ. માંડવીની પોળ,
માણેકચોક, **અમદાવાદ-૩૮૦૦૦૧.**

(૩) **શ્રી મોતીલાલ બાબુલાલ શાહ**
રતનપોળ, ફતેહભાઈની હવેલી,
**અમદાવાદ-૩૮૦૦૦૧**

**મુંબઈ, અમદાવાદ, પાલિતાણા શંખેશ્વર વિગેરે પ્રસિદ્ધ જૈન બુકસેલરોને ત્યાં પણ અમારા પ્રકાશનો મળશે.**

ધર્માનુરાગી



શ્રીમતી લલીતાબેન રમણલાલ શાહ

# બુદ્ધિવંતો અભયકુમાર


| | | |
|---|---|---|
| ૧ | રિસાઈને રાજગૃહીથી શ્રેણિકકુમારનું પરદેશ ગમન. | ૨ |
| ૨ | શ્રેણિકનો પુણ્ય પ્રભાવ. | ૪ |
| ૦ | શ્રેણિકકુમાર સાથે સુનંદાના લગ્ન. | ૬ |
| | બેનાતટનગરમાં પરદેશી તરીકે પ્રસિદ્ધિ. | ૭ |
| ૩ | શ્રેણિકની શોધખોળ. | ૮ |
| ૦ | બેનાતટથી રાજગૃહી તરફ રવાનગી. | ૯ |
| ૪ | શ્રેણિકનો રાજગૃહીમાં રાજ્યાભિષેક. | ૧૦ |
| ૫ | બેનાતટ નગરમાં અભયનો જન્મ. | ૧૩ |
| ૦ | અભયકુમારની અદ્‌ભૂત બુદ્ધિ જોઇને પંડિતજી નવાઈ પામી ગયા. | ૧૪ |
| ૦ | અભયકુમાર દાદાની દુકાને બેસતો થયો. | |
| ૦ | જૈનત્વના વારસાગત સંસ્કાર મળ્યા. | |
| ૦ | બેનાતટમાં અભયની ખૂબ પ્રસિદ્ધિ. | ૧૫ |
| ૦ | પિતા બાબત સુનંદાને પૂછપરછ. | |
| ૦ | ભદ્રશેઠના ઘરમાં પાટડા ઉપરના લેખનો ભેદ ઉખેળ્યો. | ૧૭ |
| ૦ | માતા-પિતાની સંમતિ લઈ રાજગૃહ તરફ માતા-પુત્રનો પ્રયાણ. | ૧૮ |
| ૦ | રાજગૃહીનગરમાં આવતાં જ અભયકુમાર ચમક્યા. | |
| ૬ | અભયકુમારનું બુદ્ધિ કૌશલ્ય અભયકુમારની વાતચિત્તિથી સહુને આશ્ચર્ય થયું. | ૧૮ |
| ૦ | રાજગૃહીમાં કૂવામાંથી અભયકુમાર વીંટી કાઢી આપે છે. | ૨૦ |
| ૦ | મહારાજા શ્રેણિકનો અભયકુમાર સાથે વાર્તાલાપ. | ૨૧ |
| ૦ | રાજગૃહીના ઉદ્યાનમાં સુનંદાનો ભેટો. | |
| ૦ | રાજગૃહી નગરમાં માતા-પુત્રનો સમારોહ પૂર્વક પ્રવેશ. | ૨૨ |
| ૭ | મહામાત્ય તરિકે અભયકુમારની નીમણુંક. | ૨૨ |
| ૦ | ગૌતમ બુદ્ધ સાથે શ્રેણિક રાજાનો ભેટો. | ૨૩ |
| ૦ | મહામંત્રીશ્વર બની અભયકુમારે આખાય મગધની રાજ્યધુરા સંભાળી લીધી. | ૨૩ |

| | | |
|---|---|---|
| ૮ | અભયકુમારે રાજ્યવહીવટમાં મેળવેલી સિદ્ધિ. | ૨૫ |
| ૯ | શ્રેણિકરાજા સુજેષ્ઠા રાજકુમારી સાથે લગ્ન કરવા ભાવના. | ૨૫ |
| ૦ | વિગત જાણી આપ નિશ્ચિત રહો. અભયકુમારે રાજાને આશા આપી. | |
| ૦ | સુજેષ્ઠાને મેળવવા ગોઠવેલ બાજી. | ૨૫ |
| ૦ | અભયકુમાર વિશાળાનગરીમાં અત્તરના વેપારી બન્યા. | ૨૬ |
| ૦ | અભયકુમારે દાસીઓ દ્વારા સુજેષ્ઠાનો સંપર્ક. | ૨૬ |
| ૦ | રાજકુમારી સુજેષ્ઠાના હરણ માટેની તૈયારી. | ૨૮ |
| ૯ | સુજેષ્ઠા રાજકુમારીના હરણ માટે મહારાજા શ્રેણિકનું વિશાળાનગરીમાં આવવું. | ૨૯ |
| ૦ | અલંકાર લેવા સુજેષ્ઠાનું જવું અને ચેલ્લણા રાજ–કુમારીનું હરણ કરી શ્રેણિક રાજા રવાના થયા | ૩૦ |
| ૦ | ચેલ્લણાનું વિધિપૂર્વક શ્રેણિકરાજા સાથે લગ્ન. | ૩૧ |
| ૧૦ | ભગવાન મહાવીરનું રાજગૃહીમાં આગમન. | ૩૨ |
| ૦ | મહાવીરપ્રભુની ધર્મદેશના સાંભળવા ગયેલા શ્રેણિકમહારાજા | ૩૩ |
| ૧૧ | મહારાણી ચેલ્લણાને દોહદ થવો. | ૩૫ |
| | દોહદની પૂર્તિ માટે અભયકુમારે અટ્ટમથી દેવની આરાધના કરી. | ૩૫ |
| ૦ | દેવ દ્વારા એક સ્થંભવાળા મહેલ સાથે સર્વ ઋતુમાં ફળદાયક ઉદ્યાનનું નિર્માણ. | ૩૬ |
| ૧૨ | નૂતન ઉદ્યાનમાંથી કેરીઓની ચોરી. | ૩૭ |
| ૦ | અભયકુમારે ચોરને શોધવા માટે મહામંત્રીની તપાસ. | ૩૮ |
| ૧૩ | મહામંત્રીશ્વરે લોકો આગળ રોમાંચ કથા કહી. | ૩૯ |
| ૦ | ઔત્પાતિકી બુદ્ધિના બળે ચોર શોધી કાઢયો. | ૪૨ |
| ૦ | અભયકુમારે ચોરને મહારાજા આગળ હાજર કર્યો. | ૪૩ |
| ૦ | મહામંત્રીશ્વર અભયકુમારની અદ્દભૂત બુદ્ધિ અને કળા જોઈ સૌ નવાઇ પામ્યા. | ૪૪ |
| ૦ | અભયકુમારે ચોર પાસે જે આકર્ષિણી વિદ્યા છે, તે શ્રેણિક મહારાજાને શીખી લેવા વિનંતી. | ૪૪ |

૦ ઘણા પ્રયત્નો છતાં વિદ્યા શ્રેણિકને મ્હોંએ ચડતી નથી.

૦ અભયકુમારે કહ્યું. 'રાજન ! વિદ્યા જો વિનય પૂર્વક ગ્રહણ કરાય તો જ જલ્દી આવડે.' ૪૫

૦ ચોરને સિંહાસને બેસાડી રાજા નિચે બેઠા. જેથી વિદ્યા તરત જ મોઢે ચડી ગઈ. ૪૫

૦ કેરીની ચોરી બદલ તેને શિક્ષા કરવાનું રાજાએ કહ્યું.

૦ અભયકુમાર હસીને બોલ્યા: 'રાજન્ ! હવે તો આ ચોર નથી, આપના વિદ્યા ગુરૂ થયા.'

૦ અભયકુમારના વચને ચાંડાલને ખૂબ ધન આપી વિદ્યા ગુરૂ માની તેનું બહુમાન કર્યું. ૪૬

૧૪ અનાર્ય દેશના આર્દ્રકુમારની અભયકુમાર સાથે મૈત્રીની વાંચ્છા. ૪૮

૦ આર્દ્રકુમાર તરફથી પત્ર ઉત્તમ વસ્તુઓની ભેટ ૪૯

૦ અભયકુમારે પારિણામિક બુદ્ધિથી પત્રના ઉત્તર સાથે પરમાત્માની ભવ્ય મૂર્તિ આર્દ્રકુમારને મોકલી.

૦ અભયકુમારના પત્ર સાથે આર્દ્રકુમારે કયારે ન જોયેલ અદ્દ્ભૂત વસ્તુ જોઈ નવાઈ પામ્યો.

૦ વિચાર કરતાં આર્દ્રકુમારને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ૫૦

૦ અભયકુમારને એક કરોડને એકોતેર ગામનો વહીવટ હોવા છતાં એક દિવસ પણ સામાયિક મૂકતા નહિ. ૫૧

૦ "જેને લાગ્યો આત્માનાં રંગ તેનો થયો મિથ્યાત્વનો ભંગ" એમ સર્વજ્ઞ ભગવંતે કહ્યું છે. ૫૧

૦ પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજીનું રાજગૃહી નગરીમાં આગમન.

૦ અમૃતમય ધર્મ દેશના શ્રવણથી અનેક ભાવિકો ભાગવની દીક્ષા ગ્રહણ કરે.

૦ એક ગરીબ–કઠીયારાની ભાગવતી દીક્ષા. ૫૨

० રાજગૃહીમાં કઠીયારાની દીક્ષા નિમિત્ત પામી અજ્ઞાની પામર જીવો દીક્ષા માટે હીન શબ્દો બોલી નિંદાના, શબ્દો, સાંભળી અભયકુમારને પારાવાર દુઃખ.

० નિંદા નિવારણ માટે ગંભીર વિચારણા, નગરમાં શાહી ઢંઢેરો, સભામાં સવા લાખના રત્નો ભેટ અપાશે. ૫૯

० અમૂલ્ય રત્નની સાથે વ્રતોની મહત્તા સ્થાપી. ૬૦

० દીર્ઘ દૃષ્ટિવાળા મહામંત્રીશ્વરે એક પળમાં આખાય નગરનું વાતાવરણ બદલી નાંખ્યું: ૬૪

० રાજગૃહી દીક્ષાની નિંદાને સ્થાને અનુમોદના સૌના હૈયામાં થયું કે "રાગ–દ્વેષના ધક્કાથી બચાવી લેનાર ભાગવતી દીક્ષાના ભાવ આપણા મનમાં પણ જાગો."

० અભયકુમારે નિર્ભયતાપૂર્વક રાજ–પ્રજા ઉપયોગી અનેક કાર્યો કરીને લોકોને આશ્ચર્યચકિત કરી નાંખ્યા. ૬૫

० મગધાધિપતિ શ્રેણિકે પોતાની બેન જે વિદ્યાધર સાથે પરણાવેલ તેની પુત્રી સુસેના અને બીજી ઉત્તમ કેટલીક કન્યાઓ સાથે અભયકુમારના લગ્ન કરાવ્યા. ૬૫

૧૫ ચંડપ્રદ્યોત રાજા રાજગૃહી પર ચડી આવે છે. ૬૬

० "પુષ્પો વડે પણ યુદ્ધ કરવું નહિ, તો પછી તીક્ષ્ણ શસ્ત્રો વડે તો યુદ્ધ માટે કહેવું જ શું?" ૬૭

० રસાયણનો પ્રયોગ કરાય તો સર્વ રોગો ક્ષણવાર નાશ પામે છે, તેવી રીતે હું ઈચ્છિત કાર્ય સિધ્ધ થાય તેવા ઉપાય કરીશ માટે અભયનું બુદ્ધિ કૌશલ્ય જુઓ! આપ નિશંક રહો કાંઈ ઉકેલ કાઢી લઈશ. ૬૭

૧૬ અભયકુમારનું ચિંતવન: ૬૮

० અભયકુમાર મહામંત્રીશ્વરે ભેદનીતિથી લાવેલ ઉકેલ ૭૦

० ભક્તિ ભર્યો અભયનો પત્ર વાંચી ચંડપ્રદ્યોત રાજાએ યોગ્ય તપાસ કરાવી. ૭૧

° ચંડપ્રદ્યોત રાજા એકાએક રાતોરાત નાશી જાય છે.'
'છે બુધ્ધિ કોના બાપની ?'
° સામંતો વિગેરે પણ ઉજ્જયિની પહોંચી ચંડપ્રદ્યોત
રાજાને મળ્યા. એમ કેમ નાશવું પડયું ? સૌને મહા-
મંત્રીશ્વર અભયકુમારની બુદ્ધિનો ચમત્કાર જાણી શકયા. ૭૨
° રાજગૃહી નગરીમાં બુધ્ધિવંતા અભયકુમાર મહામંત્રીશ્વર
ની જયજયકાર બોલાણી.
° ચંડપ્રદ્યોત રાજા મનોમન સમસમી ગયા.
૧૭ અભયકુમારની બુધ્ધિ જોઈને તેને કોઈ પકડી લાવવા
તૈયાર નથી.
° અન્તે નૃત્ય કરનારી ગણિકા રત્નમંજરીએ મંત્રીશ્વરને
પકડી લાવવા વાત કબુલી.
° પૂ. સાધ્વીજી મહારાજ પાસે જૈનધર્મનો અભ્યાસ કરી
જૈનધર્મની ક્રિયાવિધાનમાં જાણકાર થઈ. ૭૪
° તીર્થયાત્રાનાં બહાને રાજગૃહીમાં રત્નમંજરીનું આગમન.
° રત્નમંજરી સાથે અભયકુમારનો ભેટો. પોતાના રાજ-
મહેલમાં પારણા માટે રત્નમજરીને નિમંત્રણ.
૧૮ મહામંત્રીશ્વરને પોતાને ત્યાં જમવા માટે આમંત્રણ.
° રત્નમંજરીએ કરેલી અપૂર્વ ભકિત અને અવસર પ્રાપ્ત
થતા ચન્દ્રહાસનું અભયકુમારને પાન કરાવ્યું. ૭૫
° નશાથી મૂર્છિત થઇ અભયકુમાર ઢળી પડયા.
° હાથપગ બાંધીને અભયકુમારને ઉજ્જયિની તરફ
ગણીકાની રવાનગી થઈ.
° ઉજ્જયિનીમાં અભયકુમારને લાવી ગણીકાએ ચંડપ્રદ્યોત
રાજાને સોંપ્યા.
• મહામંત્રીશ્વરે ચંડપ્રદ્યોત રાજાને જોઈ નવાઈ પામ્યા.
• પોતાની બુધ્ધિના પ્રભાવે ચંડપ્રધોતને રાજી કર્યા.

૧૯ રાજા ચંડપ્રદ્યોત સભાના ચાર રત્નો. ૭૮

અવસર પામીને ચંડપ્રદ્યોત રાજાને પ્રભાવિત કરી છુટા છૂટા અભયકુમારને ચાર વરદાન આપ્યા.

૨૦ અભયકુમારે બુદ્ધિના પ્રભાવે અદ્‌ભુત બુદ્ધિના પ્રયોગથી (લાડુમાં દૃષ્ટિવિષ સર્પ બતાવ્યો.) ૮૧

૨૧ રાજપુત્રી માટે સંગીત શાસ્ત્રીની શોધ. ૮૪

૨૨ ગજબંધન ૮૮

૨૩ અગ્નિ શાન્ત કરવાનો અદ્‌ભુત ઉપાય. ૮૯

૨૪ ઉજ્જયિની નગરીમાં મહામારીનો ઉપદ્રવ ઉત્પન્ન થયો. તેનો ઉપાયનો પ્રશ્ન. ૯૦

૨૫ અભયકુમારના અદ્‌ભુત પ્રયોગથી રોગ શાન્તી થઈ. ૯૧

૨૬ અભયકુમારે એક સાથે ચારે વરદાનની માંગણી. ૯૨

० ચંડપ્રધોત રાજા પોતે આપેલા વરદાન તે પુરા નહોતા કરી શકતા. તેથી મુંઝાયા.

० મહામંત્રીશ્વરની બુદ્ધિનો અદ્‌ભૂત વ્યુહ સાંભળી રાજા નવાઈ પામી ગયો.

० ચંડપ્રદ્યોતે પોતાની હાર કબુલી અને કહયું : 'અભય તારી બુધ્ધિ આગળ બીજા કોઇની બુધ્ધિ ચાલે તેમ નથી. અમે હાર્યાં તું જીત્યો.' ૯૪

० માન સન્માનપૂર્વક ચંડપ્રધોતે આપેલી વિદાય

૨૭ અભયકુમારનું સ્વદેશ (રાજગૃહી) પાછા ફરવું. ૯૬

અભયકુમાર શ્રેણિકના ચરણોમાં ઝુકી પડયા. ૯૭

० મહામંતીશ્વરના આગમન પ્રસંગે પ્રજાએ અમૂલ્ય ભેટણા ધર્યા.

० શ્રેણિકરાજાએ અભયકુમારને ધન્યકુમારનો પરિચય આપ્યો. ૧૦૦

० ધન્યકુમારની હવેલીએ અભયકુમારનું જવું અને પરસ્પર વાર્તાલાપ ૧૦૧

૨૮ રાજગ્રહમાં રોહિણીય ચોરનો ત્રાસ ૧૦૩

૦ રોહિણીય ચોરને ભાગતા પગમાં કાંટો ભોંકાયો. ૧૦૫

૦ કાંટો કાઢવા જતા પ્રભુ મહાવીરના ચાર તત્ત્વના વચનોનો શ્રવણ થાય. ૧૦૬

૨૯ અભયકુમારે કરાવેલ દેવલોકની રચના ૧૦૮

૩૦ રોહિણીય ચોરની વૈરાગ્ય ભાવના ૧૧૨

૦ શ્રી મહાવીરપ્રભુની ધર્મદેશના

૦ રોહિણીય ચોરનો મોટી ધામધુમથી શ્રેણિક રાજાએ દીક્ષા મહોત્સવ કર્યો. ૧૧૪

૦ અભયકુમારનો ઉજ્જયણી નગરીએ ગમન ૧૨૦

ચંડપ્રદ્યોત રાજાના અપહરણ માટે અભયચન્દ શેઠ બની પૂર્વ તૈયારી રૂપે અદ્દભુત જાળ પાથરી.

૩૧ ચંડપ્રદ્યોત રાજાનું અપહરણ ૧૩૩

૩૨ ચંડપ્રદ્યોત રાજાને સાથે લઈ રાજગૃહીમાં પ્રવેશ ૧૪૨

૦ ચંડપ્રદ્યોત રાજાનો અપૂર્વ સન્માન મૈત્રી સંબંધ ૧૪૪

૩૩ મહામંત્રીશ્વર નિત્ય કાર્યક્રમ ૧૫૦

૩૪ અભયકુમારનું બુદ્ધિચાતુર્ય ૧૫૩

૦ પાંચ દિવસ માટે રાજકારભાર શ્રણિક રાજાએ અભયકુમારને સુપ્રત કર્યો.

૦ જગતમાં સૌથી વધુ મૂલ્યવાન વસ્તુ કંઈ ?

૦ સૌથી મૂલ્યવાન વસ્તુ કંઈ એની સાબિતીરૂપ દ્રવ્યના ઢગલા બતાવ્યા. ૧૬૦

૦ ભગવાન મહાવીરની ધર્મદેશનામાં

૩૫ જ્ઞાનક્રિયા ઉપર આંધળા–લંગડાનું દષ્ટાંત ૧૬૧

૩૬ પુણ્ય–પાપનું દષ્ટાંત ૧૬૪

૦ ધર્મિષ્ઠ અને પાપીષ્ટ એમાંથી કોની સંખ્યા વધુ ? ૧૬૫


૩૭ મહારાજા શ્રેણિકની વિચારણા ૧૬૯

૩૮ અભયકુમારના ગતભવની વિગત ૧૭૩
૩૯ ભ. મહાવીરનું રાજગ્રહીમાં આગમન ૧૭૭
૪૦ મંત્ર શિરોમણી શ્રી નવકાર ૧૭૭
૪૧ નવકારમંત્રની મહિમા દર્શક કથા ૧૭૯
૪૨ હે કૃપાનાથ! આ કૃશ શરીરવાળા મહામુનિ કોણ? ૧૮૨
૪૩ અંગારા પાડનારનું દૃષ્ટાંત ૧૮૪
૪૪ ઉદાયન મુનિ છેલ્લા રાજર્ષિનું વર્ણન ૧૮૫
૦ મહારાજા શ્રેણિકે અભયકુમારને વાત કરતાં કહ્યું, 'હે મંત્રીશ્વર! હવે આ રાજ્ય સિંહાસન ઉપર બેસીને રાજ્ય સંભાળી લો.' ૧૮૭
૦ 'હું તો પ્રભુ મહાવીર પાસે દીક્ષા લેવાની ભાવના સેવું છું' આપ મહાવીરના પરમ ભક્ત છો. આપને વધુ શું કહેવાનું હોય?' ૧૮૮
૦ મોક્ષાર્થી શ્રાવક મનમાં ચિંતવ્યા કરે છે આજકાલમાં આ સંસાર છોડવા જેવો છે.
૪૫ ભ. મહાવીર રાજગ્રહી નગરે પધાર્યા.
૪૬ મહારાજા શ્રેણિક અને મહારાણી ચેલ્લણા સાથે વંદના કરવા જવું. ૧૮૯
૪૭ શ્રેણિક મહારાજા મનમાં ને મનમાં વહેમાયા. ૧૯૨
૪૮ વહેમના નિવારણાર્થે પ્રભુને પૂછવા નિર્ણય
૪૯ અભયકુમારને અંતઃપુર બાળી નાખવાની આજ્ઞા ૧૯૪
૫૦ વિલક્ષણ બુદ્ધિ અભયકુમારે આજ્ઞાનું કરેલ પાલન
૫૧ પ્રભુમહાવીર પાસે અભયકુમારે મનના ઉલ્લાસે લીધેલી દીક્ષા.
૫૨ સમ્યગ પ્રકારે દીક્ષાનું પાલન કરી સમાધિપૂર્વક પંડીત મરણ પામી સ્વાર્થસિદ્ધિ નામના પાંચમા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.
૫૩ મનુષ્યનું એક અવતાર પ્રાપ્ત કરી મોક્ષે જશે.

૦ × ૦

# સચિત્ર ઉત્તમ વાર્તા સંગ્રહ

પુસ્તક-૧૧



## બુદ્ધિવંતો અભયકુમાર

શ્રેણિકરાજા નાનપણથી ઘણા બુદ્ધિશાળી હતા. તેમના પિતા પ્રસેનજિત મહારાજાને અનેક રાણીઓ હતી, ને એકસો પુત્રો હતા. સોએ પુત્રોમાં રાજ્યને યોગ્ય કોણ છે? તેની અનેકવાર તપાસ-પરીક્ષા લીધી. તે બધીય પરીક્ષા શ્રેણિક રાજ્ય સંભાળી શકે છે, તેમાં શક નથી; છતાં શ્રેણિકને અભિમાન થઈ આવે અથવા ભાઇઓ તરફથી દ્વેષ કે ભય ઉભો થાય,



પ્રસેનજિત રાજા પોતાની સભામાં વિચાર કરતા બેઠા હતા.

એ કારણથી પ્રસેનજિત મહારાજાએ શ્રેણિકકુમારની જરાય પ્રશંસા કરી નહિ.

શ્રેણિકનું પરદેશગમન :-

એક વખતે પ્રસેનજિત મહારાજાએ બધાય રાજકુમારોને ગામ-નગર આદિ આપીને રાજી કર્યા. પણ શ્રેણિકકુમારને કશું જ આપ્યું નહિ, તેથી તેને લાગી આવ્યું. મનોમન કંઇક વિચાર કરીને કોઈને પણ કીધા વગર એક રાત્રે શ્રેણિકકુમાર ઘરેથી નીકળી ગયો. પોતાના નશીબ ઉપર ભરોસો રાખી નાના મોટા ગામોમાં ફરતા ફરતા નવા નવા અનુભવો મેળવતો, એક અટવીમાં શ્રેણિકકુમારને ભીલ્લ કુમારી મલી, તેની સાથે તેના સંબંધીઓ દ્વારા સંબંધ થયો. થોડા દિવસ ત્યાં રહીને તેનાથી છૂટો પડયો, તે હવે પર્વતો ને અટવીઓ પાર કરીને બેનાતટ નગરે આવ્યો. બજારમાં ફરતા ફરતા અનેક હાટો-દુકાનો નિહાળતો. ભદ્ર નામના શેઠની મોટી દુકાન જોઇને તેમના ઓટલે તે આરામ કરવા બેઠો.

શેઠની દુકાને અણધાર્યો ગ્રાહકોનો સમુહ આવ્યો. જોતજોતામાં ગ્રાહકોની ભીડ જામી ગઈ. એક ગ્રાહકને માલ આપે છે, ત્યાં બીજા ગ્રાહકો આવી પહોંચ્યા. ભદ્રશેઠ અને તેના નોકરો માલ આપે છે ત્યાં તો બીજા ગ્રાહકો આવવા માડયાં, એકાએક ગ્રાહકો આવવાથી ભદ્રશેઠ ખૂબ જ આકુળ-વ્યાકુળ

બની ગયા. થોડી જ વારમાં શેઠને કોઈ દિવસ ન થયો, હોય એટલો બધો વકરો, આજે અચાનક થયો. સાંજ પડવા આવી. શેઠનો દુકાનની પાસે જ ઘરમાં રહેવાસ હતો. સાંજે શેઠ વાળુ કરવા ઉઠયા.

શેઠ ઘરે જતા એટલે બેઠેલા શ્રેણિકકુમાર ઉપર દૃષ્ટિ પડી. શ્રેણિકના મુખ પર રાજ-તેજ ચમકતું હતું. ભાગ્ય કદિ છાનું રહેતું નથી. ભદ્રશેઠે વિવેકથી પૂછ્યું કે, 'ભાઈ! પરદેશી લાગો છો? કોના અતિથિ થશો?' શ્રેણિકે હસતા હસતા કીધું: 'આપના જ ઘરે' તે સાંભળી શેઠે મનોમન વિચાર્યું: 'તારી દીકરી માટે ઘેર ઉત્તમ વર આવશે, ચિંતા ન કર.' એવું આજે જે સ્વપ્નું આવેલ તે સાચું થતું જણાય છે.

શ્રેણિકકુમાર સાથે કેટલીક પ્રાસંગિક વાતચીત કરીને શેઠે કહ્યું. 'ચાલો વાળુ કરવા, સંધ્યા પહેલા જમી લઇએ. હું હંમેશ ચઉવિહાર કરૂં છું.'

શ્રેણિકકુમાર સમજી ગયા શેઠ જૈન ધર્મના પ્રેમી છે. વિવેક સપન્ન છે. આનાકાની કે મનવાર કરાવ્યા સિવાય તે શેઠ સાથે તેને ઘરે આવ્યા. શેઠે સારો આવકાર આપી આદરપૂર્વક તેને જમા ડયો. શેઠે વાળું કરી બન્ને સાથે નગરના દેરાસરે દર્શન કરવા ગયા.

વિધિપૂર્વક દેવ દર્શન કરી પાછા ઘરે આવ્યા. શેઠે સાંજનું પ્રતિક્રમણ કર્યું. ઘરના સહુ સાથે બેસી

ધર્મચર્ચા કરતા બેઠા, શ્રેણિકે તેમાં સૂર પૂરાવ્યો. તે બુદ્ધિશાળી તો હતાજ. પરસ્પર ધર્મગોષ્ટિમાં સૌએ સૂર પૂરાવ્યો વાતચીતમાં સહુને આનંદ આવ્યો.

શ્રેણિક માટે તેમની પુત્રીએ પથારી કરી આપી નવકાર મહામંત્રના સ્મરણ સાથે શ્રેણિક સૂતા.

પ્રભાતે ભદ્ર શેઠ છેલ્લી રાતે ઊઠીને પ્રભાતનું પ્રતિક્રમણ કરી પછી સ્નાન કરી પરમ તારક શ્રી જિનેશ્વર પ્રભુના દેરાસરે જઇ અષ્ટપ્રકારી પૂજા કરી આવ્યા. સવાર થતાં શ્રેણિકકુમાર પણ ઊઠયા નિત્યક્રમમાં નવકારવાલી એક ધ્યાનથી ગણીને જૈન દેરાસરે દર્શન કરી આવ્યા. ત્યાં ભદ્ર શેઠ પૂજા કરી આવી પહોંચ્યા. કુમાર સ્નાન કરી તૈયાર થઈ ગયા હતા.

ભદ્ર શેઠે અને શ્રેણિકકુમારે બન્ને નાસ્તા પાણી કરી બેઠા ત્યાં ગ્રાહકોની ભીડ થવા માંડી. શ્રેણિક શેઠને દુકાનના કાર્યમાં ઝડપથી મદદગાર થવામાંડયા. શ્રેણિકની હોંશિયારી જોઇ શેઠ ખૂબ રાજી થયા. શેઠે પોતાના સગાની જેમ તેને રાખી લીધો.

શ્રેણિકનો પુણ્ય પ્રભાવ :-

ભદ્રશેઠના કેટલાક દિવસો આનંદમાં વીત્યા. શ્રેણિકના આવ્યા પછી શેઠને વેપાર-પાણી ખૂબ વધ્યા, શેઠ અને કુમાર બન્ને સાથે બેસી બુદ્ધિ વધે તેવી અલક મલકની વાતો કરતા, સમય કયાં વીત્યો તેની પણ ખબર ન પડી. દિવસો જતાં શેઠને ત્યાં ધનના ઢગલા થવા લાગ્યા. ઘરાકી વધતી

જાય છે તેમ કમાણી પણ વધી. સગા વહાલા અને સંબંધીઓમાં ભદ્ર શેઠનો મોભો વધવા માંડયો.

નગરમાં ભદ્ર શેઠની શાખ વધી. રાજ દરબારે સન્માન મળવા માંડયું. એમ યશ અને કીર્તિ ચારે બાજુ ફેલાવા લાગી. તક જોઇ પોતાની પુત્રી સુનંદા જે બહુ જ સંસ્કારી અને ગુણવતી છે તેને માટે પોતાની પત્નિ સાથે યોગ્ય વાતચીત કરી લીધી. પતિ-પત્નિએ પરસ્પર કેટલુંક વિચારી લીધું કે, આપણી સુનંદા માટે સર્વ રીતે આ પરદેશી કુમાર યોગ્ય છે, શેઠ માનતા હતા કે પુત્રી બાબત સ્ત્રીઓની સલાહ પ્રથમ જરૂરી છે. જેથી પોતાની પત્ની સાથે પ્રથમ વિચારીને નિર્ણય કર્યો.

એક શુભ દિવસે તક જોઇને ભદ્ર શેઠે શ્રેણિક કુમાર આગળ વાત કરતાં કહ્યું કે "હે ભાગ્યશાળી! મારી વહાલી પુત્રી સાથે પાણિગ્રહણ ન કરો?"

શ્રેણિકકુમારે કહ્યું: "શેઠજી! આપ મારૂં કુળ પણ જાણતા નથી. હું એક પરદેશી છું. અહિં મારે ઘર બાર નથી. આપથી હું અજાણ્યો છું, વળી આપ અનુભવી છો. આ બાબત ખૂબ વિચારવું જોઇએ."

ભદ્ર શેઠે કહ્યું: કુમાર શ્રી! મેં મારા સગા-સંબંધીઓ અને સ્નેહીઓ સાથે વિચારી લીધું છે. તમે જ્યારે આવ્યા તે જ દિવસે મને સ્વપ્ન આવેલ

હતું અને કહ્યું હતું "તારી દીકરી માટે ઘેર ઉત્તમ વર આવશે, ચિંતા ન કર." આવો ઉત્તમ શુભ સંકેત પ્રથમ દિવસે જ થયેલ માટે આપ સંમતિ આપો એટલી જ વાર છે."

શેઠનો અતિ આગ્રહ ને સુનંદા જેવું ઉત્તમ પાત્ર જોઈને પરદેશી કુમાર મૌન રહ્યા. વહેવારમાં મૌન રહેવું એટલે સંમતી આપ્યા બરોબર ગણાય છે.

ભદ્ર શેઠે સગા-સંબંધીઓને બોલાવ્યા અને ચાંદલા કર્યા, થોડા સમય પછી ખૂબ ધામધુમથી શ્રેણિકકુમાર સાથે સુનંદાના લગ્ન કર્યા.

ભદ્ર શેઠ લગ્ન પ્રસંગે પરમ તારક શ્રી જિનેશ્વરદેવના મંન્દિરમાં ભાવ ભક્તિ પૂર્વક પૂજા-આંગી અને પ્રભાવના તથા સાધર્મિક ભક્તિ ખૂબ ઉલ્લાસથી કરી.

શ્રેણિકકુમાર એક વખત મનમાં વિચારે છે કે, "પિતા તરફથી થયેલું અપમાન પણ મારા લાભને માટે થયું. આવી સુંદર રૂપ લાવણ્ય યુક્ત ધર્મ-સંસ્કારી પત્નીનો સંયોગ ભાગ્ય વગર ન જ મળે."

અનુભવીઓનું કથન છે કે પરદેશમાં પોતાનું સાચું નામ જાહેર ન કરવું, સાચા નામથી વેપાર પણ ન કરવો. કયારે પરદેશથી રવાના થવું પડે, એટલે અહિં શ્રેણિકે પોતાનું ખરૂં નામ જાહેર કોઈ રીતે કર્યું ન હતું.

હવે જાણે શ્રેણિક આ જ નગરના રહેવાસી હોય તેમ લોકો માનવા લાગ્યા. રાજદરબારે અને નગરમાં શ્રેણિકને કુમારશ્રી કે પરદેશી તરીકે જ સૌ ઓળખે વળી સૌ સન્માને છે, એમ કરતા બે વર્ષ જેટલો સમય વીત્યો.

એક વખત સુનંદા અર્ધનિદ્રામાં સુતી હતી ત્યારે તેને સ્વપ્ન આવ્યું સ્વપ્નમાં ઐરાવત હાથી પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. ઉંઘમાં જાગીને પોતાના પતિને જગાડી વાત કરી. પતિએ ધીરજથી સ્વપ્નની વાત સાંભળી બુદ્ધિ પૂર્વક વિચાર કરીને કહ્યું : "હે પ્રિયા! આ શુભ સ્વપ્ન અનુસાર તને મહા પરાક્રમી અને મહાબુદ્ધિના ભંડાર સમાન પુત્રરત્ન પ્રાપ્ત થશે." શ્રેણિક અને સુનંદાના દિવસો સુખ પૂર્વક જાય છે. ગર્ભ પ્રભાવે સારા સારા વિચારો અને દોહલા થાય છે અને તે સર્વ પૂરા કરાયા. પતિ-પત્નિના દિવસો આનંદપૂર્વક પસાર થાય છે.એક વખન સુનંદાને ફરી વિચાર આવ્યો કે, હું હાથીના હોદ્દેબેસી જીવ દયા અમારિ પળાવું તે વાત તેણે પોતાના પિતાને કરી. કુમાર શ્રી અને પિતાએ મહારાજાનો હાથી અને બીજી રાજ્ય સામગ્રી લાવીને સુનંદાની ઇચ્છા પૂરી કરી.

વેનાતટ નગરમાં શ્રેણિકકુમારને લોકો પરદેશી તરીકે જ ઓળખતા હતા. બહુ જ જરૂર પડે તો

કુમારશ્રીના નામથી સંબોધતા. આખીય વેપારી આલમમાં કુમારશ્રીની અલૌકિક પ્રતિભા હતી. રાજા પણ કોઇ વખત રાજકારભારમાં કુમારશ્રીની સલાહ લેતા અને માન-સન્માન સારૂં આપતા.

શ્રેણિકકુમાર અને સુનંદા બન્ને લગભગ સરખે સરખી ઉંમરના હતા. બન્ને ઉત્તમ પ્રકારના સંસ્કારોથી સંસ્કારિત હતા. અદભુત ધર્મપ્રેમી હતા. શ્રેણિકના પ્રભાવે કહો કે ભદ્રશેઠના ભાગ્યોદયે કહો કે શેઠને દિનપ્રતિદિન ધારણા કરતાં વકરો સારો થતો. ને વેપારમાં સારો લાભ થયો હતો. દયા-દાન વગેરેમાં ભદ્ર શેઠ ધન વાપરતા હતા. નગરમાં ભદ્ર શેઠની કીર્તિ ખૂબ વધી રહી હતી. ભદ્ર શેઠ આ બધો પ્રભાવ શ્રેણિકકુમારનો જ માનતા હતા. શ્રેણિકકુમારનો ભેટો ન થયો હોત તો આટલી સંપત્તિ મારી પાસે ન હોત. શ્રેણિક તો વાતમાં ઘણી વખત કહેતા હતા કે, "નિમિત્ત કોઇ પણ હોય પણ ભાગ્ય પોતાનું જ ફળે છે.

શ્રેણિકની શોધખોળ :-



આ તરફ પ્રસેનજિત મહારાજાએ શ્રેણિકકુમારની આજુબાજુ ઘણી તપાસ કરાવી. પણ કોઈ ઠેકાણે પત્તો લાગ્યો નહિ. મહારાજા ઉદાસ રહેવા લાગ્યા. જે કોઈ મળે


પરદેશથી અગર પરગામથી આવે તેને શ્રેણિક કુમાર બાબત સમાચાર પૂછતા. એક વખત કોઈ સોદાગર દ્વારા સમાચાર મળ્યા કે,

'શ્રેણિકકુમારને તો બેનાતટ નગરે ભદ્રશેઠને ત્યાં મેં જોયા છે.' પ્રસેનજિત રાજા વૃદ્ધાવસ્થાએ તો પહોંચ્યા હતાં. યોગાનુયોગ માંદગીમાં આવી પડયા. તેમણે શ્રેણિકકુમારને બોલાવી લાવવા માટે સાંઢણી-સ્વારને પત્ર લખી મોકલાવ્યો. સાંઢણીસ્વાર રાજ-ગૃહથી નીકળી બેનાતટ આવ્યો. અનુક્રમે સાંઢણી-સ્વાર ભદ્રશેઠનું ઘર શોધીને શ્રેણિકને મળ્યો.

શ્રેણિકે રાજગૃહથી આવેલ પત્ર વાંચ્યો, સમા-ચાર જાણ્યા. સુનંદાને સર્વ વિગત સમજાવી "મારા પિતાજી બિમાર છે.વૃદ્ધા અવસ્થામાં હોઈ મનેબોલવે છે. મારે જવું જ જોઇએ, ગયા વગર નહિ ચાલે. હાલ તું અહિં જ રહે. અવસરે હું તને તેડાવીશ." ચિંતા કરવાની જરૂર નથી. આપણો પુત્ર અવતરે ત્યારે એનું નામ 'અભયકુમાર' પાડજે. બન્ને જણ સ્નેહપૂર્વક છુટા પડયા. સુનંદાની ઈચ્છા પતિ સાથે જવાની હતી. પણ પતિની આજ્ઞા અહિં રહેવાની હતી. સાથે ચાલવાની અનુમતિ માંગી. પણ તેનો જવાબ 'ના'માં મળ્યો.

ત્યારે સુનંદાએ પૂછ્યું કે, " મારે પુત્ર થાય તે ભણીગણીને મોટો થઈ. તમારા નામ-ઠામ બાબત પૂછશે તો હું શું કહીશ ?"

શ્રેણિકે ઘરમાં ભારવટ ઉપર ટુંકમાં લખ્યું : "હું ગોપાલ ધવલ-દિવાલવાલા રાજગૃહે વસું છું; આમંત્રણ કાજે સુપુત્ર ! તારા ભારવટે લખું છું." શ્રેણિકકુમાર સાંઢણીવાલા સાથે રવાના થયા. પ્રેમ-ભાવ હોવાથી પરસ્પર બન્નેની આંખો ભીની થઈ. મુસાફરી કરતા પિતાની પાસે પહોંચવાની ઉતાવળ હોવાથી શિઘ્રગતિએ સાંઢણી ચલાવી રાજગૃહ નગર પહોંચ્યા. સ્નેહ પૂર્વક માતા-પિતાને પ્રણામ કર્યા. પ્રસેનજિત રાજા રાણી ઘણા જ આનંદ પામ્યા.




માતા-પિતા રૂપ રાજા-રાણીને શ્રેણિકકુમાર પગે લાગે છે.

શ્રેણિકનો રાજ્યાભિષેક:-

પિતા-પુત્રે ખૂબ ખૂબ દીલ ખોલી વાતો કરી. શુભ દિવસે સમારોહપૂર્વક શ્રેણિકનો રાજ્યાભિષેક કરવાનો દિવસ નિર્ધારિત કર્યો, રાજ્યના સગાં સંબંધીઓને નોંતરી, નગરજનોને સાથે રાખી ખૂબ ઉલ્લાસપૂર્વક આખાય નગરમાં ચોક, ચૌટા, નગર શેરીઓ ધજા વાવટા અને ફૂલહારથી શણગારી સ્થાને-સ્થાને દિપકોની હાર પ્રગટાવી.'

ભવ્ય રાજમહેલમાં સુવર્ણ-રત્ન જડીતસિંહાસન સ્થાપન કરી રાજપુરોહિતો મંત્રોચ્ચાર પૂર્વક વાંજિત્ર ધ્વની અને મંત્રથી વાતાવરણ પવિત્ર કર્યું. રાજકુમાર શ્રેણિકના હાથની આંગળીમાં રાજમુદ્રિકા અને માથે રાજમુગટ પહેરાવ્યાં. નૂતન મહારાજાની છડીદારે છડી પોકારી. રાજ્યાભિષેકનો વિધિ પૂરી થયો. શ્રેણિક રાજા રાજ સિંહાસને બેઠા. મહારાજાના વેશમાં અદ્‌ભૂત શોભવા લાગ્યા. નગરજનો અમૂલ્ય ભેટણાંઓ ધરવા લાગ્યા. આખાય રાજ્યમાં મીઠાઇ વહેંચાઈ. આનંદ આનંદ વર્તાઈ ગયો.

પ્રસેનજિત મહારાજા વહાલા પુત્રના મિલનથી માંદગીમાંથી સાજા થઈ ગયા, પોતાની બધી ય જવાબદારી પૂરી થવાથી આત્મા કલ્યાણની ક્રિયા તરફ વળ્યા. અને ધર્મધ્યાન કરવા લાગ્યા. ઘણી સુંદર ધર્મની આરાધનામય જીવન જીવવા લાગ્યા.

મહારાજા શ્રેણિક ન્યાયનીતિપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યા. દિન પ્રતિદિન રાજ્યમાં અને સુધારા-વધારા કરતા હતા. મારી પ્રજાને વધુમાંવધુ સુખ સગવડ આપવી તે મારી ફરજ છે. એમ સમજીને પ્રજા હિતના કાર્યો તરફ ખૂબ લક્ષ આપતા હતા. અત્તરની સુગંધ જેમ ચારે બાજુએ ફેલાય, તેમ મહારાજા શ્રેણિકની કીર્તિ ચો દિશી ફેલાવા લાગી.

મહારાજા શ્રેણિકની પ્રતિભાથી પ્રભાવિત થઇને આજુ-બાજુના રાજાઓ અને સામંતો આજ્ઞામાં આવવા માંડયા. પ્રેમથી રાજાઓને સન્માનિત કરતો. રાજગૃહ નગરની આજુ બાજુ નાના મોટા બાગ-બગીચાઓ રાજય તરફથી બનાવ્યા.

મગધના વિશાળ રાજયને વ્યવસ્થિત સંચાલન માટે સારા સારા બુદ્ધિમાન પાંચસો મંત્રીઓનું એક મંત્રીમંડળ બનાવ્યું, સહુ મંત્રીઓ પરસ્પર મૈત્રીભાવથી વર્તતા અને રાજયનો સારોય કારભાર ચલાવતા. એમ સમય પસાર થવા લાગ્યો.

મગધપતિ મહારાજા રાજનીતિમાં અતિકુશળ હતા. સામ. દામ, દંડ અને ભેદ એ ચારે નીતિથી રાજય કેમ ચલાવવું એ સારી રીતે જાણતા હતા.

એક વખત શ્રેણિક મહારાજાને વિચાર આવ્યો કે, “ મારું રાજ્ય આથી પણ સુંદર રીતે વ્યવસ્થિત ચલાવવા માટે મારી પાસે હાલમાં પાંચસો મંત્રીઓ

છે, તેની ઉપર એક મહાન બુદ્ધિશાળી નરરત્ન મળી આવે તો તેને મંત્રીશ્વર તરીકે નીમી શકાય. જેથી સર્વ કારભાર સુંદર રીતે ચાલે અને પાંચસો મંત્રીઓને માર્ગદર્શક તે બને. તેવા મહાન બુદ્ધિશાળીની શોધ કરી જો બુદ્ધિવંત હોય તો અનેક યુક્તિઓથી કાર્યસિદ્ધિ કરે છે.

આ જગતમાં જીવને સારા માઠા જે અનુભવો થાય છે તેનું મૂળ કારણ તેના પોતાનાં શુભાશુભ કાર્યો છે. ગત ભવમાં કરેલા કાર્યો અનુસાર જીવન ઘડતર થાય છે.

અભયકુમારનો જન્મ :–

બેનાતટ નગરમાં ભદ્ર શેઠને ત્યાં સુનંદાના ગર્ભને સુખપૂર્વક નવ માસ વીત્યા. એક દિવસે સુનંદાએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. ‘ પુત્રના લક્ષણો પારણામાં જ જણાય ’ તે હકીકત ખરેખર સાચી પડી. ભદ્ર શેઠે પુત્રીના પુત્રનો જન્મ મહોત્સવ ધામધુમથી ઉજવ્યો. પતિની–કુમારશ્રીની ઈચ્છા અનુસાર ‘અભયમાર’ નામ પાડયું. પુત્ર રૂડો, રૂપાળો પિતા કરતાં સવાયો તેજનો અંબાર જોઈ લો દેવકુમાર જેવો જ.

અભય ત્રણ ચાર વર્ષનો થતાં થતાં સુંદર મીઠું મીઠું બોલવા લાગ્યો. બીજા છોકરાઓને પાઠશાળાએ ભણવા જતા જોઈને, સુનંદાને કહે,

"બા, બા, હું પણ ભણવા જઇશ. ભણીને હોંશિયાર થઈશ." સુનંદાએ કહ્યું: "હા બેટા! તને પાટી પેન લાવી આપીશ. તું રોજ પાઠશાળાએ ભણવા જ જે...."

એમ કરતા અભયકુમાર પાંચ વર્ષના થયો એટલે તેને ભણવા માટે પાઠશાળાએ મૂકયો. પ્રથમ દિવસે જ અભયકુમારની બુદ્ધિ જોઇને પંડિત તો નવાઈ પામી ગયો: "આ છોકરો તો મહાન થશે. આટલી નાની ઉંમરમાં પણ બહુ જ સમજે છે." પંડિતને તે બધાંય કરતાં વધુ પ્રિય, અભય પણ ભણવામાં જેવો એક્કો તેવો વિનય-વિવેકમાં પણ બધાં કરતાં સવાયો. થોડા-સમયમાં જ ખૂબ ખૂબ ભણીને માના બાપ-દાદાને દુકાને કામકાજમાં મદદ કરવા લાગ્યો. ઝટપટ માલ કાઢી આપે અને કાર્ય પતે ત્યારે પાછો માલ તેને સ્થાને મૂકી દે. ગ્રાહકો સાથે પણ બહુ જ વિનયપૂર્વક વહેવાર રાખે.

શ્રી વીતરાગ પરમાત્માનો ધર્મ જેમને માતા તરફથી વારસામાં મળ્યો છે. તે જો જૈનધર્મ પચે-પરિણમે છે તેમનાં જીવન કેવાં હોય છે, તેનો જીવંત દાખલો અભયકુમાર પુરો પડતો હતો.

સમય જતાં શી વાર લાગે. અભયકુમારની ઉંમર સોળ સત્તર વર્ષની થઈ હશે. ત્યાં તો મોટા માણસની જેમ ધીર વીર અને ગંભીર બહુ જ તેજસ્વી યુવાન તરીકે આખાય નગરમાં વખણાયો.

સહુને પરસ્પર નગરજનો કહેતાકે,આજે અભયકુમાર કોઇનું પણ કામ હોય કરી છૂટતો. અને ઉપરથી બીજું કામ કાજ હોય તો જણાવશો. આવી રીતે વિનયપૂર્વક સહુની સાથે પ્રેમભાવે વર્તતો. તેથી તે સહુને વ્હાલો લાગતો.

બેનાતટ નગરમાં જ્યારે જ્યારે કોઇ મોટા પૂજ્ય સાધુ ભગવંત પધારે અને ધર્મદેશના આપે ત્યારે ભદ્રશેઠ-અભયકુમાર અને સુનંદા તથા તેમના બા-વિગેરે અચૂક ધર્મોદેશ સાંભળવા જતાં, પૂજ્ય ગુરૂ ભગવંત જે તત્ત્વજ્ઞાનની વાત-દૃષ્ટાંત કે ઉત્તમ વાર્તા કહે તે અભયકુમાર યાદ રાખી લે, અને પ્રસંગ આવે તેનું વર્ણન સુંદર રીતે કહી સંભળાવે.



પુજ્યપાદ ગુરૂભંગવત ધર્મદેશના આપે છે.

શ્રી સંઘમાં ધાર્મિક કાર્યો હોય સમાજમાં સામાજિક કાર્યોમાં પણ અભયકુમાર માનન્ય થતો. સામાજિક કાર્યોમાં પણ-અભયકુમાર ઉત્સાહભેર હાજર થઇ જતો. અને સહુને દરેક કાર્યોમાં મદદગાર થતો.

બેનાતટ નગરમાં ચારે બાજુ અભયકુમારની બુદ્ધિના વખાણ થવા લાગ્યા. નગરના મહારાજાને અને નગરજનોને પોતાના કાર્યમાં ગૂંચ પડે ત્યારે ત્યારે અભયકુમારને પૂછીને કાર્યોનો ઉકેલ શોધી લેતા. નગર હોય ત્યાં હલકા સ્વભાવના માણસો પણ હોય તેથી જ લોકમાં કહેવત પડી છે કે, "ગામ હોય ત્યાં ઉકરડો પણ હોય જ." તે અનુસાર કેટલાક ઈર્ષાળુસમાન વયના છોકરાઓ અભયકુમારની સાથે બુદ્ધિની બાબત પહોંચી ન વળે ત્યારે ઈર્ષાભાવથી તેને પજવતા. તેની હલકાઈ કરતા, પણ અભયકુમાર પોતાની બુદ્ધિથી તેમને બોલતા બંધ કરી દેતો.

એક દિવસ વાતચિત્ત કરતા એક છોકરાએ કહ્યું કે, "અભય ! તું બહુ બુદ્ધિશાળિ હોય તો ભલે પણ એ તો કહે કે, "તારા પિતાનું નામ શું ?" બુદ્ધિની મોટી વાતો કરે છે અને 'બાપના નામનું ય ઠેકાણું નથી ને.' આટલો બધો ડોળ-દમામ શાનો બતાવે છે ?" આ સાંભળી અભયકુમાર સહજ ભોંઠો પડી ગયો. મનોમન ખિન્ન થયેલ અભય

તરત એની બા પાસે આવીને કહેવા લાગ્યો : "બા મારા બાપાનું નામ શું ? અને હાલ તે કયાં છે ?" આ સાંભળી સુનંદા થોડી ગળગળી થઇ ગઈ.

સુનંદાએ કહ્યું : 'બેટા ! આજથી વીશેક વર્ષ પહેલાની વાત છે. ભદ્રબાપાની દુકાને એક પરદેશી આવીને બેઠા હતા. અને બાપાની દુકાને એકાએક ગ્રાહકનો સમૂહ આવ્યો. વકરો ખૂબ થયો. સાંજ પડતાં તે પરદેશીને બાપાએ ઘરે જમવા લાવ્યા. તે પછી થોડા દિવસ આપણે ઘરે....રહ્યા. પછી મારા લગ્ન તેમની સાથે થયાં. તેઓ કુમાર અને પરદેશીના નામથી ગામમાં પ્રસિદ્ધ હતા. પછી એક દિવસે સાંઢણી સ્વાર પત્ર લઇ આવ્યા. તેમણે પત્ર વાંચ્યો. અને તરત તેમની સાથે જવા નીકળી ગયા.'

સુનંદાએ કહ્યું : "મેં તે વખતે તેમની સાથે થોડી વાતો કરી, તે વખતે-જતી વખતે તેમને જો સામે -ભારવટ પર કંઇક લખીને ગયા છે. "હું તને થોડા સમય પછી તેડાવીશ." એમ કહીને ગયા હતા, પણ હજી સુધી તેમનાં કાંઇ જ સમાચાર નથી. તેને આજ અઢાર વર્ષ થવા આવ્યા.

બાની સર્વ વાત સાંભળીને ભારવટ ઉપર લખેલી બે લીટી વાંચી-વિચારીને કહ્યું : "બા બહુ આશ્ચર્યની વાત છે. મારા પિતા તો રાજગૃહ

નગરના રાજા છે. અને તે ત્યાં ધવલ ઘરમાં રહે છે. ચાલો આપણે ત્યાં જઈએ."

સુનંદા અને અભયકુમાર બન્ને જણે ભદ્ર શેઠને પૂછીને અનુમતિ લઇ નોકર-ચાકર સાથે લઇને રાજગૃહ તરફ રવાના થયા. અનુક્રમે નાના મોટા ગામ અને અટવીઓ વટાવીને રાજગ્રહ નગરે આવવા નિકળ્યા.

એક શુભ દિવસે રાજગૃહનગર બહાર ઉદ્યાનમાં આવ્યા. ત્યાં ઉદ્યાનના માળીને પૂછી ત્યાં એક નાના મકાનની ઓશરીમાં ઉતર્યા. અભયકુમાર ન્હાઈ ધોઈને તૈયાર થઇ બાને પૂછી નગર જોવા ચાલ્યો.

અભયકુમારનું બુદ્ધિ કૌશલ્ય:-

રાજગૃહ નગરમાં અભયકુમારે હાટ અને બજારો જોતા જોતા નગરમાં એક કૂવાના કાંઠે લોકોની બહુ ભીડ જોઈ. અભયકુમાર પણ તે ભીડ હતી ત્યાં ગયો. જે લોકો ભેગા થયા હતા તેને પુછ્યું કે, "અહીં આટલી બધી ભીડ કેમ છે? લોકો ભેગા કેમ થયા છે? કૂવામાં બધા શું જુએ છે?"

એક નગરવાસીએ કહ્યું કે, "તમે પરદેશી લાગો છો? એમ પુછીને તે ભાઇ બોલ્યા: "આ ઊંડા કૂવામાં અહિંના મહારાજાએ પોતાની રત્નવીંટી નાંખી છે. તે વીંટી કૂવાના કાંઠે ઊભા ઊભા કાઢી આપે તો, તેને પાંચસો મંત્રીઓનો અગ્રેસર

મુખ્ય મંત્રીશ્વર મહારાજા બનાવશે. અને કેટલુંક રાજ્ય પણ આપશે.” તે નગરવાસીની વાત સાંભળી નવજવાન અભયકુમાર બોલ્યોઃ

“ આ તો સાવ સહેલી વાત છે? હું તરતજ કાઢી બતાવું.” પરદેશી નવજવાનની વાત સાંભળી તે ભાઇ નવાઈ પામ્યો. અભયકુમારની વાત કરવાની ઢબ જોઈ અને તેનું અદ્‌ભૂત રૂપ જોઇને મનોમન બોલ્યો. આ નવયુવક પ્રતિભાશાળી ખરેખર બુદ્ધિમાન લાગે છે. તેને જોઈ લોકોએ રાજપુરુષોને વાત કરી કે, ‘આ પરદેશી ભાઈ રાજાની વીંટી કાઢી આપવાનું કહે છે.’

આ તેજસ્વી નવ યુવકની વાત સાંભળી સહુને આશ્ચર્ય થયું.

ત્યાં ઉભેલા રાજપુરુષે કહ્યું: ‘ અહિં તો દસ-પંદર દિવસથી વીંટી માટે નગરમાં ઢંઢેરો પિટાય છે, પરંતુ આજ સુધી કોઈ નરવીર બીડું ઝડપવા આગળ આવ્યો નથી.’

રાજપુરુષોએ કહ્યું: “ ચાલ કાઢી આપ, આમ વાતો કર્યે શું વળે?”

અભયકુમારે તરત જ રાજપુરુષો પાસે છાણ મંગાવી વીંટી ઉપર નાંખ્યું, તેથી છાણમાં વીંટી ભરાઈ ગઈ. પછી ઘાસના પૂળા મંગાવ્યા. તે પુળા એક પછી એક સળગાવીને કૂવામાં નાખ્યા, જેથી

છાણમાંથી અગ્નિના તાપ વડે છાણું બની ગયું. લોકો સહુ જોઈ જ રહ્યા પછી અભયકુમારે રાજપુરુષોને કહ્યું : "આ કુવો પાણીથી ભરી દો, રાજપુરુષોએ બાજુના કૂવામાંથી પાણીની નીક મારફત કૂવામાં પાણી ભર્યું. થોડીવારમાં કૂવો પાણીથી ભરાઈ ગયો. એટલે છાણું પાણી ઉપર તરતું કાંઠે આવ્યું. તે છાણું લઇ ભાંગ્યું અને તેમાંથી વીંટી લઇ સહુને બતાવી આ જ વીંટી હતી ને? ભેગા થયેલા લોકો જોઇને નવાઇ પામ્યા. સહુ કહેવા લાગ્યા કે, "આ ઉંમરમાં નાનો છે પણ મહાનબુદ્ધિમાન લાગે છે!"



રાજપુરુષ મારફત મહારાજા શ્રેણિકને વીંટી કાઢયાની વાત જણાવી એટલે કૂવા પાસે આવ્યા વીંટી કાઢનારની તેજસ્વી મુખ મુદ્રા જોઇને મહારાજાએ પૂછયું.

"તું કયાં રહે છે નવજવાન?"

અભયકુમારે કહ્યું : "હું તો બેનાતટ નગરનો રહેનાર રાજપુત્ર છું."

એ સાંભળી રાજા થોડા વિચારમાં પડયા!

એમ? ફરીથી મહારાજાએ પૂછયું : ત્યાં એક ભદ્ર શેઠ વેપારી રહે છે ને? તેમને ઓળખે છે?

"હા." તેમને કોણ ના ઓળખે તે નગરમાં પ્રસિદ્ધ વ્યક્તિ છે.

તેમને એક દીકરી છે ને?

"હા." તેનું નામ સુનંદા છે એજ ને!

તેમને કોઈ પુત્ર છે?

"હા." તેમને મારા જેવો જ અભય નામે પુત્ર છે, તે મારો પરમ મિત્ર છે. અને અમે બન્ને મિત્રો એક બીજા વગર રહી પણ ન શકીએ.

રાજાએ કહ્યું: "જો એમ છે તો તું એકલો એના વગર અહીં કેમ?"

'ના.' હું તેને મા સાથે અહીં નગર બહાર બાગમાં મૂકીને જ આવ્યો છું.'

'હેં શું કહે છે? શું બોલે છે? ચાલ બતાવ એ અભય અને એની મા ક્યાં છે'

શ્રેણિક રાજા તેની સાથે નગર બહાર આવ્યા તો સાચે જ પોતાની રાણી સુનંદા. પરસ્પર એક બીજાને ઓળખીને હર્ષિત થયા. રાજાએ સુનંદાને પુછ્યું, 'આપણો અભય ક્યાં?' સુનંદાએ કહ્યું, 'આ તમારી પાસે જ ઊભો છે ને!'

શ્રેણિક મહારાજાએ અભયને વ્હાલ કરતાં પૂછ્યું: 'બેટા! તું ખોટું કેમ બોલ્યો?'

અભયે કહ્યું: 'હું ખોટું નથી બોલ્યો. હું મારી માના હૃદયમાં પણ સદાય વસું છું તેથી જ કહ્યું હતું, અભય તેની મા સાથે છે.'

મહામાત્ય તરીકે નીમણુંક:-

પુત્રની બુદ્ધિ અને ચતુરાઈ જોઈ મહારાજા ઘણા ખુશ થયા. માતા-પુત્રનો સમારોહપુર્વક રાજગૃહનગરમાં પ્રવેશ કરાવ્યો.



અભયકુમાર અને સુનંદારાણીનો નગર પ્રવેશ.

શુભ દિવસે અનેક રાજાઓ અને સામંતોની હાજરીમાં અભયકુમારને ધામધુમપુર્વક સર્વ મંત્રીઓમાં મહામંત્રીશ્વર બનાવ્યો. સુનંદા રાણી માટે રાજાએ એક રાજમહેલ કાઢી આપ્યો.

મહામંત્રી બન્યા પછી અભયકુમારે પોતાની પ્રતિભા અને બુદ્ધિચાતુર્યથી રાજ્ય વ્યવસ્થા સંભાળી લીધી. અને પોતાની વિચક્ષણ બુદ્ધિના પ્રતાપે રાજ્યોના અનેક અટપટા પ્રશ્નો ઉકેલીને આજુ-બાજુના રાજ્યોમાં મગધરાજાની કીર્તિ ચારે દિશાઓમાં ફેલાવી.

આવા પ્રતાપી રાજાના રાજ્યમાં એકવાર શ્રી ગૌતમબુદ્ધ પોતાના સ્થાપેલ ધર્મનો પ્રચાર કરતાં કરતાં રાજગૃહ નગરમાં આવ્યા. અને ઉપદેશ આપવા લાગ્યા. સહજ ભાવે રાજા શ્રેણિક તેમના સંસર્ગમાં આવ્યા તેમજ ધીમે ધીમે બૌદ્ધ ધર્મ તરફ ઢળવા માંડયા. રાજાઓ પ્રાયઃ આ રીતના વલણવાળા હોય છે. તે પછી કોઇ પ્રબળ નિમિત્તના યોગે કોઇક ભાગ્યશાળી રાજા સાચા ધર્મને સમજીને સ્વીકારતા થાય છે.

o o o

તે કાળે રાજગૃહી જેવી જ મનોહર વિશાળા નામની મોટી નગરી હતી. ત્યાં ચેટક મહારાજા જૈન ધર્મના સંસ્કારથી સમૃદ્ધ રાજવી તરીકે પ્રસિદ્ધ હતા. તે રાજાને સાત-પુત્રીઓ હતી. (૧) પ્રભાવતી, (૨) શીવા, (૩) મૃગાવતી, (૪) જયેષ્ઠા, (૫) પદ્મા-વતી, (૬) સુજયેષ્ઠા અને (૭) ચેલ્લણા.

પોલાદી મનોબળવાળો આ ચેટક રાજવી જૈનધર્મમાં દૃઢ નિષ્ઠાવાળો હતો. સાતે પુત્રીઓને ઉત્તમ ગુરૂ પાસે જૈનધર્મના તત્ત્વો, સ્ત્રીઓની ૬૪ કળા, સાહિત્ય, સંગીત તથા સુસંસ્કાર સંપન્ન જીવનનું શિક્ષણ અપાવ્યું હતું. ધાર્મિક ક્રિયાકાંડમાં પણ સાતે પુત્રીઓ પારંગત હતી.

ચેટક મહારાજા અને રાણી તથા સાતે પુત્રીઓ ભગવાન મહાવીર પ્રભુના પરમ-ઉપાસક હતા. જીવનમાં ધર્મને શ્વાસોશ્વાસની જેમ વણી લીધેલો. ધર્મની આરાધના કરતાં કરતાં જૈનધર્મમાં ખૂબજ એકનિષ્ઠા કેળવી હતી.

શ્રીકૃષ્ણ વાસુદેવની જેમ જ ચેટક મહારાજા પણ જૈન ધર્મ-અનુસાર જીવનમાં કન્યાદાન કરવામાં પુણ્ય માનતા ન હતા. સાત કન્યામાંથી સુજ્યેષ્ઠા અને ચેલ્લણા સિવાયની પાંચ પુત્રીઓના ચેટક રાજાએ મંત્રીઓ દ્વારા ઉત્તમ કુળવાન રાજાઓ સાથે લગ્ન કરાવી દીધા હતાં.

સુજયેષ્ઠા પરમ વૈરાગ્યવાન હતી. આ બન્ને બહેનો વચ્ચે અનુપમ હૃદય મેળ હતો. બન્ને જૈનધર્મમાં ઊંડી આસ્થાવાળી હતી, તેથી ધર્મ ચર્ચામાં તે બન્ને ખૂબ જ રંગાયેલ રહેતી હતી.

અભયકુમારે મેળવેલી સિદ્ધિ:

એક વખત પોતાના આવા રાજ્યભક્ત તેમજ પિતૃભક્ત અભયકુમારે મહારાજા શ્રેણિકનો ઉદાસ ચહેરો જોઈ પૂછ્યું કે "રાજન્! આપનું મુખકમલ ઉદાસ કેમ છે?" મહારાજાએ કહ્યું: "મેં એક દૂત દ્વારા ચેટકરાજાની રાજપુત્રી સુજેષ્ઠાની માંગણી કરી. પણ તેનો ચેટક મહારાજા તરફથી જવાબ સંતોષકારક ન મળવાથી સહજ ઉદાસિનતા આવી છે. કોઈ પણ રીતે સુજેષ્ઠાની પ્રાપ્તિ કરવી જોઈએ. એ વિચારમાં છું, બીજું કોઈ કારણ ચિંતાનું નથી અભય."

અભયકુમારે મગધરાજને દિલાસો આપીને શાન્ત કર્યા. મંત્રીશ્વર અભયકુમારને પૂર્વભવના ક્ષયોપશમથી બુદ્ધિ વરેલી હતી. ગમે તેવાં કાર્ય તે બુદ્ધિથી કરી શકતો હતો મગધરાજની રાજકીય અનેક ગુંચવણો તે ક્ષણમાત્રમાં દૂર કરતો હતો. અદ્ભુત શક્તિથી રાજા અને પ્રજા બન્નેને તે એક-સરખો પ્રિય હતો. એણે પોતાની બુદ્ધિથી અનેક કાર્યો કરી લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા.

શામ, દામ, દંડ અને ભેદનીતિથી મગધ રાજનું સામ્રાજ્ય એણે વધાર્યું હતું. રાતદિવસ સામ્રાજ્યની વૃદ્ધિના કાર્યોની ચિંતા કરતો અભયકુમાર પોતાનો

સમય એ રીતે વ્યતીત કરી રહ્યો હતો; જેમકે બુદ્ધિવંત મનુષ્યોને જગતમાં એવું કયું કાર્ય છે કે 'જે પોતાની બુદ્ધિથી અસાધ્ય હોય!'

આજે આ કાર્યમાં પણ એણે પોતાની બુદ્ધિ દોડાવી અને એક ચિત્રકારને બોલાવી આબેહુબ શ્રેણિક રાજાનું ચિત્રપટ આલેખાવ્યું. અભયે એક સામાન્ય વેપારી જેવો વેશ ધારણ કરી. કામ પુરતાં બે ત્રણ માણસ સાથે અભયકુમાર વિશાળાનગરીમાં આવ્યો. રાજ્યમહેલની નજીકમાં ઊંચી જાતના અંત્તર વગેરેની એક દુકાન ભાડે લઇને રહ્યો, અને રાજમહેલમાં જતી-આવતી દાસીઓનું આકર્ષણ કરવા લાગ્યો. દાસીઓને ગામ કરતા માલ સસ્તો અને સારો આપવા લાગ્યો. દાસીઓ સાથે ઓળખાણ કરી નામ ઠામ પૂછી પરિચિત થયો. દાસીઓને અવાર-નવાર વસ્તુ ભેટ-સોગાદ આપતો.

દાસીઓ દુકાને માલ લેવા આવે ત્યારે રાજાના ચિત્રપટ આગળ ધુપ-દિપ કરી તેની જાણે આરાધના કરતા હોય તેમ દેખાવ કરે, જેથી દાસીઓ પુછવા લાગી : આ છબી કોની છે? ત્યારે વેપારીએ કહ્યું કે, "આ છબી તો નરપતિ-દેવની છે, તેમની કૃપાથી મારા ઘરે ઋદ્ધિ, સિધ્ધિ, ઐશ્ચર્ય, ઠકુરાઇ સર્વ કાંઈ છે. જેથી જ આમની હું રોજ ભક્તિ કરું છું."

આ છબિ બહુ અદ્‌ભુત છે. તેની વાત દાસીઓએ રાજકુમારી પાસે કરી, રાજકુમારીએ કહ્યું: 'તે છબી બતાવવા લઇ આવ.'



અત્તરના વેપારીની દુકાને રાજ દાસીઓ સાથે વાર્તાલાપ

દાસીએ વણિક પાસે છબીની થોડીવાર માટે જોવા આપવા વિનંતી કરી. 'મોટા કુંવરીબાને આ છબી જોવી છે માટે ઘણા કાલાવાલા પછી તે છબી જોવા આપી.'

દાસીને છબી લઈ જતી જોઈ અભયકુમાર મનોમન બોલ્યો: "કાર્યસિદ્ધિની શરૂઆત થતી જણાય છે."

દાસીની રાહ જોતી સુજ્યેષ્ઠા બેઠી હતી. તે છબી હાથમાં લઇ વારંવાર જોવા લાગી. જેમ જેમ છબી જુએ છે, તેમ તેમ સુજ્યેષ્ઠા મનોમન કંઈ કંઈ વિચાર કરવા લાગી.

વિચારને અંતે તેનું મન વિવશ થયું. તેણે દાસી મારફત અભયકુમારને સંદેશો પહોંચાડયો કે, 'છબીમાંના નરવીર સાથે મારે સંબંધ બંધાય તે માટે તમે ત્વરીત ઘટતું કરો.'

અભયકુમારે તરત તે મુજબ તૈયારીઓ કરી.

વિશાળા નગરનાં પાદરથી રાજગૃહી વચ્ચેના માર્ગમાં સળંગ ભોંયરૂં અતિ ઝડપથી તૈયાર કરાવ્યું. બુદ્ધિવંત અભયકુમારને તૈયારી કરતાં કેટલીવાર!

ભોંયરૂં તૈયાર થઈ ગયું એટલે અભયકુમારે દાસી મારફત સુજ્યેષ્ઠાને કહેરાવ્યું કે: "આજથી આઠમા દિવસે મહારાજા તમને લેવા આવશે તો સાવધાનીપૂર્વક તૈયાર થઇને રહેજો."

સુજ્યેષ્ઠાએ તે મુજબ તૈયારી શરુ કરી. આ તરફ તેની નાની બહેન ચેલ્લણાનું ધ્યાન ગયું એટલે તે બોલી, 'જ્યાં જાય ત્યાં મને સાથે લઇને જજે. તારા સિવાય હું એકલી અકળાઈ જઇશ.'

'સારું તું પણ તૈયાર થઈ જા.' ટુંકમાં કહીને સુજ્યેષ્ઠા પોતાની તૈયારી પુરી કરવા માંડી.

રાજકુમારી ચેલ્લણાનું હરણ:-

એમ કરતાં નિર્ધારિત આઠમો દિવસ આવ્યો. મહારાજા શ્રેણિક પોતાના મુખ્ય અંગરક્ષકો, ચુનંદા સૈનિકો સાથે લઇને ગુપ્ત ભોંયરા વાટે વિશાળાના પાદરે આવી પહોંચ્યા.

મહારાજા પધાર્યાના સમાચાર મળતાં જ બંને બહેનો ગુપ્ત રીતે ભોંયરા વાટે મહારાજા પાસે પહોંચી ગઈ. તેમને આવકારતાં રાજાએ કહ્યું : "તરત રથમાં બેસો એટલે રથ હંકારવાની આજ્ઞા કરૂં." તે વખતે સુજ્યેષ્ઠાને યાદ આવ્યું કે મહારાજાને મળવાના અતિ હર્ષમાં તે પોતાના અલંકારોનો દાબડો સાથે લાવવાનું ભૂલી ગઈ છે. એટલે તેણે



સુજેષ્ઠા અલંકારો લેવા જાય છે. ચેલ્લણા રથમાં બેસવા જાય છે.

મહારાજાને કહ્યું. 'હું મારા અલંકારોનો દાબડો લઇને તરત જ પાછી આવું છું. મારી બહેન ચેલ્લણા અહીં જ ઊભી છે. હું આવું તે પછી આપ રથ હંકારજો.'

આ બાજુ સુજયેષ્ઠા અલંકારો લેવા ગઈ. તો બીજી બાજુ રાજા શ્રેણિકને એ શક થયો કે, સુજયેષ્ઠા રખે વિલંબ કરે તો કોઇ નવી મુસીબત ઉભી થાય એવી દહેશત જણાઇ, એ હેતુથી તેમણે સારથીને આજ્ઞા કરી કે રથ ઝડપથી હંકાર.'

રથ ઉપડયો. સુજયેષ્ઠાને બદલે ચેલ્લણાને લઇને મહારાજા રાજગૃહી તરફ આગળ વધ્યા.

ભાગ્યની બલિહારી છે કે, "આમ સુજયેષ્ઠાનું સ્વપ્ન ચેલ્લણાને ફળ્યું."

સુજયેષ્ઠા રહી ગઈ. તેણે તરત ભોંયરામાં આવીને જોયું તો ત્યાં રથ પણ નહોતો અને પોતાની બહેન ચેલ્લણા પણ નહોતી.

શત્રુના સ્થાનમાં વધુ વખત ન રહેવું, એમ વિચારીને શ્રેણિક રાજા રથને હંકારી ગયા. ચેટક રાજાની રાજકુમારી સુજયેષ્ઠા પોતાના અલંકારો લઇને આવી ત્યારે રાજા કે ચેલ્લણાને ન જોતા. ગળગળી થઇ ગઈ. હવે શું કરવું ? એમ મુંઝાવા લાગી.

ચેકટ રાજાના રાજમહેલમાં ખૂબ કોલાહલ મચી ગયો. તપાસ કરતા ખબર પડી કે ચેલ્લાણા રાજકુમારીનું હરણ થયું. તુરતોતરત સૈન્ય તૈયાર કર્યું અને ભોંયરામાં વીરાંગદ સૈનાધિપતિ સૈન્ય લઈ શ્રેણિકરાજાની પાછળ પડયો. ભોંયરાનો માર્ગ સાંકડો હોવાથી વીરાંગદ ફાવ્યો નહિ. શ્રેણિકના લશ્કર સાથે લડાઈ થઈ, શ્રેણિકના અંગરક્ષક સુલસાના બત્રીસ પુત્રો તેમાંજ મરાયા અને ત્યાં પડયા. ભોંયરામાં આગળ જવાનો માર્ગ ન રહ્યો એટલે વીરાંગદને પાછું ફરવું પડયું.

આ બધાય સમાચાર જાણી ચેટકરાજા ધુંઆ પુંઆ થઈ ગયા. અને બહુજ હતાસ થયા. ભાવીકાળ આગળ કોઈનું ચાલતું નથી. રાજમંત્રીઓએ ચેટક મહારાજાને આશ્વાસન આપી શાન્ત પાડયા. "જે થવાનું હતું તે થઈ ગયું."

અનેક અવરોધો પાર કરીને મહારાજા, ચેલ્લણા સાથે રાજગૃહીમાં પહોંચ્યા. ચેલ્લણા સાથે વિધિપુર્વક લગ્ન કરીને, તેમને પટરાણીપદે સ્થાપ્યા. પતિ-પત્નિ બંને પરસ્પર ખૂબ જ સ્નેહથી રંગાયા ચેલ્લણાનું સૌભાગ્ય એવું હતું કે મહારાજાના તેના ઉપર ચારે હાથ હતા. મગધના મહારાજા ચેલ્લણાના વચનને આદરથી માનતા હતા.

ચેલ્લણા મહારાણી પદે હોવા છતાં પણ ધર્મની

આરાધના યથાશક્તિએ સુંદર રીતે કરતા. અવાર નવાર સમય મેળવીને તે પૂજ્ય સાધ્વી મહારાજ પાસે દાસીઓને સાથે લઇને વંદના કરવા જતા. પૂજ્ય સાધ્વીજી મહારાજ સાથે રાણી ઘણી વાર સુધી ધર્મગોષ્ટિ કરતા અને પોતાની ધર્મશ્રદ્ધાને નિર્મલ કરતા હતા. વારંવાર પૂજ્ય સાધ્વીજી મહારાજનો સંપર્ક-સમાગમ કરતા રહેતા હતા. તેઓ મનમાં સમજતા હતા કે, "આ સંસારમાં પુજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સિવાય સાચું માર્ગદર્શન કોઇ કરાવી શકતું નથી. નિઃસ્વાર્થ બન્ધુ કોઈ હોય તો પુજ્ય ગુરૂદેવો જ છે."



ચેલ્લણા મહારાણી પૂ. સાધ્વીજી મહારાજ ને વંદના કરે છે.

જિનધર્મના મર્મને સારી રીતે પામેલી રાજકુમારી સુજયેષ્ઠાએ વૈરાગ્યવાસિત થઇને ભાવ ઉલ્લાસથી જૈન દીક્ષા લીધી. ભગવાન મહાવીરના સાધ્વી ચંદનબાલા વગેરે સાથે સાધ્વી સુજયેષ્ઠા ભળી ગયા. જ્ઞાનાભ્યાસ અને આત્મધ્યાનમાં લીન થઈ ગયા.

ભગવાન મહાવીરનું રાજગૃહીમાં આગમન:-



મહારાજા ને નગરજનો વંદન કરવા જાય છે.

એવામાં શાસન નાયક શ્રીમહાવીર પરમાત્મા પૃથ્વી-તળને પાવન કરતા અને અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડતા રાજગૃહી નગરીમાં પધાર્યા. રાજગૃહી નગરી પાસે ગુણશીલ નામનો ચૈત્ય-બાગ હતો ત્યાં પ્રભુ શ્રીમહાવીર સ્વામીજી પોતાના શિષ્ય પરિવાર સાથે સમોવસર્યા. વનપાલકે મહારાજાને પ્રભુ પધાર્યાની વધામણી આપી. મહારાજાએ વનપાલકને પ્રેમથી મોટી ભેટ આપીને રાજી કર્યો.

અભયકુમાર જૈન ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળા હતા. પ્રભુ ઉપર તેમને ઘણો ભક્તિભાવ હતો.

પ્રભુને વંદના કરવાને ધામધુમથી નગર લોકો સાથે તે ગુણશીલ ચૈત્યને વિષે ગયા. પ્રભુ શ્રીમહાવીર દેવને વંદના કરી મહારાજા અને અભયકુમાર પ્રભુની સામે બેઠા. બીજા પણ ઘણા નગરલોકો પ્રભુને વાંદવા આવ્યે જતા હતા, પ્રભુએ તે વખતે બાર પર્ષદામાં ધર્મોપદેશ આપ્યો. પ્રભુજીની ધર્મદેશના સાંભળીને કેટલાય ભવ્ય જીવો યથા શક્તિ વ્રત-પચ્ચાખ્ખાણ કર્યા.

પ્રભુને વંદન કરીને ધર્મદેશના સાંભળી તેનાથી તેના ધર્મરંગી ચિત્તમાં અપૂર્વ ઉલ્લાસ પ્રગટયો પોતાના પિતાને યુક્તિપૂર્વક જિનધર્મમાં આસ્થાવાળા બનાવવાની ભાવના થઈ.

અને તે મુજબ તેમણે ધર્મનિષ્ઠ પોતાની માતા ચેલ્લણાના સહયોગથી પોતાના રાજવી પિતા શ્રેણિકને જૈન ધર્મના અદ્ભૂત મર્મના જાણકાર બનાવી. ધીમે-ધીમે સાચા શ્રી વીર-ભક્ત બનાવી દીધા.

શ્રી અભયકુમાર સાચે જ તે કાળના જૈન નરરત્ન હતા. પ્રત્યેક જટીલ પ્રશ્નને ઝડપથી ઉકેલવામાં તે અજોડ હતો.

મહારાણી ચેલ્લણાનો દોહદ :-

પટ્ટરાણી ચેલ્લણા ગર્ભવતી થયા. તેમને ગર્ભના પ્રભાવે એક એવો દોહદ ઉત્પન્ન થયો કે, "હું સુંદર બાગ-બગીચાવાળા અને એક સ્થંભવાળા મહેલમાં રહું." ચેલ્લણા રાણીએ વિચાર્યુ કે, 'આ દોહદ કોઇનાથી પુરો કરાય તેમ નથી.' એમ જાણી આ વાત કોઇને કહી નહીં. રાણી ધીમે ધીમે માનસિક ચિંતાથી મૂંઝાવા માંડયા, તેની વિપરીત અસર તેમના શરીરના આરોગ્ય પર થઈ.

મહારાણીને એક વખત ઘણા દુર્બળ થયેલા જોઇને શ્રેણિક મહારાજાએ પૂછ્યું કે 'મહારાણી! આપણે ત્યાં કોઈ પ્રકારના દુઃખ નથી છતાં તમે શા કારણથી ઉદાસ અને દુર્બળ દેખાઓ છો?

પ્રથમ ચેલ્લણા રાણી કાંઇ બોલ્યા નહિ, પરંતુ મહારાજાએ આગ્રહ પૂર્વક પૂછ્યું ત્યારે તે બોલ્યા કે, 'મને કેટલાય વખતથી રાજન્! મને સુંદર ઉદ્યાનમાં એક સ્થંભવાળા મહેલમાં રહેવાનો દોહદ ગર્ભના પ્રભાવથી થયો છે. તે મેં કોઇને કહ્યું નથી તે કારણે જ હું શરીરે સુકાતી જાઉં છું.'

ચેલ્લણાનું કહેવું સાંભળી શ્રેણિક રાજાએ કહ્યું : "હે રાણી! તારે પ્રથમથી આ બાબત મને કહેવી જોઇતી હતી. હું ગમે તે ઉપાયે તારા આ મનોરથને

પુરો કરત, કાંઇ નહિ. હવે પુરો કરીશ, માટે હવે કોઈ પ્રકારની ચિંતા કરીશ નહિ.

રાજાના વચન સાંભળી ચેલ્લણા પ્રસન્ન થઇ આનંદ પૂર્વક રહેવા લાગી.

મહામંત્રીશ્વર અભયકુમાર નિત્ય ક્રમ પ્રમાણે સવારે મહારાજાને પ્રણામ કરવા આવ્યો, ત્યારે શ્રેણિકે કહ્યું, "અભય ! પટ્ટ મહારાણીને ઉદ્યાનમાં એક સ્થંભવાળા મહેલમાં રહેવાનો દોહદ ઉત્પન્ન થયો છે; તે દોહદ તારી બુદ્ધિથી પૂરો કર."

બુદ્ધિવંતો અભયકુમાર બોલ્યો: "રાજન્ ! તમારે આ બાબતમાં ચિંતા કરવી નહિ, હું થોડા જ ટાઇમમાં દોહદ પૂરો કરાવીશ."

અભયકુમાર પોતાના સ્થાને આવી વિચાર્યું કે, 'દેવની સહાય વગર આવો દોહદ પુરો થાય તેમ નથી. તેથી અભયકુમારે અઠ્ઠમ કરી (નકોરા ત્રણ ઉપવાસ કરી) શાસન દેવની આરાધના કરી, તેથી દેવ, અભયકુમાર આગળ પ્રગટ થઇ, "પોતાની આરાધના-યાદ શા માટે કરી છે ?' એમ દેવે અભય કુમારને પૂછયું.

મહામંત્રીશ્વર અભયકુમારે કહ્યું, "હે દેવ મારા માતા ચેલ્લણા મહારાણીને એવો દોહદ થયો છે કે "હું સુંદર ઉદ્યાનમાં એક સ્થંભવાળા સુંદર

મહેલમાં રહુ !" તો આપ એક ઉદ્યાનમાં સર્વ ઋતુઓનાં ફળોથી શોભતા, તેમાં એક સ્થંભવાળો મહેલ બનાવી આપો."

દેવને કઈ વાત અશક્ય હોય ?

દેવતાએ મહામંત્રીશ્વરના કહેવા પ્રમાણે એક ઉદ્યાનમાં એક સ્થંભવાળો સુંદર મહેલ બનાવી આપ્યો. તેથી મહારાજાએ તે મનોહર મહેલમાં પટ્ટ-રાણીને રહેવા માટે મોકલ્યા. મહારાણી ખૂબ પ્રસન્ન ચિત્તે ત્યાં રહેવા લાગ્યા.

એમ સમય આનંદપુર્વક પાણીના પ્રવાહની જેમ વહી જાય છે.

રાજ ઉદ્યાનમાંથી કેરીઓની ચોરી :

રાજગૃહ નગરમાં એક ચાંડાલ રહે છે, તેની સ્ત્રીને ગર્ભના કારણે "કેરી ખાવાની ઇચ્છા થઇ છે," તેણે પોતાના પતિને વાત કરી કે, ' હે નાથ ! તમે કોઇ પણ રીતે કેરી લાવી આપો, મને કેરી ખાવાની બહુજ ઇચ્છા થઇ છે.'

ચાંડાલે કહ્યું, 'ઋતુ વગર અત્યારે કેરી ક્યાંથી મળે ?' ચાંડાલણીએ કહ્યું, " આપણા રાજાના નવા બાગમાં બધાં વૃક્ષ સર્વ ઋતુમાં ફળ આપે છે; માટે ત્યાં કેરી હોવી જોઇએ." ચાંડાલે કહ્યું, "તારી

વાત સાચી છે, માટે હું તપાસ કરી તારી ઇચ્છા જરૂર પૂરી કરીશ.'

રાજબાગના દરવાજે ચાંડાલ પહોંચ્યો. ત્યાં દરવાજે સખત ચોકી પહેરો હતો. ચાંડાલથી અંદર જવાય તેમ નહોતું, પણ તે બગીચાની પાછળના ભાગમાં જઈ કોટ બહાર ઉભા રહી, પોતાની આકર્ષિણી વિદ્યાના બળે આંબાના વૃક્ષની ડાળી નમાવી બે-ચાર કેરી લઇને ઘેર આવ્યો અને પોતાની સ્ત્રીનો દોહદ પૂરો કર્યો.

હવે એવું બન્યું કે, તે ચાંડાલના સ્પર્શને લીધે તે આંબો એકાએક કરમાઈ ગયો. સવારે માળીએ કરમાઈ ગયેલ આંબો જોયો, અને કેરીઓ ચોરાયેલ જોઇને, તે સમાચાર મહારાજાને આપ્યા. આથી શ્રેણિક રાજાએ ખૂબ તપાસ કરાવી પણ કાંઈ ખબર પડી નહિ. એટલે બુદ્ધિવંતા અભયકુમારને બોલાવી કહ્યું : ' હે અભય ! નવા બાગમાંથી આંબાના ઝાડ પરથી કેરીઓ ચોરાઈ લાગે છે તું તેની તપાસ કરી, ચોરને કોઇ રીતે શોધી લાવ.'

રાજાની આજ્ઞાથી અભયકુમારે ઘણી તપાસ પણ આંબાનો ચોર પકડાયો નહિ. અન્તે....

અભયકુમારે નગર લોકોને ચોકમાં એકઠા કરી તેમની આગળ સૌને ગમે તેવી. રોમાંચકારી એક કન્યાની વાર્તા કહી.

મંત્રીશ્વર અભયકુમાર કથા કહે છે :

"કોઈ એક ગામમાં એક વણિક રહેતા હતા. તેને એક કન્યા હતી. ઉંમરે મોટી થવા છતાં તેનો સગપણ થતો ન હતો. કોઇએ કહ્યું કે, "ચોરીને લાવેલ ફુલથી કામદેવની પૂજા કરે, તે કન્યાના લગ્ન તરત થાય છે." તે સાંભળીને તે વણિક કન્યા કીધા વગર એક માલીની વાડીમાંથી રોજ ફુલ લાવીને કામદેવની પૂજા કરવા લાગી.

એક દિવસે તેણે માલીએ ફુલ લેતા જોઈ તેના ઉપર મોહિત થયો, અને અનુચિત માંગણી સાથે પોતાની આકુળ-વ્યાકુળતા પ્રગટ કરવા લાગ્યો. ત્યારે કન્યાએ કહ્યુ : 'હે માળી ! જ્યારે હું પરણીશ ત્યારે પ્રથમ તમારી પાસે આવીશ.' માળીએ કન્યાના વચન ઉપર વિશ્વાસ મૂકી, તે કન્યાને જવાની રજા આપી, થોડા દિવસમાં જ તે કન્યાના ધામધૂમ પૂર્વક કોઈક યુવાન સાથે લગ્ન થયા.

પોતાના પતિને ઘેર આવી તે રાત્રિએ તેણે પોતાના પતિને સાથે વાર્તાલાપ કરતા કહ્યું, "સ્વામિ નાથ ! મારે માથે એક સંકટ ઉભો છે? મારૂં દિલ ખોલીને આપને સાચી વાત કરૂં." સ્વામિએ જિજ્ઞાસા ભાવે તેની સામે જોઈ રહ્યો, તેને કહ્યું, "શું વાત છે?"

પત્નિએ કહ્યું, "સ્વામિ ! જ્યારે હું કુંવારી હતી, ત્યારે માળીને કીધા વગર બાગમાંથી નિત્ય

ફુલ લાવતી અને કામદેવની પૂજા કરતી હતી. એક વખત માળીએ મને ફૂલ લેતા જોઇ અને પકડી. પણ તેને સમજાવી છૂટી ગઈ, પણ તે વખતે તેને મેં એક વચન આપ્યું કે 'જયારે હું પરણીશ ત્યારે પ્રથમ તમારી પાસે આવીશ.' આ વચનના પાલન માટે મારે ત્યાં જવું જ જોઇએ."

સ્વામિનાથ ! આપ કૃપા કરી મને ત્યાં જઇને વચન પાલન કરવા માટે રજા આપો. હું પ્રભુના પ્રતાપે, હું મારું શીલનું રક્ષણ કરીશ. આપ મારા પ્રત્યે વિશ્વાસ રાખશો. હું સદાને માટે આપની જ છું અને આપની રહીશ."

તેના પતિએ વિચાર્યું કે, 'આ સ્ત્રી ખરેખર સત્યવાદી અને નિર્મલ હૃદયવાલી છે, એટલે રહસ્ય જાણવાની જિજ્ઞાસાથી તેને ત્યાં જવાની આજ્ઞા આપી.' એટલે તે ત્યાં જવા માટે નીકળી.

કન્યાને જતા માર્ગમાં ચોર અને રાક્ષસો મલ્યા :

રાત્રિનો સમય હતો. છતાં તે બાઈ નીડરપણે ચાલી જાય છે, તેવામાં રસ્તામાં તેને બે ચાર ચોર મલ્યા, ઘરેણાંથી શોભતી તેને જોઈ રોકીને ઘરેણાં આપી દેવા કહ્યું. તે વખત તે બાઇએ નીડર પણે ટુંકમાં પોતાની વાત કરી અને કહ્યું, કે 'હું મારૂં વચન પાળવા માટે માળી પાસે જઇને પાછી આવું ત્યારે તમને અહિં જ મળીશ. તે વખત તમને યોગ્ય લાગે તેમ કરજો.'



વણિક પુત્રી ને ચોરો

ચોરો કન્યાની હકીકત સાંભળી નવાઈ પામ્યા. તેના ઉપર વિશ્વાસ રાખી તેને જવા દીધી.

ચોરો પાસેથી નીકળી આગળ ચાલી. એટલામાં તેને કેટલાક ભૂખ્યા રાક્ષસો મળ્યા, રાક્ષસોએ તે કન્યાનું ભક્ષણ કરવાની તૈયારી કરી. ત્યારે પણ કન્યાએ નીડરતા પૂર્વક ટુંકમાં પોતાની હકીકત જણાવીને કહ્યું, 'મને મારું વચન પાળીને પાછા આવતાં તમને યોગ્ય લાગે તેમ કરજો.'

રાક્ષસોએ તેની સાચી હકીકત જાણી તેને જવા દીધી. ત્યાંથી નીકળી તે કન્યા બગીચાના માળી પાસે આવી પહોંચી.

માળી તો તેને આવતી જોઈ નવાઈ પામી ગયો. ને ઊભો થઇ તેની પાસે જઇને બોલ્યો: "હે બેન! તારા વચન પ્રમાણે તું લગ્નની પ્રથમ રાત્રિએ મારી પાસે આવી છો, પરંતુ તું પરણેલી હોવાથી, હવે તું મારી બેન છે." એમ કહીને વસ્ત્ર આભૂષણ આપી, પાછી જવાની રજા આપી. અને કહ્યું: 'એક આદર્શ સ્ત્રી થજે.' વચનપાલન માટે તને ધન્યવાદ!

તે સ્ત્રી માળી પાસેથી નિકળીને પોતાના ઘરે પાછા જતાં રસ્તામાં રાક્ષસો મળ્યા. રાક્ષસોએ કન્યાની વાત સાંભળી વિચાર્યું. 'શું આપણે માળીથી પણ હલકા છીએ!' માળીની જેમ તેને વસ્ત્ર-અલંકાર આપ્યા. અને નમસ્કાર કરી વિદાય કરી.



વણિક પુત્રી ને રાક્ષસ

આગળ જતા ગામની પાદરમાં ચોરો મળ્યા. ચોરોએ પણ કન્યાની વાત સાંભળી નવાઈ પામ્યા. અને વિચાર્યું કે માળી અને રાક્ષસો તેને ભેટ આપી તો આપણે પણ ભેટ આપવી જોઇએ. ચોરોએ કાંઈક ભેટ આપી જવા દીધી.

ત્યારપછી તે પોતાના ઘર આવી, તેના પતિને સર્વ સત્ય હકીકત કહી, તે સાંભળી ઘણો રાજી થયો. અને તેની નિડરતાના વખાણ કર્યા. પતિ-પત્નિ બન્ને જાણ સુખપૂર્વક દિવસો વિતાવવા લાગ્યા.'

બુદ્ધિવંતા અભયકુમારે આ વાર્તા નગર જનોને કહી, ને પૂછ્યું: "બોલો સૌથી દુષ્કર કાર્ય કોણે કર્યું કહેવાય!"

શું જવાબ આપવો તેના વિચારમાં સૌ પડયા.

કેટલાક જે વિષયી જનો હતા તે બોલ્યા : "માળી કેવો મૂર્ખ કે આવી નવ યૌવના અને રૂપાળી સ્ત્રીને જતી કરી."

કેટલાક ખાવાના લાલચુ હતા, તે બોલ્યા : "રાક્ષસો કેવા મૂર્ખા કે સારો ભક્ષ આવેલો જતો કર્યો ?"

તે વખતે પેલો રાજબાગમાંથી કેરીનો ચોરનાર ચાંડાલ જે આ વાત સાંભળતો હતો તે બોલી ઉઠયો : "તે ચોરો કેવા મૂર્ખ કે તેમણે ઘરેણાં પહેરેલી નવ યૌવનાને લુંટીયા વિના જવા દીધી ?"

ઉપર પ્રમાણે સર્વના જવાબો સાંભળી પોતાની ઔત્પાતિકી બુદ્ધિના બળે મંત્રીશ્વર અભયકુમારે વિચાર્યું કે, 'આ ભાઈ બોલે તે જ નક્કી કેરીના ચોરનાર હોવા જોઇએ.' એમ જાણી પોતાની સાથે ગુપ્ત ચરો હતા. તેમને સૂચન કરી ચાંડાળને પકડાવી રાજમહેલમાં લઈ ગયો. તેની ઉલટ-સુલટ યોગ્ય તપાસ કરી.

તેને મહારાજા આગળ હાજર કરીને કહ્યું : "આ કેરીનો ચોરનાર ચોર સંભવે છે."

અખુટ બુદ્ધિનિધાન અભયકુમારનું કહેવું સાંભળી શ્રેણિક મહારાજાએ તેને પૂછયું : "સાચે સાચું કહી દે તેં આંબા ઉપરથી કેવી રીતે કેરીઓ ચોરી હતી ?"

ચાંડાલે પણ વિચાર્યું કે, "હું પકડાઈ તો ગયો છું, માટે સાચે સાચું કહી દઉં." આમ વિચારીને તે ચાંડાલ બોલ્યો : "મેં મારી સ્ત્રીનો દોહદ પૂરો કરવા માટે આકર્ષિણી વિદ્યાની વડે પાછળના ભાગે આંબાની ડાળ નમાવીને કેરીઓ લીધી હતી."

મહારાજા શ્રેણિક અને બીજા મંત્રીઓ ચાંડાલની વાત સાંભળી અને ચોર પકડવાની મહામંત્રીશ્વર અભયકુમારની અદ્ભુત કળા જોઈ—સૌ નવાઈ પામ્યા !!

મહારાજાએ ફરમાવ્યું કે : "કેરીના ચોરને સખ્તમાં સખ્ત શિક્ષા કરો !"

મહામંત્રીશ્વર અભયકુમારે મહારાજાને નમ્રભાવે વિનંતી કરતા કહ્યું : "ખરાબ જગ્યાએ રત્ન પડયું હોય તો લઇ લેવું. જોઇએ. આવી કહેવત છે, માટે આની પાસે આકર્ષિણી વિદ્યા છે. તે આપ ગ્રહણ કરો."

મહારાજાએ કહ્યું : "તારી પાસે જે આકર્ષિણી વિદ્યા છે તે મને શિખવ !" આથી તે ચાંડાલે સિંહાસન ઉપર બેઠેલા શ્રેણિક મહારાજાને તે વિદ્યા શિખવવા લાગ્યો, રાજા વિદ્યા શિખવા લાગ્યો, પણ તે વિદ્યા મહારાજાને વારંવાર શિખવાડવા છતાં તે વિદ્યામંત્ર મોંઢે ચડતો નથી. તેથી મહારાજા ચાંડાલ ઉપર ગુસ્સે થઈ બોલ્યા: "તું મને મંત્ર બરોબર શીખવતો નથી." આ સાંભળી ચાંડાલે

કહ્યું : "હું તો મને જે આવડે છે તે જ આપને શિખવાડું છું." પાસે ઉભેલા અભયકુમાર બોલ્યા : "રાજન્! વિદ્યા જો વિનય પૂર્વક ગ્રહણ કરાય તો જ જલ્દી આવડે." એ શાસ્ત્ર વચન છે, 'વિનય વિના વિદ્યા નહિ.' માટે આપ આ ચાંડાલ-ગુરુને સિંહાસન ઉપર બેસાડી આપ તેની સામે જમીન પર બેસીને વિદ્યા ગ્રહણ કરો."

રાજાએ તેમ કર્યું એટલે વિદ્યા તરત જ મહારાજાને મોઢે ચડી ગઈ.



ચાંડાલ સિંહાસને બેસી રાજાને વિદ્યા શિખવે છે.

મહારાજાએ ત્યારપછી કેરીની ચોરી બદલ તેને શિક્ષા કરવાનું કહ્યું.

બુદ્ધિવંતા અભયકુમાર હસીને બોલ્યા, "રાજન! હવે તો આ ચોર નથી, તે આપના વિદ્યા ગુરુ થયા. એટલે તેમને દંડમાંથી મુક્ત કરી ગુરૂને દક્ષિણા આપી તેનું સન્માન કરો." મહામંત્રીશ્વરના કહેવા પ્રમાણે.

મહારાજાએ ચાંડાલને ખૂબ ધન આપી, વસ્ત્ર અલંકારો આપી બહુમાન કરી વિદાય કર્યો.

આ પ્રમાણે વિનય વડે વિદ્યા ગુરૂનું બહુમાન ભાવથી દરેકે કરવું જોઇએ : યાદ રાખી લો "નમ્રતા એ જ મહત્તાનો પાયો છે."

પરમ તારક શ્રી તીર્થંકર પ્રભુનો ધર્મ જેને રગે રગમાં રમ્યો તેના કાર્યો કેવા એક પછી એક સહજમાં ઉકલે છે. દરેક કાર્યોમાં અભયકુમાર મહામંત્રીશ્વરની બુદ્ધિની પ્રતિભા દેખાઇ આવે છે.

આર્દ્રકુમારની મૈત્રી

શ્રમણ ભગવાન શ્રીમહાવીરના અનેક પ્રવચન-ધર્મદેશના સાંભળી અભયકુમાર એવા તો ઘડાઇ ગયા કે, તેમની મૈત્રી વાંછનારએ પહેલા તેની પાત્રતા-યોગ્યતા કેળવવી પડે.

મંત્રીશ્વર સાથે મૈત્રીથી કોઈ જોડાય તો તેનું જીવન પરિવર્તન થયા વગર રહે જ નહિં. રાજગૃહ નગરનો પ્રસિદ્ધ કસાઇ કાળશૌરિકનો પુત્ર સુલસ અભયકુમારના સમાગમમાં આવતા હિંસા વિરોધી થઈ ગયા. તે પરમ અહિંસા ધર્મ માનતો થયો.

ભગવાન શ્રીમહાવીર પરમાત્મા પૃથ્વી ઉપર વિચરતા હતા અને રાજા-મહારાજાઓને સાચા ધર્મ માર્ગે જોડતા હતા, જ્યારે શ્રેણિક મહારાજાનું મગધમાં સામ્રાજ્ય જામ્યું હતું. ત્યારે દૂર દૂરથી બીજા દેશના અહીંના વેપારીઓ વેપાર કરવા આવતા અને દુર દુર દેશમાં જતા હતા.

તે વખતે અનાર્ય દેશમાં આર્દ્રક નામે × રાજા રાજ્ય કરતો હતો. કેટલાય વખતથી તે આર્દ્રક રાજાને અને શ્રેણિક રાજાને વંશપરંપરાથી પરસ્પર મૈત્રી સંબંધ જોડાયેલ હતો. બન્ને રાજાઓ પરસ્પર મૈત્રીના કારણે પ્રસંગ પામીને અરસ-પરસ ભેટણા મોકલાવતા-પ્રિતિથી પત્ર લખતા અને કુશળ સમાચાર પૂછાવતાં.

એક પ્રસંગ પામીને જ્યારે શ્રેણિક રાજા તરફથી ભેટણું લઈને મંત્રીઓ તે દેશમાં ગયા. તે મંત્રીઓએ ભેટણું આપીને કુશળ સમાચાર પૂછયા. તે વખતે આર્દ્રક રાજાનો પાટવી પુત્ર આર્દ્રકુમાર સભામાં બેઠો હતો. તેને મંત્રીઓને કહ્યું કે,

"તમારા શ્રેણિક રાજાને નવયુવાન પુત્ર છે?" અને તેનું શું નામ છે? વિગેરે પરિચય પૂછયો.

મંત્રીઓએ આર્દ્રકુમારને અભયકુમારનો આછો પરિચય આપ્યો. અને તે મહામંત્રીશ્વરપદે



આર્દ્રક રાજા

× આજે જે એડન નામે ઓળખાય છે, તે આર્દ્રક રાજાનો દેશ-પ્રદેશ હોય એવું સંભળાય છે. પછી તો જ્ઞાની જાણે તે સાચું.

પાંચસો મંત્રીઓ ઉપર મુખ્ય હોદ્દો ભોગવે છે, તે મહાન કાર્યકુશળ અને બુદ્ધિના ભંડાર છે. મગધ-રાજાના ખૂબ જ માનીતા પણ છે. તેમજ ધર્મ પાલનમાં પણ અગ્રેસર છે. અને દુર દુર દેશોમાં તેમની અદ્દભુત ખ્યાતિ છે.


મંત્રીઓ દ્વારા શ્રી અભયકુમાર મંત્રીશ્વરનો ટુંક પરિચય સાંભળીને આર્દ્રકુમારને તેની સાથે મૈત્રી કરવાની ઇચ્છા જાગી; મંત્રીઓને કહ્યું : ‘ તમે પાછા પોતાના દેશમાં જવાના હો, ત્યારે મને મળીને જજો.’ થોડા દિવસ પછી આર્દ્રક રાજા તર-ફથી શ્રેણિક મહારાજા ઉપરનો પત્ર અને ભેટો લઇ મંત્રીઓ પાછા મગધ આવવા રવાના થયા, તે વખતે આર્દ્રકુમારને મલ્યા અને કહ્યું : ‘ અમે સ્વદેશ તરફ જઈએ છીએ.’ કામ હોય તો ફરમાવો.

તે વખતે આર્દ્રકુમારે અમૂલ્ય મણિ–પરવાલા મોતિ અને ઊંચી જાતના રેશમી વસ્ત્રો વગેરે અભયકુમાર માટે ભેટ મોકલાવ્યા ને પત્ર લખી આપીને કહ્યું કે, “અભયકુમારને પ્રણામ કહી મારા તરફથી મૈત્રી સંબંધ બાંધવા જણાવશો.” મંત્રીઓ ત્યાંથી રવાના થઇ મગધ આવ્યા. આર્દ્રક રાજા તરફથી મળેલ ભેટો શ્રેણિક મહારાજાને આપી.

બાદ મંત્રીઓ મહામંત્રીશ્વર અભયકુમારને પણ આર્દ્રકુમારનો પત્ર અને ઉત્તમ ભેટો આપીને જણાવ્યું કે ત્યાંના રાજકુમારે આપની સાથે મૈત્રીની પ્રબળ ઈચ્છા પ્રગટ કરી છે.

આર્દ્રક રાજાના દેશથી પાછા આવેલા મંત્રીઓ અભયકુમારને જ્યારે મળ્યા ને આર્દ્રકુમારે પોતાના તરફથી મૈત્રી સંબંધ કરવાની ઇચ્છા પ્રગટ કરી છે એમ કહ્યું. ત્યારે અભયકુમારે મનમાં વિચાર્યું કે, 'આ કોઈ ઉત્તમ આત્મા છે ને કર્મવશ તે અનાર્ય દેશમાં જન્મ્યો છે, માટે મારે તેને ધર્મ પમાડવો જોઇએ. પુનઃપ્રસંગ આવતા અભયકુમારે પારિણામિક બુદ્ધિના પ્રભાવે પરમતારક દેવાધિદેવ પરમાત્માની ભવ્ય મૂર્તિ સુંદર મખમલની પેટીમાં પેક કરીને મોકલાવી. અને સંદેશ લખી આપ્યો કે "આ મોકલાવેલ ભેટ એકાન્તમાં ખોલજો." અનુક્રમે તે ભેટ આર્દ્રકુમારને પહોંચાડવામાં આવી.

આર્દ્રકુમારને અભયકુમાર તરફથી ભેટણું લેખમાં સૂચના પ્રમાણે આર્દ્રકુમારે એકાન્તમાં પેટી ખોલીને જોયું, ત્યારે પ્રથમ તો આર્દ્રકુમાર નવાઇ પામ્યો, પછી અદ્ભૂત વસ્તુ જોઇ વિચારવા લાગ્યો, 'આ કેવા પ્રકારના આભૂષણ હશે?'



ખૂબ વિચાર કરતાં કરતાં તે આર્દ્રકુમાર ઊહાપોહ કરતા મૂર્છા આવીને જાતિ સ્મરણ જ્ઞાન થયું. જાણે કોઇ ફીલ્મનો દશ્ય જોતો હોય તેમ પોતાનો પૂર્વભવ આંખ સામે દેખાવા લાગ્યો.

આ હા! શ્રી જિનેશ્વર દેવની-આદેશ્વર પ્રભુની મૂર્તિ છે ઈત્યાદિ સર્વ સમજાયું. તેણે ભાવપૂર્વક વંદન કર્યું. તેનું મન આર્યાવતમાં-મગધ દેશમાં જવાને ઉત્સુક બન્યું. તેણે પોતાના પિતા આર્દ્રક રાજાને મગધ દેશમાં જવાની વાત કરી. ત્યારે પિતાએ નિષેધ કર્યો. એની ચેષ્ટા જોઇને એ ભાગી ન જાય તે માટે પાંચસો ચોકીદારો રાખ્યા.

આર્દ્રકુમારે ધીરે ધીરે ચોકીદારોને વિશ્વાસ પમાડીને, એક દિવસ પ્રભુ પ્રતિમા સહિત નાશી છૂટયો. આર્યાવત-ભરતમાં આવ્યા પછી પૂજ્ય આ. શ્રી પુણ્યનંદનસૂરિજી ભગવંતનો પરિચય થયો. તેમની ધર્મદેશના સાંભળી તે દીક્ષા લેવા તૈયાર થયો. તે વખતે દેવતાએ આકાશવાણી કરી, "હે આર્દ્ર-કુમાર! તમારે ભોગાવલી કર્મ ભોગવવાના બાકી છે માટે દીક્ષાની ઉતાવળ ન કરો, પછીથી સંયમ લેજો." છતાં તે વચનને ન ગણકારતાં આર્દ્રકુમારે

પરમ ભાગવતી જૈન દીક્ષા લીધી. અને આત્મ કલ્યાણ સાધ્યું, જોયું ને અભયકુમારની પારિણામિક બુદ્ધિનો પ્રભાવ શાસ્ત્રોમાં લખેલ જોવા મળે છે.

માટે જ લોકો દિવાળીમાં ચોપડે લખે છે કે, "અભયકુમારની બુદ્ધિ હજો." અભયકુમારની બુદ્ધિ માંગનારાઓએ અવશ્ય વિચારવું જોઇએ કે આવા બુદ્ધિવંત અભયકુમારે પણ શું શું કર્યું ? કેવી રીતે જીવન જીવ્યા ? પિતા-મહારાજા શ્રેણિક આખો રાજપાટ આપતા હતા ન લીધો, કારણ કે 'હું રાજા થઈશ તો-રાજેસરી નરકેસરી માટે દીક્ષા લેવાની ભાવનાથી રાજપાટ લેવાની ના પાડી.

યાદ રાખો અભયકુમારને એક કરોડને એકોતેર ગામનો વહીવટ હોવા છતાં એક દિવસ પણ સામાયિક મૂકી શકતા નહી. 'તમારૂં' કેમ છે ?

સર્વજ્ઞ ભગવંતે કહ્યું છે કે, "જેને લાગ્યો આત્માનાં રંગ તેનો થયો મિથ્યાત્વનો ભંગ."

આપણા જીવ-આત્માએ અનંત કાળથી પ્રદ્‌ગલનો સંગ કર્યો છે. તમે કહો છો ને ? જેવો સંગ તેવો રંગ અને સોબત જેવી અસર" પ્રદ્‌ગલનો સંગ કરશો તો તો પ્રદ્‌ગલનો રંગ લાગશે એટલું તો સમજાય છે ને ? અને આત્માનો સંગ કરશો તો આત્માનો રંગ લાગશે. પ્રદ્‌ગલ આત્માથી પર છે, તે માટે સદા ધ્યાન રાખો, અને તે બાબત વધુ સમજવું હોય સંતસંગ કરો.

કઠિયારાની ભાગવતી દિક્ષા :-

ભગવાન મહાવીરના પાવન પગલાંથી પવિત્ર બનેલી રાજગૃહી નગરીમાં પ્રભુ મહાવીર સ્વામીના પાંચમા ગણધર આર્ય શ્રી સુધર્માસ્વામીજી ધર્મનો મર્મ સમજાવતી વાણીનો મંગલ ઘોષ વહાવી રહ્યા હતા.

સુધર્માસ્વામીની અમૃતમય દેશના સાંભળી કેટલાક શ્રેષ્ઠી પુત્રો, શ્રેષ્ઠીઓ અને કેટલીક યુવાન કુંવારી શ્રેષ્ઠી પુત્રીઓએ મુમુક્ષુ ભાવે ઓચ્છવ મહોત્સવપૂર્વક દીક્ષાઓ લીધી.

વૈરાગ્યવાન્ આત્માઓની રાજગૃહી નગરીના નગરજનો ભૂરી ભૂરી અનુમોદના સાથે વધુ પ્રશંસા કરતા હતા. આ રીતે ધર્મનું વાતાવરણ ઠીક પ્રમાણમાં જામ્યું હતું. આવી રીતે કેટલાય દિવસો ધર્મમય અને આનંદમંગલમાં વીતી ગયા.

દિન પ્રતિદિન ધર્મની અદ્‌ભૂત વૃદ્ધિ થઈ રહી હતી. આ નગરીના મહારાજા શ્રેણિક અને મહામંત્રીશ્વર અભયકુમાર પણ આ રીતે ધર્મની પ્રશંસા સાંભળી અતિ પ્રસન્ન થયા.

રાજગૃહી નગરીમાં ગણધર ભગવંતની સ્થિરતા દરમિયાન દૂર દૂરથી ભાવિકો, ખેડૂતો, કઠિયારા વિગેરે સર્વ કોમના મધ્યમ અને ગરીબ વર્ગના

માણસો પણ આ અમૃતમય ધર્મદેશના સાંભળવા હોંશે હોંશે આવતા. અને આ દેશનાના પ્રભાવે યથાશક્તિ વ્રત નિયમ વગેરે ગ્રહણ કરી ધર્માભિમુખ થતા.

એક ગરીબ કઠિયારો હતો. તેની પાસે કંઈ ધન, માલમિલકત ન હતી, પરંતુ કેવળ ખભે કુહાડી લઇ જંગલમાં સવારે જઈ લાકડાં કાપી તેનો ભારો બાંધી, ઉપાડી બજારમાં લાવી તે વેચતો, અને તેમાં જે કંઈ ઉપાર્જન થાય તેનાથી પોતાનો નિર્વાહ ચલાવતો.

આ કઠિયારો પણ કેટલાય દિવસથી ધર્મદેશના સાંભળવા હોંશે હોંશે આવીને બેસતો. અને પૂ. ગુરૂદેવની મધુરી વાણી સાંભળી ગદ્ગદિત થતો. વ્યાખ્યાન પછી મોડો જંગલમાં જતો. અને લાકડાં કાપી લાવી બજારમાં વેચતો. કદીક ઓછા પૈસા મળતા, તોય તે ઉદાસ નહોતો થતો; કારણ કે તેને હૈયે પરમ તારક ગુરૂદેવની વાણી સાંભળ્યાનો હરખ રહેતો. અને સંતોષથી જીવન જીવતો.

ગણધર ભગવંતની મધુરી વાણીથી ગરીબ કઠિયારો ધર્મનો મર્મ સમજતો થયો. અને આથી તેને સંસારની અસારતા હૃદયમાં સમજાઇ. તેણે નાનાં નાનાં વ્રતો લેવાનો મહાવરો પાડયો. અને પ્રતિદિન ધર્મવાણી સાંભળીને મનમાં વૈરાગ્ય ભાવ

ઉત્પન્ન થયો. આથી તેના મનમાં થયા કરતું કે, "મને ગુરૂદેવ દીક્ષા આપે તો કેવું સારું ?" એમ કરતાં બેચાર દિવસ ભાવના ભાવતો રહ્યો. એક દિવસ પોતાની ઇચ્છા સાધુ ભગવંત પાસે પ્રગટ કરી અને કહ્યું, "હે ભગવંત ! મને પરમ પાવની દીક્ષા આપો ખરા ?" સાધુ મુનિરાજે આ વાત પૂજ્ય ગણધર ભગવંતના કાને નાખી.

પરમ દયાળુ ગણધર ભગવંતે તે ભાવિક કઠિયારાને પાસે બેસાડી તેના હૃદયના ભાવો જાણ્યા. આથી ગણધર ભગવંતને લાગ્યું કે, આ કઠિયારો નિર્ધન છે, પણ હળુકરમી છે અને ઉત્તમ આત્મા છે. ગણધર ભગવંતે પોતાના જ્ઞાનબળથી જાણ્યું, કે આ આત્મા પોતાનું કલ્યાણ કરી જશે ! તેથી તેને દીક્ષા આપવામાં કંઈ વાંધો નથી. એમ વિચા-રીને સંઘ સમક્ષ શુભ મૂહુર્તે દીક્ષા આપી અને અને પોતાના શિષ્ય પરિવારમાં ભેળવી દીધો. ભાવિકો દીક્ષાની અનુમોદના કરતા હતા.

આ કઠિયારા મુનિને ગોચરી–પાણી લેવા જતા આવતા જોઈને અજ્ઞાની મનુષ્યો ગેરસમજથી બોલવા લાગ્યા અને રાજગૃહીમાં પણ ઠર–ઠેર દીક્ષાની નિંદા થવા લાગી.

કોઈ કહે, "કમાવાની શક્તિ હતી નહિ એટલે એણે તો દીક્ષા લઇ લીધી."

તો કોઇ કહે, "આવા કાયરને તે દીક્ષા અપાતી હશે ?"

તો વળી કેટલાક એમ પણ બોલવા લાગ્યા : "હવે બિચારો રોટલા ભેગો તો થયો !"

રાજગૃહી એટલે ધર્મપુરી.

જ્યાં શ્રમણ ભગવાન મહાવીરે અનેક ચાતુર્માસ કર્યાં છે, તે બડભાગી નગરી.

જ્યાં શ્રવણ ભગવાનના અનન્ય ભક્ત મહારાજા શ્રેણિકનું રાજ તપતું હતું તે નગરી.

જ્યાં બુદ્ધિ નિધાન અભયકુમાર મહામંત્રીશ્વર તરીકે હોદ્દો સંભાળતા હતા તે નગરી.

એક સાંજે દેરાસરથી પાછા ફરતી વખતે અભયકુમારે નગરજનોમાં ચાલતી નિંદાના કેટલાક શબ્દો સાંભળી લીધા.

આ કડુ શબ્દો તેમને ખરેખર ખટકયા.

તેમ છતાં વધુ ચોકસાઈ ખાતર તેમણે પોતાના વિશ્વાસુ રાજસેવકોને સાચી હકીકત મેળવવા માટે નગરમાં મોકલ્યા.

બીજે દિવસે એ રાજસેવકો સમાચાર લાવ્યા કે, "નગરમાં દીક્ષાની નિંદા થઈ રહી હોવાનો આપનો તર્ક સાચો છે. તૂટક-તૂટક શબ્દોમાં દીક્ષા

માટે ઘસાતા જે સમાચાર આપે સાંભળેલા તે ખરા છે.”

મંત્રીશ્વર અભયકુમારને થયું. આ તો ગજબ થયો ગણાય. જે રાજ્યનો હું મહામંત્રી છું, તેના જ પાટનગરમાં જૈન દીક્ષાની છડેચોક નિંદા થાય તે મારા માટે પણ નામોશીરૂપ ઘટના ગણાય.

પણ લોકમાનસ અનાદિ કાળથી કંઈક એવા પ્રકારનું રહ્યું છે કે, તે ‘ સારામાંથી પણ ‘સારૂં’ ગ્રહણ કરવાને બદલે તેમાંથી પણ ‘નબળું’ ગ્રહણ કરી લેતું હોય છે.’

તે રાતે અભયકુમારને ઊંઘ ન આવી.

પોતાના નગરમાં ચાલતા દીક્ષા સામેના પ્રહારોને પાયામાંથી નાબૂદ કરવાની ગંભીર વિચારણા તેમના મનમાં ચાલી રહી હતી.

દીક્ષાની તો અનુમોદના જ હોય.

મારો એક પણ પ્રજાજન દીક્ષાની નિંદા કરીને મહાપાપમાં પડે તેમાં ઓછા-વત્તા અંશે હું પણ જવાબદાર ગણાઉં. આ મહારોગનો ચેપ વધુ ન ફેલાય તે પહેલાં જ મારે તેને મૂળમાંથી ડામી દેવો જોઇએ. જે નગરજનો આજે વગર સમજ્યે પરમપાવતી દીક્ષાની નિંદા કરે છે તેમને આવતી

કાલે દીક્ષાની અનુમોદના કરતા, પ્રશંસા કરતા, જો હું ન કરૂં તો હું અભયકુમાર નહિ.

મોડી રાત સુધી ગંભીર ચિંતન કર્યા બાદ મહામંત્રીશ્વર અભયકુમારે એક ઢંઢેરો તૈયાર કર્યો.

બીજો દિવસ થયો.

અભયકુમારે રાજ્યના દાંડી પીટનાર સેવકને બોલાવીને લેખિત તે ઢંઢેરો તેને આપ્યો અને કહ્યું, "આ ઢંઢેરાનો સંદેશો આજ બપોર સુધીમાં આખા નગરમાં ફેલાઇ જાય તે રીતે રાજ્યના મુખ્ય દરેક માર્ગો ઉપર ઊભા રહીને તારે તેની જોરશોરથી ઘોષણા કરવાની છે."

"જેવી આજ્ઞા" એમ કહીને એ સેવક ઢંઢેરો લઇને રવાના થયો.

તે કાળે જનસમૂહને આકર્ષવા માટે ઢંઢેરાની જાહેરાત પૂર્વે ઢોલ પીટવામાં આવતો હતો, તે મુજબ આ સેવકે પણ નગરના ચાર રસ્તાના સંગમ પર ચોરે અને ચૌટે ઊભા રહીને ઢોલ વગાડયો.

રાજસેવક ઢોલ વગાડે છે એટલે આજે જરૂર કંઈક નવાજુની હોવી જોઇએ, એમ વિચારતા લોકોના ટોળેટોળાં ચોમેર ઊમટી પડયા.

એટલે તેણે શાહી-ઢંઢેરો વાંચવાની શરૂઆત કરી:



ઢંઢેરાની જાહેરાત થાય છે.

“હે રાજગૃહીના નગરજનો! આપ સહુને આનંદ સાથે જણાવવાનું કે આજે સાંજે ત્રીજા પહોર પછી મહામંત્રીશ્વર અભયકુમાર નગરના મુખ્ય ઉદ્યાનમાં પધારવાના છે. આજની સભામાં મહામંત્રી પોતે મોટાં મોટાં ઈનામોની જાહેરાત કરવાના છે. કયા ભાઈઓ તેમજ બહેનો આ ઈનામને પાત્ર છે, તેની સઘળી સ્પષ્ટતા મહામંત્રીશ્વર પોતે ત્રીજા

પહોર પછી સભા સ્થળે કરશે. માટે આજે સહુએ સમયસર ઉધાનમાં આવી પહોંચવું."

ઈનામોની વહેંચણીની વાત વાયુવેગે આખા નગરમાં ફેલાઈ ગઈ.

ઉત્સાહી નગરજનો બપોરથી જ ઉધાન તરફ જવા માંડયા.

મનોહર આ ઉધાનમાં, વિશાળ એક મેદાન પણ હતું.

તેની વચ્ચે પાકો બાંધેલો મંચ હતો.

જેમ-જેમ સમય વીતવા લાગ્યો તેમ-તેમ સભાજનો મહામંત્રીશ્વરની પ્રતિક્ષામાં ઊંચા-નીચા થવા લાગ્યા.


સૂર્યનો તાપ ઠંડો પડયો એટલે બરાબર ત્રીજા પહોર પછી તરત જ મગધના મહામંત્રીશ્વર પ્રતાપી મુદ્રામાં સભાસ્થાને આવી પહોંચ્યા.

"મહામંત્રીશ્વરની જય હો" ના નાદથી આખો ઉધાન ગાજી ઊઠયો.

તેમાં પંખીઓએ પણ સૂર પૂરાવ્યો.

સભાજનો પર સ્નેહભીની એક નજર ફેરવીને મહામંત્રીશ્વર ઊભા થયા.

તેમના ટેબલ ઉપર સવા સવા લાખ રૂપીયાની કિંમતનાં મૂલ્યવાન રત્નો હતાં.



એ રત્નો સભાજનોને બતાવીને તેમણે મૂળ વાત શરૂ કરી.

" આ જે કિંમતી રત્નો આપ સહુ જોઈ રહ્યા છો, તે અહીં વહેંચવા માટે હું લાવ્યો છું. જે કોઇ પોતાની પાંચ ઇન્દ્રિયો પૈકી કોઈ એક પણ ઇન્દ્રિયને બરાબર વશ કરવાની પ્રતિજ્ઞા લેશે તેમને આ સવા લાખની કિંમતનું એક રત્ન હું સપ્રેમ ભેટરૂપે આપીશ."

મહામંત્રીશ્વરની આ વાત સહુ સભાજનોને ગમી ગઈ. સવા સવા લાખના રત્નો લેવાની કોની

ઈચ્છા ન થાય ? સંસારના મોહથી ઘેરાયેલા મનુષ્યો દ્રવ્ય સિવાય બીજી શી ઈચ્છા કરે ?

દરેક જણ રત્ન મેળવવા માટે થનગનવા લાગ્યો. સભાજનોનો થનગનાટ શા કારણે છે તે જાણીને અભયકુમારે સ્પષ્ટતા કરી: "આ રત્નો હું તમારા માટે લાવ્યો છું તે સાચું. પણ તે તેને જ અપાશે જે પોતાની કોઇ પણ એક ઇન્દ્રિયને વશ કરવાની પ્રતિજ્ઞા લઇને, કસોટીમાં સો ટચનો શુદ્ધ પૂરવાર થશે. એટલે કે "હું મારી આંખને અંકુશમાં રાખવાની પ્રતિજ્ઞા લઉં છું" એમ જાહેર કરનારા માનવીની હું પરીક્ષા લઇશ, રૂપયૌવનવંતી કન્યાને જોતા વેંત જો તેની આંખના ભાવમાં જરા જેટલો પણ ફેર નહિ પડે, તેમાં સ્વાભાવિક નિર્દોષતા મને પ્રતીત થશે, તો હું તેને એક રત્ન ભેટરૂપે આપીશ."

મહામંત્રીએ કરેલા આ ખુલાસાથી કિંમતી રત્ન મેળવી લેવા માટે અધીરા બનેલા સભાજનો ઢીલા ઢફ પડી ગયા. પરીક્ષાની વાતે તેમને નિરાશ બનાવી દીધા.

સભાજનોની માનસિક સ્થિતિનો અભ્યાસ કરીને મહામંત્રીશ્વર બોલ્યા: 'મેં જે સ્પષ્ટતા કરી છે તેની ગંભીરતા વિચારી-સમજીને હવે જે સભાજન પ્રતિજ્ઞા લેવા ઊભો થશે, તેને હું આ રત્નોમાંથી એક એક રત્ન આપીશ.'

'પણ આ શું ?'

હજારો સભાજનોમાંથી કોઈ એક પણ સભાજન જો આંખ ઊંચી કરીને મહામંત્રીશ્વર તરફ જોતો પણ નથી.

સહુના મનમાં એકજ પ્રશ્ન છે, કે પરીક્ષામાં પાસ ન થઈ શકાય તો ?

આવા વિચારથી સભાજનો ઠંડાગાર બની સભાસ્થાન છોડીને જવાની તૈયારી કરવા લાગ્યા.

મહામંત્રીએ તેમને રોકયા; અને મૂળ વાતનો દોર હાથમાં લઇને બોલ્યા." જો તમારામાં તમારી એક ઇન્દ્રિયને વશમાં રાખવા જેટલું હૈવત નથી. તો આ જ નગરના એક કઠીયારા પુણ્યાત્માએ પોતાની પાંચે ઇન્દ્રિયોને વશમાં રાખીને પવિત્ર સાધુજીવન અંગીકાર કરવાની પ્રતિજ્ઞા લીધી છે, તેમની તમારે હાંસી ઊડાડવી જોઇએ કે અનુમોદના કરવી જોઇએ ? મને કહેતાં શરમ આવે છે કે આ ધર્મપુરીમાં રહેનારા તમને દીક્ષાની નિંદા કરવાનો નિંદનીય વિચાર આવ્યો શા માટે ? મારો તમને જાહેર પડકાર છે કે, હવે બોલાવો એ પૂજ્ય સાધુ ભગવંતને અને આગ્રહ કરીને પણ આ રત્નો તેમને આપવાની કોશિશ તમે કરો ! તમને ત્યાં ને ત્યાં ખાતરી થઈ જશે કે એમણે દીક્ષા દુઃખથી

કરીને નહિ પણ સંસારની અસારતા સમજીને અંગીકાર કરી છે."

મહામંત્રીશ્વરના શબ્દો સહુને અસર કરી ગયા. સહુને પોતાની નબળાઇનો ખ્યાલ આવી ગયો. પોતે-પોતાની એકાદ ઇન્દ્રિયને પણ અંકુશમાં રાખવાનું સામર્થ્ય જ્યારે ધરાવતા નથી. ત્યારે નવદીક્ષિત મહાપુરુષ તો પંચેન્દ્રિય ઉપર પ્રભુત્વ ધરાવે છે, એ હકીકત મહામંત્રીશ્વરના મોંએ સાંભળીને તેમનો સહુનો દીક્ષા તરફનો અનાદરભાવ બદલાઇને શુદ્ધ થઈ આદરભાવમાં ફેરવાઈ ગયો.

કેટલાક સભાજનો મહામંત્રીશ્વર સમક્ષ હાજર થયા અને પોતે દીક્ષાની નિંદા કરીને નગરમાં જે નબળું વાતાવરણ પેદા કર્યું તેથી માફી માગી.

સભા વિસર્જન પૂર્વે છેલ્લી સૂચના કરતાં મહામંત્રીશ્વર બોલ્યા, "ભાગવતી દીક્ષા તો પરમ-પાવની-પરમપદદાયિની છે. જીવનમાં તેના કોડ દરેક-ને હોવા જ જોઇએ, અને જ્યાં સુધી દીક્ષા ન લઈ શકાય ત્યાં સુધી દીક્ષિત ભગવંતોની ત્રિવિધે ભક્તિ દ્વારા જીવનને દીક્ષા માટે લાયક બનાવવાનું લક્ષ્ય તો ન જ ચૂકાય, માટે એ હવે પછીથી કયારેય ન ચૂકશો."

શાણા, સમયજ્ઞ અને દીર્ઘદષ્ટિવાળા મહા-મંત્રીશ્વરે એક પળમાં આખું વાતાવરણ બદલી

નાખ્યું તે જોઈને સભાજનો મહામંત્રીશ્વરની ચતુરાઈના ખૂબ વખાણ કરતા-કરતા ઘરભણી ચાલ્યા.

જ્યારે આ સઘળી હકીકત મહારાજા શ્રેણિકના કાને પહોંચી ત્યારે તેમને પણ એ વાતનો સંતોષ થયો કે : "મહામંત્રીશ્વર તરીકેની પોતાની ફરજોના પાલનમાં અભયકુમારે ક્યારેય આળસ કરતા નથી."

ગઈ કાલે જે નગરજનો જે પરમ પૂજ્ય સાધુ ભગવંતની નિંદા કરતા હતા, તે જ નગરજનો અભયકુમારના ઉપદેશ પછી તે જ સાધુ ભગવંતને ભાવથી વાંદવા માટે ઉપાશ્રયે પહોંચી ગયા.

ત્યાગ અને વૈરાગ્યના રંગેરંગાએલા મુનિરાજને લોકો જ્યારે તેમની નિંદા કરતા હતા અને હવે વાંદવા આવી પહોંચ્યા તે સમયે પણ નગરજનો તરફ દ્વેષ નહોતો અને આજે પણ રાગ નહોતો. પણ તેમના હૃદયમાં સૌને પ્રત્યે સતત આત્મ-તુલ્યતાનો ભાવ જ હતો.

રાગ-દ્વેષના ધકકાથી બચાવી લેનાર ભાગવતી દીક્ષાના ભાવ આપણા મનમાં પણ જાગો.

પરમ તારક આર્ય શ્રી સુધર્માસ્વામીજીની રોચક વાણી સાંભળીને થોડો ભણેલો અને ભદ્ર પરિણામી કઠિઆરો ધર્મ પામી ગયો.

ગતભવમાં કરેલા સુકૃત્યોને યોગે મહાન પુણ્યોદયનો સહજમાં પરમતારક કૃપાળુ પૂજ્ય ગુરૂ દેવે તેને સર્વ વિરતિરૂપ-ભાગવતી દીક્ષા આપી.

મૂળમાંથી કર્મને ઉખેડી નાખે તેવો સર્વ વિરતી ધર્મનો જે ઉપાય મળી ગયો, તેને વિના વિલંબે તેણે આદર્યો. તેમાં એકાકાર થઈ તારક ગુરૂ ભગવંતની પાવન નિશ્રામાં રહી સંયમની ભવ્ય



આરાધના કરવા લાગ્યો. પાપ માત્રનો કંપ....અરેરાટી.......પશ્ચાત્તાપ પૂર્વક શક્તિ ગોપવ્યા વગર તપસ્યાદિ કરી સુંદર સંયમ જીવન જીવી ગયા, અને પાછળ સદાનો આદર્શ મૂકી ગયા.

આજે પચ્ચીસો વર્ષ પછી પણ એ કઠિયારા મુનિવરને આપણે યાદ કરીએ છીએ.

શ્રેણિક મહારાજાએ અભયકુમારને મહામંત્રી શ્વરપદે સ્થાપ્યા. પછી તે સાત્ત્વિક શિરોમણી અભયકુમારે નિર્ભયતા પૂર્વક પોતાની બુદ્ધિથી રાજ અને પ્રજા ઉપયોગી અનેક નાના મોટા કાર્યો કરીને લોકોને આશ્ચર્ય ચકિત કરી નાંખ્યા.

મગધાધિપતિ મહારાજા શ્રેણિકે પોતાની બેન જે વિદ્યાધર સાથે પરણાવેલ તેની પુત્રી સુસેના સાથે

અભયકુમારના લગ્ન કરાવ્યા, તેમજ તે ઉપરાંત બીજી ઉત્તમ ઉત્તમ કેટલીક કન્યાઓ સાથે પાણિ ગ્રહણ કરાવ્યું.

અભયકુમાર પોતાની બુદ્ધિના પ્રભાવે રાજ્યના કેટલાય અશક્ય કાર્યોને શક્ય બનાવ્યા હતા. કેટલાય વખતથી રાજ્યના જે દુશ્મનો હતા. તેવા રાજાઓ વિગેરેને પણ પોતાની વિલક્ષણ બુદ્ધિના પ્રભાવે મિત્રો બનાવી દીધા હતા.

ચંડપ્રદ્યોત રાજગૃહ પર ચડી આવે છે :

માલવ દેશનો ચંડપ્રદ્યોત રાજા, જે સોળ મોટા રાજાઓને પરાજય આપીને પોતાના આજ્ઞાધારી બનાવ્યા હતા. તે એક વખત પોતાનું મોટું બળવાન લશ્કર લઇને અનેક રાજાઓ સાથે રાજગૃહ નગરી ઉપર એકાએક ચઢી આવે છે. એવા સમાચાર પોતાના ગુપ્તચરો મારફત શ્રેણિક, મહારાજાએ જાણ્યા.

મહારાજા શ્રેણિક, મહામંત્રીશ્વર ને પાંચસો મંત્રીઓ, સૈનાધિપતિ વગેરે રાજ્યના મુખ્ય મુખ્ય માણસોની સભા ભરી તેમણે કહ્યું :

"મહારાજા ચંડપ્રદ્યોત સોળ રાજાઓને સાથે લઇ મગધ દેશ તરફ આવે છે. આપણે તે માટે શું કરવું ?" સૌ મંત્રીઓ વગેરે એકી અવાજે કહ્યું

કે, "બુદ્ધિવંતા અભયકુમાર મહામંત્રીશ્વર તેમની ચાતુર્યથી કોઈ પણ માર્ગ ખચિત કાઢશે."

સાહસિક શિરોમણી મહામંત્રીશ્વર અભયકુમારે કહ્યું :

" રાજન ! જ્યારે સામ, દામ, અને ભેદ તે ત્રણ ઉપાયથી કાર્ય સિદ્ધ ન થાય ત્યારે દંડ ઉપાય કરવો, અર્થાત યુદ્ધ કરવું. અન્યથા યુદ્ધ કરવું નહિ. નીતિ શાસ્ત્રમાં કહ્યું છે કે, 'પુષ્પો વડે પણ યુદ્ધ કરવું નહિ. તો પછી તીક્ષ્ણ એવા બાણ વડે તો યુદ્ધ માટે કહેવું જ શું ?"

યુદ્ધમાં વિજયનો સંદેહ રહે છે ને તેમાં ઉત્તમ પુરુષોનો પણ નાશ થાય છે, તે તો ચોકકસ છે.

ચંડપ્રદ્યોતે આપણા ઉપર ચડાઈ કરી છે, તે સંબંધમાં શામ-દામ ઉપાય તો કરવા લાયક નથી; કારણ કે દ્રવ્ય આપવાથી સ્વામી-સેવક ભાવ પ્રગટ થાય છે. વળી લોકોમાં પણ 'આ રાજાએ દંડ આપ્યો.' એમ બોલાય. તેથી આપણા માનની હાનિ થાય, માટે ત્રીજો ઉપાય ભેદ તે જ સાધ્ય કરવા લાયક છે. હે સ્વામી ! જેવી રીતે ભેદ, ઉત્તમ રસાયણનો પ્રયોગ કરાય તો સર્વ રોગો ક્ષણવારમાં નાશ પામે છે, તેવી જ રીતે હું ઈચ્છિત કાર્ય સિદ્ધ થાય તેવો ઉપાય કરીશ.' માટે આપ

આ સેવકનું બુદ્ધિ કૌશલ્ય જુઓ! આપ પૂજ્યે તો સુખે સૂઈ રહેવું, આપ નિશંક રહો, હું બુદ્ધિ પૂર્વક કાંઈ ઊકેલ કાઢી લઈશ.'

અભયકુમારનું ચિંતન :

મંત્રીશ્વર અભયકુમારે પોતાના રાજમહેલે આવી વિચાર્યું કે, શામ, દામ, દંડ અને ભેદ એ ચાર નીતિ છે, અહિં કંઈ નીતિ કામે લગાડવી.

એક બાજુ સગપણે ચંડપ્રદ્યોત રાજા મારા માસા થાય. ચેલ્લણા રાણીના મોટા બેન શિવાદેવી ચંડપ્રદ્યોત સાથે પરણ્યા છે એટલે પિતાજીના સાઢુ થાય. એટલે કેવી રીતે યુક્તિથી કામ લેવું જોઇએ?

મહામંત્રીશ્વર અભયકુમારે પોતાની સૂક્ષ્મ બુદ્ધિએ વિચારી લીધું. જ્યાં રાજગૃહ નગરની બહાર રાજા ચંડપ્રદ્યોતે પ્રથમથી પોતાના તાબાના રાજાઓના મુકામ માટે જગ્યા મુકરર કરી હતી, ત્યાં થોડી થોડી જગ્યાના આંતરે સોનામહોરોના ચરૂ ભૂમિમાં અનેક જગ્યાએ પોતાના માણસો દ્વારા દટાવી દીધા.

જોતજોતામાં માલવાધિપતિ ચંડપ્રદ્યોત પોતાના ખંડીયા સોળ રાજાઓ સાથે આવી પહોંચ્યા રાજગૃહ નગરીને ઘેરો ઘાલી આખી નગરી ઘેરી લીધી.

શ્રેણિક મહારાજાએ રાજગ્રહનગરીના બધાય દરવાજા બંધ કરાવી દીધા. ઘડીભરમાં તો નગરીમાં ગભરાટ ફેલાઈ ગયો. પરચક્રના ભયથી પ્રજાજન જાતજાતની વાતો કરવા લાગ્યા. કેટલાક લોકો તો પ્રભુ ભજન અને ધર્મધ્યાનમાં લાગી ગયા.

કાલે શું થશે તેની ચિંતા સૌને થવા લાગી. સૈન્યને ઘેરો નાખેલ જોઈ નગરજનો જેવી રીતે મીન રાશિમાં શનિ આવે ત્યારે ભયનું વાતાવરણ ઉત્પન્ન થાય, તેમ નગરની પ્રલયની શંકા કરવા લાગ્યા.

પોતાથી મહાન શકિતશાળી મોટું લશ્કર જોઈને સૌ વિચારમાં પડી ગયા.

મહામંત્રીશ્વર અભયકુમારે ચંદ્રપદ્યોત રાજાને એક પત્ર લખ્યો. તે પત્ર લઈને પોતાના દૂતને રાજા ચંદ્રપદ્યોત પાસે મોકલાવ્યો.

"પૂજ્ય માસાશ્રી! રાજરાજેશ્વર શ્રી ચંડ-પ્રદ્યોત મહારાજશ્રીની સેવામાં–

આપના ભાણેજ અભયકુમારના બહુમાનપૂર્વક પ્રણામ વાંચશો. અમે સર્વે કુશળ છીએ. આપની પણ કુશળતા ચાહું છું.

આપનું હંમેશા શુભ ચિંતવનાર સેવકના પ્રણામ સ્વીકારશોજી. અને અત્યારે આપને ઉપયોગી હોવાથી ખાસ જરૂરની વિનંતી ગુપ્ત રીતે કરૂં છું.

હે પૂજ્ય શ્રી ! શિવાદેવી આપણા રાણી મારે તો મારી માતા ચેલ્લણાના સરખા જ પૂજ્ય છે. તેથી જ આ ગુપ્ત વાત લખી રહ્યો છું.

મને ગુપ્ત સમાચાર મલ્યા છે કે, "મગધાધિપતિ શ્રેણિક મહારાજાએ આપની સાથે મદદમાં પધારેલા સામંતોને ગુપ્ત રીતે ખૂબ ખૂબ છૂટે હાથે ધન–સોનામહોરો આપી સાધી લીધા છે."

સાંભળવા મુજબ બે ચાર દિવસમાં જ આપને પશુની માફક દોરડાથી બાંધી શ્રેણિક મહારાજાને સોંપશે.

વળી આપશ્રી જાણતા જ હશો કે, મારા પિતાશ્રી ભેદ નીતિની રાજરમતમાં અતિકુશળ અને કાબેલ છે. તે વાત જગ પ્રસિદ્ધ છે.

શિવાદેવી મારે તો મા બરોબર માસી થાય એ સંબંધે આપ મારા માસા થાઓ છો એટલે આ ગુપ્ત વાત જણાવી છે. માનો યા ન માનો આપની મરજી, આપને ખાતરી કરવી હોય તો આપ આપના કોઇપણ સામંતોના તંબુમાં જઇ ભૂમિ ખોદાવી અમારા રાજ્યના નામનાં અંકીત સોના મહોરોથી ભરેલા ચરૂ મલી આવશે. અને મારી વાત ખોટી છે કે સાચી તે સહજમાં જણાઇ આવશે."

ચંડપ્રદ્યોત રાજાએ પત્ર મળતા બે ત્રણ વખત પત્ર ફરી ફરી વાંચ્યો. મનમાં વિચારે છે કે, અભયકુમારને મારા પ્રત્યે ઘણી લાગણી હોવાથી પત્ર લખ્યો તે, મારે તપાસ કરૂં, ચંડપ્રદ્યોત રાજા તરત જ પોતાના અંગરક્ષક લઇ કોઈ એક બે રાજાના તંબુમાં ભૂમિ ખોદાવી જોઈ, તો વાત સાચી નીકળી.

શ્રેણિક રાજાના નામથીઅંકીત સોનામહોરોથી ભરેલાં ચરુ નિકળ્યા. ખરેખર અભયમંત્રીની વાત સાચી નિકળી. "મરણનો ભય કોને નથી."

વાત તો 'વા' લઈ જાય, તે ન્યાયે પરંપરાએ દેશમાં વાત પ્રસરી કે, ચંડપ્રદ્યોત રાજા રાતોરાત નાશી ગયો અને મહારાજાએ તેનું સર્વસ્વ લૂંટી લીધું.

નાયક વગર સૈન્ય શું કરે! સૈન્યમાં નાશભાગ થઇ, શ્રેણિકના સૈનિકોએ લુંટ ચલાવી સામંતોને પણ કાંઇ સમજાયું નહિ, મહારાજા ચંડપ્રદ્યોત લડયા વગર નાશી કેમ ગયા. બધા સામંતો પાછા જઇને ઉજજયિની નગરીમાં ચંડ-પ્રદ્યોતને મલ્યા ને પૂછયું એકાએક આમ કેમ?

આ વાત કોઇને કહેવાય તેમ નહોતી. બધા જ સામંતો ફુટી ગયા. પછી બીજો કોઇ ઉપાય નહોતો.

રાજા ચંડપ્રદ્યોત બોલ્યા : "તમે દગો રચ્યા શું થાય?"

સામંતો બોલ્યા : "વિશ્વાસઘાતક વારંવાર નરકમાં જાય એવું પાપ અમે કદિ ન કરીએ." એવી સોગન ખાવા પૂર્વક ખાતરી કરાવી. બધા સામંતો એક સાથે બોલ્યા : "સ્વામી તમે અભયકુમારની બુદ્ધિ ન પારખી શક્યા. એ ચમત્કારી અને બુદ્ધિના ભંડારી છે!"

જ્યારે પૂરી વિગતથી સામંતો દ્વારા સર્વ સમાચાર રાજા ચંડપ્રદ્યોતે જાણ્યા. ત્યારે મનોમન સમસમી ગયા. અવસર આવે મંત્રી અભયકુમારની ખબર લઇ લેવી.

સહજમાં બુદ્ધિવંતા અભયકુમારની બુદ્ધિએ વગર યુદ્ધે સૌને ભગાડયા. જેણે જેણે આ વિગત જાણી તે નવાઈ પામ્યા.

આખીય નગરીએ બુદ્ધિવંતા અભયકુમાર મંત્રીશ્વરની 'જય' બોલાવી.

બાળ
મૂર્તિપૂ
તરફ

અભયકુમારને પકડી લાવવાની યોજના :

**અવસરની રાહમાં ચંડપ્રદ્યોત સમય વિતાવે છે.**

એક વખત ચંડપ્રદ્યોત રાજાએ પોતાની રાજસભામાં જાહેર કર્યું કે, "અભયકુમારને કોઈ પણ રીતે પકડીને મારી સમક્ષ રજુ કરશે, તેને મોં માંગ્યું ઈનામ આપવામાં આવશે." બુદ્ધિવંતા અભયકુમારની ખ્યાતિ તે કાળે પણ મહાન બુદ્ધિવાન તરીકે ચારે દિશામાં ફેલાયેલ હતી.

બે-ચાર દિવસ થયા પણ અભયકુમારને પકડી લાવવા કોઈ તૈયાર થયું નહિં. ત્યારે રાજસભામાં નૃત્ય કરનારી નવજુવાન ગણિકા નામે રત્ન મંજરીએ એ વાત કબુલી અને કહ્યું : "રાજન્ ! આ કાર્ય હું કરી આપીશ."



મહારાજાએ તેને શાબાશી આપી અને કહ્યું, "આ કાર્ય માટે જોઇએ તેટલી ચીજ વસ્તુ અને જોઇએ તેટલું નાણું રાજભંડારમાંથી તને મળશે પણ અભયકુમારને મારી સામે હાજર કરવો પડશે."

રત્ન મંજરી વૈશ્યાએ એ જાણી લીધું કે, અભયકુમાર

બહુ જ બુદ્ધિવંતા અને જૈન ધર્મમાં પકકા જાણકાર છે, ભગવાન શ્રી મહાવીરના પરમ ભક્ત છે.

ગણિકાએ જૈન સાધ્વીજી મહારાજનો પરિચય કર્યો. જૈન ધર્મનાં તત્વો અને ક્રિયાનાં સૂત્રો શીખી લીધા અને આદર્શ જૈન શ્રાવિકા બનીને તીર્થ યાત્રા કરવાનાં બહાને રાજગૃહ નગરીમાં આવી.

તેણે થોડા દિવસમાં અભયકુમારની ચાલ ચલગત જાણી લીધી. અભયકુમાર જ્યારે દેરાસર



ગયા. ત્યારે શ્રાવિકાની શ્રી જિનેશ્વર દેવની અષ્ટપ્રકારી પૂજા પછી ભાવ પૂજા તથા પ્રભુભક્તિ જોઇને તેની તરફ આકર્ષિત થયા. તેને એક ધર્મવાન શ્રાવિકા જાણીને અભયકુમારે પોતાના રાજમહેલે જમવા બોલાવી તેની ધર્મચર્ચા તેમ જ જમવાની રીતભાત જોઇને અભયકુમાર બહુ જ પ્રભાવિત થયા.

મહામંત્રીશ્વરને જમણ માટે આમંત્રણ :-

બીજે દિવસે તે ગણિકાએ શ્રાવિકાના વેશે અભયકુમારને પોતાના ઘરે એક ધર્મીભાઈ તરીકે જમવાનું આગ્રહપૂર્વક આમંત્રણ આપવા આવી.

ધર્મસ્નેહને વશ થઇને પરદેશી શ્રાવિકા નારાજ ન થાય માટે અભયકુમારે તેને "ના" ન પાડી શકયા. તેણે જમવાના બહાને પોતાના

રહેવાના સ્થાને લઇ જઇ. જમણમાં અનેક મીષ્ટાન અને ભાત-ભાતના પદાર્થો જમાડી છેલ્લે દહીંમાં ચન્દ્રહાસ મદિરા મેળવીને પાઈ દીધું થોડીવારે વાતો કરતા અભયકુમારની આંખો ઘેરાવા લાગી. ચન્દ્ર-હાસ મદિરા કારણે ત્યાંજ મૂર્છિત થઇ ઢળી પડયા. રત્નમંજરી ગણિકાએ પોતાની સાથે લાવેલા. ચંડ-પ્રદ્યોત રાજાના સેવકોને બોલાવી મહામંત્રી અભય-કુમારને હાથ પગ બાંધી. રથમાં સુવાડી અતિવેગ અશ્વો જોડીને રથ ઉજ્જેની નગરી તરફ રવાના કર્યો.

પ્રથમથી ગોઠવણી કરી રાખ્યા પ્રમાણે બીજા રથમાં બેસી પોતાની દાસીઓ સાથે રત્નમંજરી ગણિકાએ પણ રાજગૃહ નગરથી વિદાય લીધી. ચંડપ્રદ્યોત રાજા તરફથી બધી સગવડ આપવામાં આવી હતી. થોડાજ દિવસમાં અભયકુમારને બંધન અવસ્થામાં લાવી સોંપ્યા. રત્નમંજરીને ચંડપ્રદ્યોત રાજાએ ભારે ઇનામ આપ્યા, અને તેનું સન્માન કર્યું.

અહિં રાજગૃહ નગરમાં તો મહામંત્રી અભય કુમારની શોધ ખોળ થવા લાગી. પણ નગરમાં હોય તો મળેને. ખૂબ તપાસ અંતે ખરા સમાચાર મળ્યા.

મહામંત્રીશ્વર અભયકુમારની ગેરહાજરીમાં આખી સભામાં ચંદ્ર વગરની રાત્રી જેવી નિસ્તેજ લાગતી હતી. શ્રેણિક મહારાજાને ગમતું જ નહિં.

રાજ્યના હરેક કાર્યો થયા કરતા, પણ વારે વારે મહામંત્રીશ્વરની યાદ થયા કરતી હતી.

મહામંત્રીશ્વર અભયકુમારની મૂર્છા ચંડપ્રદ્યોત રાજા પાસે આવ્યા પછી ઉતરી ગઈ એટલે આળસ મરડીને અભયકુમાર બેઠા થયા. આમ-તેમ જોઇને વિચારવા લાગ્યા કે, 'આ શું ? મેં કોઇ વખત ન જોએલા સ્થાને કયાંથી આવ્યો ? મને અહીં કોણ લાવ્યું.'

અભયકુમાર ઉજ્જયિની નગરીમાં :

આમ હજી મંત્રીશ્વર કાંઈ વિચાર કરે છે. ત્યાં રાજા ચંડપ્રદ્યોત બોલ્યા: "અભયકુમાર ! હું કહું તે સાંભળ. મીઠું મીઠું બોલનાર ચતુર હોય છતાં તે પોપટને પણ બીલાડી પકડી લે છે અને ખાઇ જાય છે. દેશ દેશાંતરમાં બુદ્ધિવંતા તરીકે ખ્યાતિ મેળવેલ મહા બુદ્ધિના ભંડાર જેવો બહુ જ ચતુર હોવા છતાં પણ માર્જારી-બિલાડી જેવી ચતુર વૈશ્યાએ પોતાના બુદ્ધિ બળથી તને પકડીને અહીં આણ્યો છે; તારી બુદ્ધિ અને ચતુરાઈ કયાં ગઇ ? તારૂં સર્વ સમય સાવધાનપણું કયાં ચાલ્યું ગયું ?"

રાજાના આવા વચનો સાંભળીને અભયકુમારે મનમાં વિચાર્યું : "પેલી પરમ શ્રાવિકાનો દંભ કરનારી વૈશ્યાએ ધર્મીના બહાનાથી મને ઠગીને અહીં લઈ આવી." અરે જે થયું તે ખરૂં !

મંત્રીશ્વર અભયકુમાર બોલ્યા: "હે રાજન! ધર્મના બહાને મને બાંધી અહિં લાવ્યા. આ કાર્યથી મારી આબરૂને કે મારા મહિમાનો જરા પણ ઘટાડો થવાનો નથી; પણ ઊલટો મારો મહિમા તમારા આ કાર્યથી વધશે. વળી અમારા કુળમાં ધર્મના બહાને આવું અકાર્ય કોઈ કરતું નથી. વળી તે ઉત્તમ ક્ષત્રિય કુળની તો મર્યાદાજ નથી, તે રાજન! મારે માટે તો સારૂં થયું કે આ નિમત્ત મારા માસીબા અને માસાના પ્રત્યક્ષ મને દર્શન થયા. આજનો દિવસ બહુ જ સુંદર અને ઉત્તમ ઉગ્યો છે."

ચતુરાઈ ભર્યા મંત્રીશ્વર અભયકુમારના સુંદર વચનોથી ચંડપ્રદ્યોત રાજા તેના ઉપર પ્રસન્ન થયા. જેવી રીતે કળાવાળો ચન્દ્રમા શુક્રના ઘરમાં રહેવાથી ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરે છે, તેવી રીતે શત્રુના ઘરમાં રહેલો પણ અભયકુમાર પોતાની ઉત્તમ કળા અને ગુણો વડે સર્વની ચિત્ત પ્રસન્નતાનું કારણ થયો.

એક ક્ષણ પણ ચંડપ્રદ્યોત રાજા તેને પોતાની પાસેથી દૂર રાખતા નહોતા, હંમેશા અભયકુમારની બુદ્ધિ ચાતુરાઈ દર્શાવતી વાતો સાંભળવા તત્પર રહેતો.



ચંડપ્રદ્યોત રાજાની રાજસભામાં મંત્રીશ્વર અભયકુમારને પોતાની પાસે બેસાડતા. પ્રસંગે પ્રસંગે જુદા જુદા દેશ શાસ્ત્ર તથા વિજ્ઞાનના અદ્‌ભુત રસ ભરી વાતો કહીને રાજા તથા સભાજનોનાં દિલનું રંજન કરવા લાગ્યા.




રાજા ચંડપ્રદ્યોતના રાજ્યના ચાર રત્ન:

માલવ દેશના રાજા ચંડપ્રદ્યોતનાં રાજ્યમાં ચાર મહામૂલ્યવાન અપૂર્વ રત્નો હતાં.

કારણ કે, 'જે જે જાતમાં સર્વોત્તમ વસ્તુ હોય તે રત્ન કહેવાય.

તેવા ચાર રત્નોમાં (૧) રાજ્યના કામકાજ અંગેના કાગળ-પત્ર લઇ જનાર 'લોહજંઘ' નામના

દૂત. (૨) સતિયોમાં શિરોમણી ગણાય એવી શિવાદેવી નામની પટ્ટરાણી. (૩) દેવોથી રાક્ષત-અધિષ્ઠિત એવો દિવ્ય અગ્નિભીરૂ નામે ભવ્ય રથ.(૪)અનલગિર નામનો એક સર્વોત્તમ ગંધહસ્ત.

લોહજંઘ નામે દુત દિવસમાં પચીશ યોજન-સો ગાઉ સુધી ચાલી શકતો હતો. તે લોહજંઘને રાજ્યના કામે ભરૂચ વારંવાર જવું આવવું પડતું. જેથી ભરૂચના લોકોને તથા માર્ગમાં જે જે ગામ આવતા, તેમને રાજ્યદુતને ખાવા-પીવા વગેરે સર્વ સગવડ ફરજીયાત કરી આપવી પડતી. એટલે લોહજંઘ દુત જે માંગે તે તુરત આપવું પડતું હોવાથી કેટલાક લોકો કંટાળી જતા. વસ્તુ આપવામાં કોઇ વિલંબ કરતો તો તે તેઓને માર-કુટ પણ કરતો. આ દુત રાજાનો માનીતો હોવાથી તેની ફરિયાદ રાજ્યમાં કોઈ સાંભળતું નહીં.

કંટાળેલા લોકો વિચારતા હતા કે, "આ રોજ પીડા આપણે કેવી રીતે સહન કરવી ?" આ તો રોજ આવે છે અને જાય છે. આનાથી છૂટવા કોઇ ઉપાય કરવો જોઇએ.

એક ભાઇએ કહ્યું, ઉપાય તો શોધવા હોય તો શોધી શકીએ.

બીજાએ પૂછ્યું, "શો ઉપાય છે ?"

ત્યારે તેને કહ્યું: "આ દૂતને ખાવાનું આપવું તેમાં વિષ-ઝેર ભેળવીને આપવું, જેથી તેને આપેલ ભાતું લઈ માર્ગમાં ખાય ખાધા પછી, તેના ઉપર પાણી પીને આગળ જતાં માર્ગમાં જ પડીને મરણ પામશે. એટલે આપણે આની કાયમની પીડામાંથી છૂટીએ."

એક દિવસે ઉપરની વાતનો અમલ કરવા નક્કી કર્યું. બીજે દિવસે જેવો લોહજંઘ દૂત આવ્યો, ખાવાનું માંગ્યું, વિષ ભેળવેલાં લાડવા આપ્યા. તે લાડવા લઈ લોહજંઘ ઉજ્જયિની નગરી તરફ ચાલ્યો. ચાલતા ચાલતા તેને ભૂખ લાગી એટલે નદી કિનારે ખાવા બેઠો. જ્યારે લાડુની પોટલી છોડી તે વખતે તેને અશુભ શુકન થયા. આ દુત શુકનમાં બહુ જ જાણકાર હતો.

તેને ખાધા વગર જ પાણી પીને આગળ બે ચાર ગાઉ ચાલ્યા પછી ફરી ખાવા બેઠો ત્યારે પણ અશુભ શુકન થયા. એમ બે ચાર વખત સારા શુકન ન થયા, એટલે ભાતું ખાધા વગર જ જેમતેમ ઉજ્જયિની પહોંચ્યો. મહારાજાને પ્રણામ કરી ઉભો. તેનું ઉદાસ મુખ જોઈને નવાઈ પામ્યા. રોજ કરતા શ્રમથી થાકેલ નિસ્તેજ મુખવાળો ધ્રુજતો લોહજંઘને જોઈ ચંડપ્રદ્યોત રાજાએ પૂછ્યું કે, "લોહ જંઘ! આજે થાકેલ ઉદાસ ચહેરો કેમ?"

તેને કહ્યું : 'ભાતુ ખાવા બેસતા અશુભ શુકન થયા તેથી મેં ભાતું ખાધું નથી ભૂખ્યો થયો છું.' બીજી ક્ષણે તેને જમાડયો.

પ્રથમ રાજમંત્રીએ હાથમાં લાડુ લઈ જોયા પછી મહારાજાએ પોતે હાથમાં લાડુ લઇ જોયા તપાસ્યા રાજસભામાં બેસેલા બીજાઓને પણ તપાસવા આપ્યા. પણ સહુનો અભિપ્રાય એ આવ્યો કે "આ લાડવામાં વિષાદિક કાંઇ દૂષણ જણાતું નથી. ઉત્તમ સુગંધી દ્રવ્યો તેમાં મેળવેલા છે."

ત્યારે ચંડપ્રધોતે રાજસભામાં બેઠેલા મહામંત્રીશ્વર અભયકુમારને કહ્યું : "આ ભાતું ખાતાં આ દૂતને અશુભ શુકનોએ વારંવાર રોકયો છે. તેથી તેમાં શંકા થઈ છે, પણ તેમાં રહેલું દુષણ કોઇથી જાણી શકાતું નથી. તેથી હું પુછું છું કે, "આ લાડુ શુદ્ધ છે કે અશુદ્ધ ? તું સર્વ નિપુણ પુરૂષોમાં અગ્રેસર છે, તેથી નિર્ણય કરી આપ ? "

અભયકુમારને બુદ્ધિનું અદ્‌ભૂત પ્રયોગથી પ્રદર્શન :

ચંડપ્રધોત રાજાના આ વચનો સાંભળીને જરા હસીને લાડુ અભયકુમારે હાથમાં લઇને ખૂબ સુક્ષ્મ દષ્ટિએ તપાસ્યા અને ઔત્પાતિકી બુદ્ધિ વડે પુદગલ દ્રવ્યોના પરિણામની વિચારણામાં નિપુણ થયેલી બુદ્ધિથી તપાસતા તેનાં રહસ્યને પામી ગયો.

પછી પોતાનું માથું ધુણાવવા પૂર્વક તેણે જવાબ આપતાં કહ્યું કે, "રાજન! આ લાડવા અમુક અમુક દ્રવ્યોના મિશ્રણથી બનેલ છે. તેમાં અમુક સંયોગથી ઉત્પન્ન થયેલ દષ્ટિવિષ સર્પ રહેલો છે. એ વાત નિશંક છે."

બુધ્ધિવંતા અભયકુમારની વાત સાંભળીને ચંડપ્રદ્યોત મહારાજા મનમાં ચમત્કાર પામ્યા અને બોલ્યા, "અરે અભય! તેં તો નવાઈ ભરી વાત કરી-છે જે ન માની શકાય તેવી પરીક્ષા કરી! ઘી તથા ખાંડ વગેરેથી બનાવેલા આ લાડવામાં સર્પ કેવી રીતે પેસી ગયો? તારી કહેલી વાત સાંભળીને બધા રાજસભાના સભ્યો મશ્કરી-હાંસી કરે છે.

મને તો તારી વાત ઉપર શ્રદ્ધા છે જ કે, 'અભય, કોઈ દિવસ ખોટું બોલતો નથી.' માટે વિચારી તું જે હોય તે કહે જેથી આ સભામાં બેઠેલા સૌ જાણી શકે.

આ સાંભળી બુધ્ધિવંતા અભયકુમાર બોલ્યા, "રાજન્! આ લાડવા જો ભાંગીએ તો તેમાં સર્પ પ્રત્યક્ષ ન દેખાય. પણ તેના ઉપર જળ નાંખીએ તે દષ્ટિવિષ સર્પ ઉત્પન્ન થાય અને લાડુ ખાનારના મુખમાં તે ફુંફાડો મારે, તેના ઝેરથી લાડું ખાનારનું હૃદય બળી જાય અને તરત જ મરી જાય."

કોઇ દ્વેષ બુદ્ધિ વડે આ લાડવામાં ઔષધિઓ નાંખી ગુપ્ત રીતે વિષના લાડવા બનાવ્યા છે.

રાજન્ ! આપને આ બાબતમાં જો વિશ્વાસ ન બેસતો હોય તો, જંગલમાં જઇને તેની પરીક્ષા કરીએ !

આવી વાત સાંભળીને રાજા વગેરેના ચિત્તમાં અતિશય ચમત્કાર થયો, અને અભયકુમાર તથા અન્ય સમાજનોને સાથે લઇને જંગલમાં સહુ ગયા.

જંગલમાં જઇને અભયકુમારના કહેવા પ્રમાણે એક મોટી લાંબી ભીંત કરાવી. તે ભીંતની પાછળના ભાગમાં લાડવો મૂકીને તેના ઉપર પાણી રેડવામાં આવ્યું. ભીંતની પાછળના ભાગમાં આવી સર્વ મનુષ્યો ભીતથી દુર ઉભા રહ્યા.

થોડીવારમાં તે લાડવામાંથી ખરેખર દૃષ્ટિ-વિષ સર્પ ઉત્પન્ન થયો. તે સર્પે જ્યાં જ્યાં દૃષ્ટિ નાંખી ત્યાં ત્યાં જંગલના ઝાડ બળવા લાગ્યા; એટલે આગ લાગી. તેમાં જંગલમાં રહેતા જંતુઓ સર્વે બળી ગયા, અને જોતજોતામાં તે સર્પ પણ આગમાં બળી મરણ પામ્યો.

આ પ્રમાણે પ્રત્યક્ષપણે અદ્‌ભુત બનાવ જોઈ ચમત્કાર પામેલા રાજા બોલ્યા: "અહો ! હું તારા ઉપર, તારા બુદ્ધિકૌશલ્યથી બહુ જ પ્રસન્ન થયો

છું, તેથી તારે અહિંથી–મારી પાસેથી છૂટા થવા સિવાયનું કોઈ પણ વરદાન માંગી લે.’

આ પ્રમાણે રાજા ચંડપ્રદ્યોતનું વચન સાંભળીને અભયકુમારે કહ્યું, “મારૂ વરદાન હાલ તમારા ભંડારમાં અનામત રાખો, અવસરે તે હું માંગી લઇશ.” રાજાએ કહ્યું : “ભલે ! કબૂલ.” પછી બધાય જંગલમાંથી નગરમાં આવ્યા.

આ પ્રસંગથીઉજ્જયિની નગરીમાં અને અવંતી દેશમાં અભયકુમારની ઘણી પ્રસંસા થવા લાગી.

રાજપુત્રી માટે સંગીત શાસ્ત્રીની શોધ :

ચંડપ્રદ્યોત રાજાને વાસવદત્તા નામે પુત્રી હતી. તે સ્ત્રીઓની ત્રેસઠ કળામાં અતિ પ્રવિણ થઇ, સંગીત કળામાં તેને અભ્યાસ માટે સંગીત શાસ્ત્રીની ચારે બાજુ શોધ કરાવી. પણ કોઈ સારો પંડિત મળ્યો નહિ. ‘હાલમાં સંગીત માટે કયો પંડિત બોલાવવો.’ ત્યારે મંત્રીઓએ કહ્યું, ‘હાલમાં શતાનિક રાજાના પુત્ર ઉદાયન જે સર્વ ગાંધર્વ શાસ્ત્રમાં પારગામી અને અદ્વિતીય છે, એ ગીત અને વીણાના નાદથી હાથી જેવા હાથીઓને વશ કરી ત્યાં વગડામાં બાંધી લે છે. આવું તેનું કૌશલ્ય છે. તેને જો કોઈ આવીને કહે કે, “આજે ઉપવનમાં હાથી આવ્યો છે.” તો તે સાંભળતાં તદ્દન જ તે એકલો જ વનમાં જઇને ગીત વડે તે હાથીને વશ કરીને ત્યાંજ બાંધી લે

છે, તેથી તે "ગજ બંધન"ની ટેવવાળાને કોઇ ઉપાય કરીને અહીં પકડી લાવવો."

ચંડપ્રદ્યોત રાજાએ કહ્યું; "તે કેવી રીતે બને ? કારણ કે મેં પૂર્વે શ્રી મહાવીર ભગવાનની હાજરીમાં તેને પુત્ર પણે સ્થાપિત કરેલો છે. તેના ઉપર શૈન્ય પણ મોકલવું તે યોગ્ય નથી, તો તે વિના તે અહીં કેવી રીતે આવે ?"

મહામંત્રી અભયે કહ્યું, "વસ્ત્ર અને વંશાદિકના અંગોવાળો અંદરથી પોલો એક ખોટો હાથી બનાવીએ તેની અંદર પગની જગ્યા સુભટોને રાખીએ અંદર રહેલા સુભટો વડે તે હાથી સાચા હાથીની જેમ જ વૃક્ષની ડાળીઓ ભાંગવી, મંદ ગતિથી હાલવું ચાલવું, વગેરે ક્રિયાઓ કરશે, તે ખોટો હાથી વગડામાં ભટકશે, એટલે વનમાં ફરતા ચરના મુખેથી નવા હાથીનું આગમન સાંભળીને હાથીને પકડવાની ટેવવાળો રાજા તરત જ એકલો વનમાં આવશે અને હાથીને મોહ પમાડવા વીણા વગાડતો છતો ગીતગાન કરશે, તે વખતે અંદર રહેલા આપણા સુભટો ગજને ભમાવવા વિગેરેની માયા કપટ દેખાડી નજીક આવેલા રાજાને બાંધીને અહીં લઈ આવશે. અહીં લાવ્યા પછી સ્વાગત સન્માન કરી તેમને પ્રસન્ન કરશું, એટલે તે રાજકન્યાને ભણાવવાનું કબુલ કરશે."

અભયકુમારના બતાવ્યા પ્રમાણે, રાજાએ તે પ્રમાણે કરવા નોકરોને આદેશ આપ્યો.

તે પ્રમાણે કરી કૌશાંબી નગરીથી ઉદાયનને પકડી ઉજ્જયિની નગરીમાં લાવ્યા.×

રાજકન્યા અને ઉદયનને ઉલટ-સુલટ સમજાવી પરદામાં બેસી, ભણાવવાનું શુભ મહુર્તે શરૂ કર્યું તેમાં રાજકન્યા અને ઉદયન રાજાને પરસ્પર પ્રિતી થઈ. ગાંધર્વ લગ્ન કરી અંદરથી પતિ-પત્નિ તરીકે જાહેર કરવા લાગ્યા.

એક વખતે ચંડપ્રદ્યોત રાજાનો અનલગિરિ નામનો માનીતો રાજ હાથી ઉન્માદે ચડયો, આલાન સ્તંભને ઉખેડીને નગરમાં ભયંકર ઉત્પાત મચાવવા લાગ્યો. ઘર તથા દુકાનોને ભાંગતો અહીં તહીં ભમવા લાગ્યો. હાથીના ત્રાસથી કંટાળેલા લોકો રાજા પાસે આવી પોકાર કરવા લાગ્યા. રાજ્યના રસ્તાઓ ઉપર હાથીના ભયથી કોઇ નીકળતું નહિ, જો કોઈ મનુષ્ય બહુ જરૂરી કામ માટે નીકળતું તો તે કામ પતાવી તાકીદે કામ પુરૂં કરી, ઘરમાં પેસી જતું હતું. રાજાના હુકમથી ઘણા રાજસેવકો છૂટયા પણ કોઇ હાથીને કાબુમાં લઇ

---

×ચંડપ્રદ્યોત રાજાએ પોતાની પુત્રીને કહ્યું: વિદ્યા ગુરૂ કોઢ રોગવાળો છે. ઉદયન રાજાને કહ્યું : રાજપુત્રી એક આંખે કાણી છે માટે મુખ બતાવા શરમાય છે એવું ઉલટ સુલટ કહીને.

કયા નહિ. નગરના લોકોનો મોટો ત્રાસ જોઇને
ંડપ્રદ્યોત રાજાએ અભયકુમારને પૂછયું કે : "આ
ારા રાજ્યના આધારભૂત રાજહસ્તીને કયા ઉપાય
ડે વશ કરવો ? "

આ પ્રમાણે પૂછવાથી અભયકુમાર બોલ્યા
, "રાજન ! ઉદાયન વીણા વગાડવા પૂર્વક મધુર
વરે ગીત કળા કેળવે તો આ હાથી તરત વશ
શે, તે સિવાય વશ થશે નહિ."

તે સાંભળી રાજપુત્રીને સંગીત ભણાવતા
દયન રાજાને બોલાવી, તેમને વિનંતી કરી. વત્સ
જ ઉદયન બોલ્યા કે, 'રાજન આ અનલગિરિ હાથી
તિશય ઉત્કટ મદવડે મદાંધ થયો છે, તેને જો
ાપની પુત્રી વાસવદત્તા પરદામાં રહી મારી સાથે
ાયન કરે, તો આ હાથી અમારા બન્નેના સ્વર
િશ્રીત થવાથી થયેલ ગંભીર ગાયન ઘોષ વડે વશ
ા સંભવ છે.'

તે સાંભળી રાજાએ કહ્યું, 'ભલે તેમ કરો, પણ
જને તાકીદે વશ કરો.'

રાજાની આજ્ઞા મળવાથી વાસવદત્તા પટથી
કેલ સુખાસનમાં બેસીને ઉદયનની સાથે ગઇ. પછી
ાસવદત્તા અને ઉદયન હસ્તી નજદીક ગયા. વીણા
ગાડવાપૂર્વક બન્નેના સ્વર મેળ કરીને એવી રીતે
ીતગાનનો આલાપ કર્યો કે જેનાથી તે ગજ બે

જ ઘડી પ્રબળ ગીતગાનથી તૃપ્ત થયો. તે શાં
થતાં જ અભયકુમાર ઠેકડો મારી તેની ઉપ
ચડી બેઠો, પછી સુખપૂર્વક હાથીને હાથી શાળામ
લઇ જઇ તેને બંધન સ્થાને બાંધી દીધો,

બુદ્ધિવંતા અભયકુમારનું બુદ્ધિ કૌશલ્ય જોઇ
સૌ બહુ જ રાજી થયા. અને રાજાએ કહ્યું કે-

"હે સુબુદ્ધિના નિધાન! ગૃહ ગમન સિવા
જે કાંઈ ઇચ્છા હોય તે માંગ."

અભયકુમારે પ્રથમની જેમ તે વરદાન પ
થાપણ તરીકે રખાવ્યું.

બુદ્ધિવંતા અભયકુમારની આખા નગરમ
વાહ! વાહ! બોલાવા લાગી.

o o o

એક વખતે ઉજ્જયિની નગરીમાં અગ્નિ ભભૂક
ઉઠયો. ઘરો બજારો વગેરે ચારેબાજુ મકાનો જો
જોતામાં બળવા માંડયા. પાણી પુષ્કળ છાંટવા છત
અગ્નિ કોઈ રીતે કાબુમાં આવ્યો નહિ. એક જગ્યાએ
અગ્નિ બુઝાવે તો બીજી જગ્યાએ જવાળા અને
ભડકા ઉત્પન્ન થતા હતા.

લોકોએ દેવ-દેવીઓને ભોગ-પૂજા અને બાધ
-આખડીઓ માનતાઓ કરી, પણ આગ કોઇ રીતે
શાન્ત થઇ નથી. આમ કરતા દિવસો વિત્યા.

આગ વધવાને વધવા લાગી. કેટલાક રાજ મહેલો વગેરે પણ બળવા લાગ્યા. આથી રાત્રીએ કોઇ સુખે સૂઇ પણ શકતાં નથી. આ વખતે બુદ્ધિવંતા અભયકુમારને પૂછ્યું, "આને શાન્ત કરવાનો કોઇ ઉપાય છે?"

અભયકુમારે કહ્યું, "આનો એક ઉપાય છે, તે સાંભળો."

અગ્નિ શાન્ત કરવાનો અદ્દભૂત ઉપાય :

અગ્નિનું ઔષધ અગ્નિ જ છે. તેથી આપણે નવિન અગ્નિ ઉત્પન્ન કરીને તેની પૂજાદિક કરી સર્વેએ ગીત, ગાન, વાંજિત્રાદિથી તેને વધાવવો જોઇએ. તેથી આ અગ્નિ શાન્ત થાય."

અભયકુમારે કહ્યા પ્રમાણે બધુ કર્યું તેથી અગ્નિનો ઉપદ્રવ શાન્ત થયો. રાજાએ પ્રત્યક્ષ બુદ્ધિ પ્રભાવ જોઈ રાજી થઇને પહેલાંની જેમ જ ત્રીજું વરદાન આપ્યું.

અભયકુમારે તે પણ પહેલાની જેમ વરદાન રાજભંડારમાં અનામત રાખવા કહ્યું.

o o o

વળી એક વખત ઉજ્જયિનીમાં મહા મારીનો ઉપદ્રવ ઉત્પન્ન થયો. ટપોટપ માણસો મરવા લાગ્યા. કેટલાક પીડાથી પીડાવા લાગ્યા. સમસ્ત પ્રજા દુઃખથી દુઃખી થતી હતી.

તે જોઇને રાજાએ બુદ્ધિની કુશળતાથી વારંવાર આવતી મૂંઝવણોને હણવા સમર્થ એવા અભય કુમારને પૂછ્યું, "સર્વ વિદ્યા અને કળારૂપી રત્નોના સમુદ્ર અભય! આ બધા લોકોને માહામારીથી બચાવવાનો કોઈ ઉપાય છે કે નહિ?"

બુદ્ધિવંતા અભયકુમારે કહ્યું: 'ઉપાય છે અને તે આ પ્રમાણે કરવાથી શાન્ત થાય. સર્વ નગરજનો શણગાર સજીને રાજમહેલ પાસે ભેગા થાય, તે વખતે મહારાણી શિવાદેવી દષ્ટિ વડે આપને જીતે પછી તેમની પાસે બળિ વિધાન તૈયાર કરાવીને નગરના સર્વ દરવાજાઓમાં બળિ ઉછાળવા; તેમ કરવાથી અશાન્તિ કરનાર ભૂત-પ્રેતાદિ તૃપ્ત થશે, અને ચારે દિશાઓમાં આ ઉપદ્રવ શાન્ત થશે.

બીજે દિવસે રાજાએ તે પ્રમાણે કર્યું અને શિવાદેવી રાણીએ રાજા ઉપર દષ્ટિ વડે જય મેળવ્યો. શીલવ્રતને ધારણ કરનાર શિવાદેવી રાણીએ વિધિ પૂર્વક સ્નાનાદિ કરીને બળિબાકળા તૈયાર કર્યા. વજ્રપંજર સ્તોત્રાદિકથી પોતાની આત્મ રક્ષા કરી નગરના સર્વ દરવાજાઓમાં બળિબાકળા માણસોએ ફેંક્યાં અને તીર્થ જળાદિથી નગર ફરતી ચારે તરફ શાન્તિ જળધાર કરી.

આ પ્રમાણે સર્વ ક્ષુદ્ર દેવોને સંતોષીને બધા
આવ્યા. તરત જ રોગાદિક ઉપદ્રવો શાન્ત
ા, ચંડપ્રદ્યોત રાજાએ સમગ્ર નગરને ઉપદ્રવ
રનો જોઇને અભયકુમારને વરદાન માંગવાનું
ં. પ્રથમ પ્રમાણે આ ચોથું વરદાન પણ આપની
સે અનામત રાખવાનું કહ્યું.

o o o

અભયકુમારની બુદ્ધિ કૌશલ્યની ઉજજયિની
રીની પ્રજા પણ ખુશ ખુશ થઈ અભયકુમારને
ારશી આપતા. પોતાની બુદ્ધિ પ્રતિભાથી પ્રભાવિત
, ચંડપ્રદ્યોતરાજાને અનેક પ્રસંગોએ માર્ગદર્શક
ે મહામંત્રીશ્વર અભયકુમાર ઉજ્જૈયિનીમાં પણ
વપૂર્વક રહેતા, છતાં તેમનું મન મગધ તરફ
ં. મહારાજા શ્રેણિક તરફ હતું. ચંડપ્રદ્યોતને
તાળી દઇને છટકી જવાની પળની રાહ
યકુમાર જોઇ રહ્યા હતા.

મહારાજા શ્રેણિકને પણ પૂરો વિશ્વાસ હતો
પોતાની બુદ્ધિના બળ વડે ચંડપ્રદ્યોતને મહાત
ે અભયકુમાર ગમે તે પળે રાજગૃહીએ આવી
ંચશે.

અભયકુમાર સતત શુભભાવવાસિત ચિત્તવાળા
ા, શ્વાસોચ્છ્વાસની ચેતનાપૂર્ણ અસરથી ધર્મમાં
સાવધાન રહેતા, પરમતારક શ્રી જિનેશ્વરદેવની

અષ્ઠપ્રકારી પૂજા કે સ્વાધ્યાય મનના ઉલ્લાસથી
કરતા. આ જોઇને શિવાદેવી મહારાણી ખૂબ
હર્ષિત થતા. ઘડીઓ સુધી તેમની સાથે ધર્મ
થતી. અને નવું નવું જાણવા જિજ્ઞાસાપૂર્ણ રહે
તત્ત્વપૂર્ણ ચર્ચાઓમાં પણ પરમ તારક શ્રી તીર્થ
દેવનાં વચનોમાં પરમ ગૂઢ તત્ત્વોની વાતો સાં
રાજા-રાણીનો-તેમનો ઉલ્લાસ વધી જતો.

પરમતારક તીર્થંકરદેવના ધર્મની શ્ર
હાડોહાડ પરણમી હતી, દેવ-ગુરૂ ધર્મની યથ
ભક્તિદ્વારા જેનું જીવન ઘડતર થયું હતું. સ્વપ્
જૈન શાસન સિવાયની ઉપાસના ખપતી ન
એવો અભયકુમાર, ચંડપ્રદ્યોત રાજાના પ્રભા
દબાઇને નિસ્તેજ બની જાય એવી શંકા
શ્રેણિકને તો શું, પણ રાજગૃહની પ્રજાજનને
નહોતી.

અભયકુમારે એક સાથે ચારે વરદાનની માંગણી :

ઉજ્જયિની નગરીમાં રહે રહે રાજા અને રા
ઉભયના ગૌરવને પડકારતા ગંભીર પ્રસંગો ઉ
થતા ત્યારે પોતાની બુદ્ધિના પ્રભાવે અભયકુમ
જે માર્ગ બતાવ્યા તેનાથી મહારાજા ચંડપ્રદ્યો
પ્રસન્ન થઇને તેને ચાર વરદાન આપેલા. જે તે
આજ સુધી રાજા પાસે અનામત રહેવા દીધેલા



રાણી શિવાદેવી ને
ચંડપ્રદ્યોત રાજા
રાજસભામાં

એક પ્રભાતે પોતાનાં માસીબા શિવાદેવીની
ામાં અભયકુમાર તે ચારેય વરદાનો એક સાથે
લેતા રાજા ચંડપ્રદ્યોતને કહ્યું :

હું શિવાદેવી મહારાણીના ખોળામાં અનલગિરિ
ઉપર બેસું ૨, આપ હાથીના ચલાવનાર
ત થઇને બેસો. ૩, અગ્નિભીરૂ નામનો આપનો
પ્રભાવિક રથ ભાંગીને તેના ઇંધનો બનાવો.

૪, અને તેને સળગાવીને પ્રગટ કરેલી અગ્નિ
આપણે એક સાથે પ્રવેશ કરીએ."

બુદ્ધિવંતા અભયકુમારની બુદ્ધિપુર્વકની મ
સાંભળી રાજા નવાઈ પામી ગયો.

ચંડપ્રદ્યોત એક મહાન ક્ષત્રિય રાજા
આપેલાં 'વરદાન' આજે તે પૂરાં નહોતો કરી શ

મહામંત્રી અભયકુમારની આ વિચિત્ર મા
પાછળ પણ તેમની બુદ્ધિનો અદ્ભુત વ્યૂહ
એ સ્પષ્ટ દેખાય છે.

રાજા ચંડપ્રદ્યોત, તેમને જ્યારે-જ્યારે વર
માગવાનું કહેતા ત્યારે-ત્યારે, 'અહીંથી છૂ
રાજગૃહ જવાના વરદાન સિવાયનું વરદાન' માગ
શરતે જ વરદાન આપતા હતા.

આ શરતનો સાણસા-વ્યૂહ તોડવા
બુદ્ધિનિધાન અભયકુમારે આ વ્યૂહ અજમા
હતો.

મહામંત્રીશ્વર અભયકુમારે વરદાન પુર્તિ
અશક્ત રાજાએ અભયકુમારને કહી દીધું. 'અ
તારી બુદ્ધિ આગળ બીજા કોઈની બુદ્ધિ
તેમ નથી. અમે હાર્યા તું જીત્યો.'

પછી ઉત્તમ આભૂષણો અને વસ્ત્રાદિ વડે સત્કાર કરી શિષ્ઠાચાર બુદ્ધિના બાણ વડે ધાર્યું નિશાન પાડતાં અભયકુમાર બોલ્યા. હવે મને મગધ પાછા ફરવાની રજા આપો.

અભયકુમારે પોતાના માસા માસી સર્વ રાજ્ય પરિવાર વગેરેની રજા લઈ જતાં જતાં રાજાને નમીને કહ્યું "હે રાજન્ તમે તો ધર્મના બ્હાનાથી મને છેતરીને અહિં અપહરણ કરાવીને લાવેલ છો, તે હું ભૂલી શકયો નથી. તે છતાં તેનો બદલો તે કરતા અધિક હું વાળી આપીશ. ધર્મના બ્હાના વગર અને ચોરવૃત્તિથી છાની રીતે પણ નહિ, પણ ખરે બપોરે તમારા રાજ્યના બધા રાજપુરૂષો અને નગરજનો પણ જોતા હશે તેવી રીતે તમારા રાજ્યના બધા રાજપુરુષો અને સામંત, સુભટો ! રે પૌરજનો ! મને આ અભય બળાત્કારથી ગ્રહણ કરીનેઉપાડી જાય છે ? શું જુઓ છો ? મને છોડાવો!" આમ પોકાર કરશો તો પણ કોઇ તમને છોડાવવા આવશે નહિ. હું કહું કરતા કરી બતાવીશ. મંત્રીશ્વરે હાથ જોડી સૌને પ્રણામ કર્યા.

'ભલે. જેવી તારી ઇચ્છા.' એમ કહીને ચંડપ્રદ્યોત રાજાએ અભયકુમારને મગધ પાછા ફરવા બધીય સુંદર સગવડ કરી આપી.

અભયકુમારનું સ્વદેશ પાછા ફરવું :-

શત્રુ રાજાના રાજ્યમાં માન, સન્માન મેળવી બુદ્ધિવંતા અભયકુમારે મગધની વાટ પકડી. વચ્ચે વચ્ચે જે નગરો, ગામો આવ્યા, જ્યાં જ્યાં શ્રી જિનેશ્વર દેવના મન્દિરો આવ્યા, ત્યાં ત્યાં ભાવથી દર્શન કરીને લાખેણી ક્ષણે ક્ષણનો સદઉપયોગ કરતા કરતા રાજગૃહ નગર તરફ આવતાં આવતાં મગધની હદમાં પોતાની પ્રજાની ભાલ પણ લેતા લેતા રાજગૃહ તરફ આવી રહ્યા હતા.

મહારાજા શ્રેણિક અભયકુમારને યાદ કરીને તેની ગેરહાજરીના ખટકાને મનમાં ઘર કરવા દેતા નથી. એકાએક સૌભાગ્ય નિધિ ધન્યકુમારનું રાજગૃહમાં આગમન થયું. વળી ધન્યકુમાર પણ તેમાં પૂરક બનીને રાજાને પૂરતું આશ્વાસન પૂરૂં પાડયું હતું. અને અનેક પ્રસંગોમાં રાજ્યને સહાયક થયા હતા.

આ બે પરાક્રમી પુણ્યશાળીઓનું મંગલ મિલન, મગધની પ્રજાના મંગળની કાર્યવાહીમાં પરિણમતું-હતું.

એકવાર રાજા શ્રેણિક અને ધન્યકુમાર, રાજ્યના ચંદનવાસિત મંત્રણા ખંડમાં બેઠા-બેઠા ધર્મના સ્વરૂપના ઉપર વાતચીત કરતા હતા.

તે સમયે એક ગુપ્તચર ત્યાં આવી પહોંચ્યો. રાજાને પ્રણામ કરીને તે બોલ્યો, 'સદા જય હો મહારાજાનો! રાજાધિરાજ! મને હમણાં જ સમાચાર મળ્યા છે કે, મહામંત્રીશ્વર આવી રહ્યા છે.'

રાજાએ શુભ સમાચાર સાંભળી ગુપ્તચરને કિંમતી ભેટ આપીને વિદાય કર્યો. અને અભયકુમારના સત્કાર માટે નગરીમાં જોરદાર તૈયારી ઓની આજ્ઞા કરી.

'અભયકુમાર પાછા આવી રહ્યા છે' એ સમાચારે આખી નગરીમાં ઉલ્લાસનું મોજું ફરી વળ્યું.

આષાઢનું ભર્યું વાદળ જોઇને ખેડુતનું મન ભરાઇ જાય, તેમ સ્વદેશ પાછા ફરતા અભયકુમારના આગમનની એંધાણી વર્તાતાં શ્રેણિકનું મન આનંદ થી ભરાઇ ગયું.

રાજા શ્રેણિક, ધન્યકુમાર, મંત્રીગણ, સેનાનાયકો વગેરેની સાથે અભયકુમાર સામે ગયા.

વાહનમાં બેઠેલા અભયકુમારે દૂરથી આ દૃશ્ય જોયું તેની આંખો હર્ષના આંસુથી ભીની થઇ. પિતાને સામે આવતા જોઇને તે વાહનમાંથી નીચે ઉતર્યો અને પિતાના ચરણોમાં ઝુકી પડયો.

હર્ષના અતિરેકમાં રાજા શ્રેણિકે અભયકુમારને છાતી સરસો લગાવ્યો.

પિતા-પુત્રના આ પુનર્મિલનને ધન્યકુમાર વગેરેએ પ્રજાજનોએ હર્ષનાદો વડે વધાવી લીધું.

પટ્ટહસ્તી પર શોભતા રાજા સાથે મંત્રીશ્વર અભયકુમારે નગર પ્રવેશ કર્યો. કુમારિકાઓએ મંગળ કળશો વડે તેમને શુભ શુકન કર્યા : મન ગમતાં મોંઘા ભેટણાં સાથે ઉપટેલા પ્રજાજનો રાજાની પાછળ પાછળ રાજ્યમહેલે આવ્યા.

રાજ્ય સિંહાસન ઉપર રાજાના એક પડખે અભયકુમાર બેઠા.

પ્રજાજનોએ ભેટણાં ધરવાની શરૂઆત કરી.



(મહામંત્રીશ્વર અભયકુમારને ભેટણાં કરતાં નગરજનો)

પ્રજાવત્સલ રાજવી. પ્રજાના આ પ્રેમથી ગદ્‌-ગદિત થઇ ગયા.

વિવેકી ધન્યકુમારે પણ મોંઘામૂલો હાર ભેટણામાં મૂકવા માટે હાથમાં લીધો, રાજાએ તે જોઈ લીધું, આંખના ઈસારાથી તેમણે અભયકુમારને આ હાર ન લેવાની સૂચના કરી.

ચતુર અભયકુમાર વાત સમજી ગયા.

ધન્યકુમારનું ભેટણું તેમણે લેવાની ના પાડી. ધન્યકુમારે ઘણા શપત દીધા, ઘણો આગ્રહ એટલે તેમાંથી જરામાત્ર ગ્રહણ કર્યું.

પોતાના પિતાની આ સંજ્ઞાથી અભયકુમારને થયું 'આ પુણ્યવાન પુરૂષનું તેજ જોતાં તે લાગે છે અસામાન્ય કોટિના.' આપણાં કોઇ મહેમાન છે.

'અવસરે વાત.' એમ વિચારીને તેમણે મન બીજે વાળ્યું.

પ્રજાજનો વિદાય થયા એટલે અભયકુમાર પોતાની માતા સુનંદા, ચેલ્લણા મહારાણી વગેરેને પગે લાગવા ગયા.

માતાઓએ પુત્રને હર્ષના આંસુઓ વડે, નવરાવી દીધો.

પછી પિતા-પુત્રે મન ખોલીને બધી વાતો કરી.

પોતાની ગેરહાજરીમાં પ્રજા તેમજ રાજ્યને કોઇ સંકટ તો નથી નડયું ને ? એવા અભયકુમારના

પ્રશ્નના જવાબમાં રાજા શ્રેણિકે જણાવ્યું, 'તું ગયો તે રાજ્યને જેવો તેવો ફટકો ન ગણાય, પણ પ્રજાના પુણ્ય પ્રબળ કે તારી ખોટ પૂરવા માટે કુદરતે જ ન મોકલ્યા હોય તેમ મહામના ધન્યકુમાર અહીં આવી પહોંચ્યા.'

અભયકુમારે પૂછ્યું, 'એ ધન્યકુમાર કોણ?'

આ પ્રશ્નના જવાબમાં શ્રેણિક રાજાએ ધન્ય-કુમારનો ટુંક પરિચય આપીને જણાવ્યું કે, જેમની ભેટ નહિ સ્વીકારવાની સંજ્ઞા મેં તને કરી હતી તે જ મહામના ધન્યકુમાર. તેમના બળ, બુદ્ધિ, પરાક્રમથી પ્રભાવિત થઈને સોમશ્રીનાં લગ્ન મેં તેમની સાથે કર્યાં છે. એટલે તે તારા બનેવી થાય. બનેવી પાસેથી ભેટ લેવાય નહિ, એ આપણી સંસ્કૃતિનો આદર્શ છે એટલે જ મેં તને તેમની ભેટ સ્વીકારતાં સંજ્ઞાથી અટકાવ્યો હતો.

પોતાના પિતાના મોંએ ધન્યકુમારની અદ્‌ભુત પ્રશંસા સાંભળીને તેમને મળવાની તાલાવેલી અભયકુમારને થઈ.


બીજો દિવસ ઉગ્યો, પ્રભાત થયું, પ્રકાશ ફેલાયો, પ્રભુની પૂજામાં પ્રાણ અને પરિણામને પવિત્ર કરીને, હળવા ફુલ જેવા બનેલા અભયકુમાર, ધન્યકુમારને મળવા ગયા.

ધર્મમાં દૃઢ બુદ્ધિવાળા ધન્યકુમારે અભય-કુમારને પોતાના આવાસે આવતા જોયા.

ઝડપથી મહેલનાં પગથિયાં ઉતરીને ધન્યકુમાર તેમને ભેટી પડ્યા.

આ મિલનમાં સાળા-બનેવીના સગપણ ઉપરાંત સાધર્મિકનો સાચો સ્નેહ તરવરતો હતો. બંને પરાક્રમી પુરૂષો રાજમહેલમાં દાખલ થયા.

ચાંદની જેવા શ્વેત ગાદી તકીઆને અઢેલીને બંને બેઠા.




અભયકુમાર અને ધન્યકુમાર

બંનેની આંગળીએ શોભતી હીરાજડિત મુદ્રિકાના તેજકિરણો રાજમહેલના 'વિનોદ ખંડમાં' ઝબકારા ફેલાવતાં હતાં.

'ધન્ય-જીવન'ની મીઠી સુવાસ મહેકાવતા ધન્યકુમાર બોલ્યા, 'મારે ઘેર પધારી મને મોટો કર્યો તે બદલ આપનો ઋણી છું. કહો, સામે ચાલીને આવવાનો શ્રમ કેમ ઉઠાવ્યો ?'

જવાબમાં અભયકુમાર બોલ્યા, 'ભાગ્યશાળી ! આ પ્રમાણે ન બોલો. લૌકિક તેમજ લોકોત્તર બંને પ્રકારના સંબંધની રૂએ આપ મારા સગા છો, વળી મારી ગેરહાજરીમાં આપે આ નગર તેમ જ મહારાજાને જે મદદ કરી છે તે પણ ઓછી નથી. એટલે મારૂં આપને ત્યાં આવવું સર્વથા યુકિત-યુકત છે.'

'આપ તો રહ્યા ગુણગ્રાહી, એટલે આમ જ બોલો, બાકી મગધ અને મહારાજાની મદદે તો મહારાજાનું પૂણ્ય અને સત્વ જ આવ્યું છે. મને તેમાં નિમિત્ત બનવાનો અવસર મળ્યો તે મારાં અહોભાગ્ય.'

સાચી નમ્રતાસૂચક આ ઉદ્‌ગારો સાથે ધન્ય-કુમારે, અભયકુમારના હૃદયમાં અનોખો ભાવ પેદા કર્યો.

પરસ્પર સાથે રહીને પ્રભુશાસનની પ્રભાવનાના મંગલ કાર્યો કરવાના કોલ સાથે બંને મહાનુભાવો જુદા પડયા. પણ તે શરીરથી, મન કે હૃદયથી નહિ.

શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મને વરેલા બે આત્માઓ જયારે, જયાં ભેગા મળે ત્યારે, ત્યાં આનંદનું વાતાવરણ અચૂક ઊભું થાય. નિઃસ્વાર્થ જીવનની ગંગાની પવિત્રતા ત્યાં જરૂર ફેલાય.

સ્વાર્થની આંખે એક બીજાને મળાય છે તેમાંથી સરવાળે સંઘર્ષ, કટુતા, દ્વેષ વગેરે ઊભા થાય છે.

અભયકુમાર રાજમહેલ તરફ જતા માર્ગમાં બજાર આવી. અભયકુમારને વેપારીઓ નમવા લાગ્યા. ફુલમાં સુગંધ મહેકે તેમ ધન-ધાન્યથી ઉભરાતા રાજગૃહીના બજારોમાં નીતિ મહેકતી હતી.

ચાહે ઝવેરાતનો વેપારી હોય કે ગોળ-ખાંડનો, પણ એના હૈયે નીતિનાં અદકેરાં-ઘણાં મૂલ્ય હતા.

ધર્મ વેચીને ધન કમાવાની કાળી બુદ્ધિ, ત્યાંના વેપારીઓ માટે કાળું કલંક ગણાતી હતી.

રોહિણેય ચોરનો ત્રાસ :-

શ્રેણિકના રાજમાં વૈભારગિરિના કોતરોમાં વસતો 'લોહખૂર' નામનો ચોર તે કાળે બહુ નામચીન હતો. ભલભલા તેના નામથી કંપતા. પ્રૌઢાવસ્થામાં આવી પહોંચ્યો છે. વૃદ્ધાવસ્થા દેખા

દઈ રહી છે. પોતાનો ધંધો વંશ પરંપરાગત ચાલુ રહે તે માટે વિચિત્ર મહત્વાકાંક્ષા સહુને હોય છે તેમ તેને પણ હતી.

એક દિવસ લોહખુર ચોર મનમાં વિચારે ચડયો, અને મનમાં વિચારે છે કે, "ભગવાન મહાવીર દેવ જબરા જાદુગર લાગે છે, ધુરંધર મહા-પંડિત સાક્ષાત સરસ્વતિ પુત્ર ઈંદ્રભૂતિ જેવા કટ્ટર બ્રાહ્મણ વિદ્વાનો વાદમાં હરાવવા આવેલા તે અગિયારે અગિયાર મહાન પંડિતો અને તેના સેંકડો શિષ્યો સહિત પણ જેના ચરણમાં નમી પડયા. ભલભલા રાજવીઓ અરે, શ્રેણિક મહારાજા જેવા કટ્ટર બૌદ્ધ-ધર્મીઓ ને બીજા અનેક રાજાઓ પણ એના પરમ શ્રદ્ધાળુ ભક્ત બન્યા, અરે ચારે વર્ણના લોકો એના અનુયાયી બન્યા. એ કાંઈ જેવો તેવો જાદુગર હશે!"

એ મહાવીરની વાણી અને એના નયનોમાં અજબ આકર્ષણ છે! એમાંથી બચવું હોય, આપણું ચોર લોકોનું અસ્તિત્વ રાખવું હોય તો એની વાણીનો એક શબ્દ પણ સાંભળવો ન જોઈએ. એજ આપણા રક્ષણનો એક માત્ર અમોઘ ઉપાય છે.

એક દિવસ પોતાના પુત્ર રોહિણેય ભગવાન મહાવીરની વાણીની જાદુઈ અસર નીચે ન આવે એટલા માટે પોતાના પુત્રને મહાવીરની વાણી કદિય ન સાંભળવાની પ્રતિજ્ઞા કરાવે છે.

રોહિણેય તેના બાપ કરતા સવાયો નીકળ્યો હતો. તે રાજગૃહનગરીમાં કેટલાય દિવસોથી ઉપરા-ઉપરી ચોરી કર્યા કરે છે પણ કોઈ તેને પકડી શકતું નહિ.

મહાબુદ્ધિના ભંડાર અભયકુમાર પણ તેનાથી હાંફી ગયા છે.

એક વખતે રોહિણેયની પાછળ શ્રેણિક મહા-રાજાનું મોટું શૈન્ય પડયું હતું. તે વખતે હાથતાલી દઈ ભાગી છૂટયો. ટુંકે રસ્તે વનમાં થઈ જતાં ત્યાં ભગવાન મહાવીર સમવસરણમાં બેસી દેશના આપતા હતા. શૈન્યના ભયના લીધે ભાગતો હતો.



મહાવીરની વાણી સંભળાઈ ન જાય માટે બન્ને કાને આંગળીઓ ખોસી હતી. જતાં જતાં પગમાં કાંટો ભોંક-વાથી અનિચ્છાએ એક કાનમાંથી આં-ગળી કાઢી પગમાંથી કાંટો કાઢયો.

તે વખતે પણ ભગવાન મહાવીર દેવની વાણીના થોડા મધુર શબ્દો કાનમાં અથડાઈ ગયા.

દેવોની આંખો પલકારા મારતી નથી, દેવોના ગળામાં રહેલી માળાઓ કદિ કરમાતી નથી. દેવો પૃથ્વીથી સદા ચાર આંગળ પ્રમાણ અદ્ધર રહે છે. દેવોના શરીરે પરસેવો કદિ થતો નથી.*

રોહિણેય ચોરને અનિચ્છાએ આકસ્મિક મહાવીર વાણીના આ ચાર વાકયો અથડાઈ ગયા. એણે ભૂલવા ઘણો પ્રયત્ન કર્યો, પણ તે તો મનમાં વધારે ઘુંટાઈ ગયા.

કુદરતની કળા પણ અકળ છે. માનવી ધારે છે કાંઈ અને બને છે કાંઈક બીજું જ.

સૈનીકો, કોટવાળો, વગેરે એ ચોરને પકડવા અનેક પ્રયત્નો કર્યા છતાં એ ચોર વિદ્યા સિદ્ધ હોવાથી પકડાતો જ નથી, પ્રતિદિન ચોરી થયા કરે, એથી રાજગૃહનગરીના લોકો કંટાળી ગયા. એક દિવસ નગરના મહાજનના આગેવાનો આવી શ્રેણિકરાજા આગળ આવી કહેવા લાગ્યા: "રાજન ! આપ જેવા સ્વામી જે પ્રજાના હોય, તે પ્રજાને શી પીડા કે દુઃખ હોય ? કેટલાય દિવસથી અમે ત્રાસી ગયા છીએ. આ ચોર તો ચોરી કરી અદૃશ્ય થઈ નાસી જાય છે.

દિવસો ઉપર દિવસો વીતે ચોર કોઈ રીતે પકડાતો નથી રાજગૃહની પ્રજા વિમાસણમાં પડી

---

*અનિમિસ નયણા, મનકજ્જ સાહણા પુપ્ફદામ અભિલાણા,
ચઉ રંગ લેણ ભૂમિં નચ્છિવંતિ સુરાજિણાબિંતિં.

ગઇ, શું કરવું હવે શું થશે ? મહાજન ભેગું થઈને રાજસભામાં જઈ ફરીવાર મગધાધિપતિને વિનંતી કરી. અને આ સંકટમાંથી અમને બચાવો !

મહાજનના આગેવાનની ફરિયાદ સાંભળીને રાજાએ નગરના કોટવાલને બોલાવી જાડી નાંખ્યો. "અરે, તમે કોટવાળ થઇને ચોરના સહાયક થઈ મારો પગાર ખાવો છે કે શું ? કે જેથી મારી પ્રજાને આ ઉપદ્રવથી જલ્દી મુક્ત કરો."

ચોરને પકડવા મહામંત્રીશ્વર અભયકુમારે અનેક ઉપાયો કર્યા પણ ચોર કોઈ રીતે હાથ આવતો નથી.

એક દિવસે અભયકુમારે એક એવો અદ્દભુત "વ્યૂહ" રચ્યો. સૈન્ય યોગ્ય રીતે ગોઠવી દીધું. ગોઠવેલા વ્યુહમાં ચોર અજબ સપડાઈ ગયો. કોટવાલે ચોરને અભયકુમાર પાસે હાજર કર્યો.

આ ભયંકર ચોરને સખતમાં સખ્ત શિક્ષા કરવા મહામંત્રીશ્વર મનમાં વિચારે છે કે; આપણે તેને બુદ્ધિથી સપડાવ્યો. પણ તેની પાસે ચોરીનો મુદ્દા-માલ કાંઈ જ નથી. મુદ્દામાલ વગેરે કે પુરાવા વગર ચોરને શિક્ષા શી રીતે કરવી ? અને તે ન્યાય વિરૂદ્ધ કહેવાય. જેથી તેને મહામંત્રીશ્વરે પુછ્યું :

"ભાઈ! તું ક્યાં રહે છે ? તું કોણ છે ?"

તેણે જવાબમાં કહ્યું : હું રાજગૃહની નજીક શાલીગામમાં રહું છું, અને કણબી પટેલ છું મારૂં નામ દુર્ગચંડ છે. કામ પસંગે નગરીમાં આવેલ આપના સૈનિકોએ મને પકડી આપની પાસે હાજર કર્યો છે. બાકી હું નિર્દોષ છું.'

મહારાજા અને મહામંત્રીશ્વર વિચારમાં પડી ગયા. શું સત્ય કહે છે? તુરત તેની ખાત્રી કરવા સૈનિકો મોકલ્યા : ત્યાં જઈ તપાસ કરતા લોકોએ કહ્યું : 'દુર્ગચંડ નામનો ખેડુત અહિં રહે છે પણ તે હાલ ગામ ગયેલો છે.'

બુદ્ધિવંતા અભયકુમારે ચોરને સપડાવવા બીજી યુક્તિ કરી.

દેવલોકની રચના કરી :-

સાતમાળના મહેલમાં લઇ જઇ ત્યાં દેવ વિમાન જેવું દશ્ય ખડું કર્યું, રોહિણેય ચોરને ચન્દ્રહાસ મદિરા પાઇને મુચ્છિંત કરી દીધો. પછી તેને દેવતાના વિમાન જેવા મહા મૂલ્યવાન રત્નોથી વિભૂષિત મહાસુગંધીત શય્યા ઉપર સુવાડયો.

જ્યારે તેનો નશો ઊતરી ગયો ત્યારે તે આમ તેમ જોવા લાગ્યો તો આશ્ચર્ય કરનારી અને આનંદ આપનારી વાણી વડે તે વખતે "જય જય નંદા જય જય ભંદા!" એવા મંગલમય શબ્દો કરતાં નરનારીઓ તેના જોવામાં આવ્યા.

તે વખતે તે નર નારીઓ કહેવા લાગ્યા : 'હે ઉત્તમ ભાગ્યશાલિ ! તમે અમારા સ્વામી-દેવ થયા છો, આ ઉંત્તમ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા છો. માટે ઇચ્છા માણે આનંદ કરો. અમે તમારા સેવકો છીએ."

આવાં મધુર વચનો સાંભળી રોહિણેય વિચારવા લાગ્યો : "શું આ દેવલોક હશે ? હું મનુષ્ય લોકમાંથી મરીને અહિંયા શું દેવપણે ઉત્પન્ન થયો છું ?" એવો વિચાર કરે છે ત્યાં તો તેની આગળ દિવ્ય સંગીત શરૂ થઇ ગયું.

એટલામાં સુવર્ણની છડી ધારણ કરનારા એક પુરૂષ ત્યાં આવ્યો તેણે પેલાં ગંધર્વ નરનારીઓને કહ્યું : 'આ તમે શું આરંભ્યું છે ?'

ત્યારે તેઓએ કહ્યું. "અમે અમારા સ્વામી આગળ અમારી કળા-વિજ્ઞાન બતાવીએ છીએ."

'તમે સ્વામીની ભક્તિ કરો છો !' બહુ સારૂં કૌશલ્ય તમે બતાવો, પણ પ્રથમ દેવલોકના આચાર પ્રમાણે તેમની પાસે વિધિ કરાવો.' એક પ્રતિહારીએ કહ્યું : "અરે પ્રતિહારી નવા સ્વામીને જોઈ અમે વિધિ ભૂલી ગયાં. કહો શું શું આચાર કરાવાના છે ?"

'અરે નવા સ્વામીના લાભમાં શું એટલું પણ તમે ભુલી ગયા? તમે કે જે પ્રથમ અહિં નવા દેવ ઉત્પન્ન થાય તેના વચનથી આ દેવતા છે કે નહિ તેની ખાતરી કરી લો.'

રોહિણય વિચારવા લાગ્યો કે "આ લોકો દેવતા હશે તો સત્ય ઉત્તર આપીશ. અગર મહાબુધ્ધી ભંડાર અભયમંત્રીશ્વરનું કપટ જાણીને જેમ ઠીક લાગશે તેવો ઉત્તર આપીશ."

રોહિણેયએ જોયું તો આ લોકોના પગ ભુમિએ અડતા છે, આંખો વારંવાર મટકું માર્યા કરતી લાગ છે. પુષ્પમાળા પણ કરમાવા લાગી છે. અને અને નૃત્ય-નાચ કરે છે તેથી તેમના શરીરે પરસેવા પણ દેખાય છે. માટે ભગવાન મહાવીરના વચન પ્રમાણે આ દેવતા નથી. એ ખાતરી કરી લીધી.



રોહિણેય ચોર વિચારે છે શું દેવતા હશે?

પછી વિચાર્યું કે, ' મને સપડાવવા માટે મહામંત્રી-શ્વરે એક યુક્તિ કરી છે.'

પ્રતિહારીએ ફરીને પૂછ્યું : "શું વિચાર કરો છો ? જેવું હોય તેવું આજે અહિંયા પ્રથમ પ્રગટ કરવું જોઈએ."

રોહિણેયે કહ્યું : "તારૂં કહેવું સત્ય છે. પૂર્વ મેં ઘણા ઘણા પૂણ્ય કાર્યો કર્યા છે. સુપાત્રે દાન દિધા છે, શ્રી જિનેશ્વર દેવોની પૂજા-ભક્તિ કરી છે. ઘણા તીર્થોની યાત્રાઓ કરી, સદ્ ગુરૂદેવોની સેવા, આવા આવા શુભ કાર્યો ગણાવ્યા. તેથી હું આ દેવગતિ પામ્યા છું."

પછી પ્રતિહારીએ ફરી પૂછ્યું : "હવે ભવમાં જે જે પાપ કાર્યો કર્યા હોય તે કહો ? રોહિણેયે કહ્યું : ભાઈ ! શું કહું હું તો નાનપણથી સાધુ ભગવંતોના સત્સંગમાં હોવાથી મેં કોઈ પાપ કાર્ય કર્યું નથી.

મેં કોઈ પાપ કાર્યો કર્યા હોય તો ઉત્તમ તે દેવ લોકમાં આવું ખરો ? વિચાર તો કરો આંધળો માણસ શું પર્વત ઉપર ચઢી શકે ખરો ?

પ્રતિહારીએ આ સર્વ વાત મહામંત્રીશ્વર અભયકુમારની આગળ કહી. અભયકુમારે શ્રેણિક

મહારાજાને કહી. શ્રેણિક મહારાજે કહ્યું. "આટ-આટલી યુક્તિઓ કરી પણ ચોર તરીકે ન સપડાય તેને છોડી મૂકવો જોઇએ. મહારાજાના વચન પ્રમાણે તેને વિદ્દોષ છોડી મૂકયો.


રોહિણેય ચોરની વૈરાગ્ય ભાવના :

જેવો બંધનમાંથી છૂટયો કે વિચારવા લાગ્યો : "મારા પિતાના વચન-હિત શિખામણ ને ધિકકાર છે. જેમના વચનના કારણે મેં ભગવાન મહાવીરને સાંભળ્યા નહિ. તેમનાથી દુર ભટકતો રહ્યો.

અનાયાસે આકસ્મીક પણે ભગવાનના ચાર શબ્દો સંભળાઇ ગયા. તો અભયકુમારની જાલમાંથી પણ છટકી ગયો.

મેં મોટી ભૂલ કરી છે કે "મારા-પિતા રૂપ ચોરની વાણીમાં મેં પ્રિતિ કરી તે સારૂં તો નથી જ કર્યું. ઇત્યાદિ વિચાર કરતો ઘરે ન જતાં તે વખતે ભગવાન શ્રી મહાવીર રાજગૃહ નગરીમાં જ પધાર્યા હતા, સમવસરણમાં બેસી દેશના આપતા હતા. સિધો ત્યાં જ ગયો.

પરમતારક પ્રભુજીની ધર્મ દેશના સાંભળીને તે બોલ્યો : "હે પ્રભુ ! હું સાધુ ધર્મને યોગ્ય છું ?"



શ્રી મહાવીર પ્રભુ ધર્મ દેશના આપે છે.

ભગવાન બોલ્યા : 'હા, જરૂર તું સાધુ ધર્મને યોગ્ય છે.'

રોહિણેય બોલ્યો : પ્રભુ, તો વ્રતને ગ્રહણ કરીશ, પણ પ્રથમ મારે શ્રેણિક મહારાજા અને અભયકુમારને કાંઈક કહેવાનું છે ! આ વચન સાંભળી શ્રેણિકરાજા સભામાં જ બેઠેલા હતા તેમને કહ્યું : "તારે જે કાંઈ કહેવાનું હોય તે નિઃશંકપણે કહે.

દીક્ષા લેવી હશે તો હું દીક્ષા પણ તને સારી રીતે અપાવીશ.''

તે બોલ્યો: "રાજન્ ! જે ચોરને પકડવા માટે અથાગ પ્રયત્ન કર્યો છે તે હું જ રોહિણેય ચોર છું. તમારા નગરને લુટીને મેં જે ભયંકર પાપ કર્યાં છે. પણ ભગવાન મહાવીરના ચાર શબ્દોએ મને તે અતિ ભયંકર આફતમાંથી ઉગારી લીધો છે. ભગવાનના વચનથી વૈરાગ્ય પામી હું દીક્ષા લેવાનો છું. જે માલ હોય તે તેમને પાછો આપી દો ! મારી સાથે તમારા માણસો મોકલો. સર્વ ધનના સ્થાનો બતાવી દઉં.'' સાથે માણસો લઇ જઈ રાજપુરૂષોને બધું ધન માલ બતાવી દીધું. જેનું હતું તેને અપાઈ ગયું.

શ્રેણિક મહારાજાએ રોહિણેયનો મોટી ધામધુમથી દીક્ષા મહોત્સવ કર્યો.

ભગવાન મહાવીર પાસે મનના ઉલ્લાસથી સંયમ લઈ સુંદર રીતે ચારિત્ર પાળી કઠીન તપ કરતા શરીરને ગાળી નાંખી પ્રભુની આજ્ઞાથી વૈભારગીરી ઉપર "પાદપોગમન" અનશન કરી શુભ ધ્યાનપૂર્વક સ્વર્ગલોકમાં ગયો.

એક વખત અભયકુમાર બેઠા હતા. ત્યારે તેમને વિચાર આવ્યો કે, મેં ઉજ્જયિની નગરીથી રવાના થતી વખતે ચંડપ્રદ્યોત રાજાની સભામાં કહ્યું હતું: "રાજન્! ખરે બપોરે તમારા તમામ રાજપુરુષો જોતા રહેશે અને તમોને બાંધીને ઉપાડી જઈશ; માટે સાવધાન રહેજો."

આ વાતને કેટલોક સમય થયાં છતાં રાજ્યના અનેક કામકાજમાં તે કાર્ય હજી કરવા વિચાર્યું નથી. આ બાબત ધન્યકુમાર સાથે કેટલીક વાતચીત કરવા તેમના ઘરે ગયા. હું કાર્ય માટે થોડા સમય માટે ઉજ્જયિની જવા વિચારૂં છું. મેં કથન કર્યા મુજબ મારૂં કાર્ય પાર પાડવું જ રહ્યું. તે માટે સર્વ તૈયારી કરવા લાગ્યા. અભયકુમારે એક વણિકનો વેશ લીધો, અને અભયચન્દ્ર-શેઠ બન્યા. બનાવટી દાઢી મૂંછ ધારણ કર્યાં. પ્રથમ તો ઉત્તમ રૂપવાળી વીશ, એકવીશ વર્ષ લગભગની વયવાળી, મુખના હાવભાવ, કટાક્ષ વગેરે કરવામાં અતિ કુશળ, ભલ-ભલા મનુષ્યને આકર્ષણ કરવાની કળામાં ચતુર અપ્સરાઓને પણ જીતે તેવી, રૂપ, સૌંદર્ય અને યૌવનથી લચી પડતી સંગીત વગેરે કળામાં પ્રવિણ બે મનોહર કોકીલ કંઠવાળી ગણિકાઓને શોધી સાથે રાખી.

મુખ, નેત્રાદિથી ચંડપ્રદ્યોત મહારાજાને બરોબર મળતી જ આકૃતિવાળો એક પુરુષ અભયચન્દ્રે શોધી કાઢયો. તે સર્વને મ્હોં માંગ્યું ધન આપી પ્રસન્ન કર્યા. આપણે ઉજજયિનીમાં જઇને શું શું કરવાનું છે, તે બધું ગુપ્ત રીતે બધાયને શિખવી દીધું, ત્યારપછી માલવ દેશમાં વેચી શકાય તેવા અનેક જાતના કરિયાણા, ઉત્તમ જાતના વસ્ત્રો, વગેરે અને વિવિધ જાતના રત્નો ખરીદીને અનેક ગાંડા, ઊંટ તથા બળદો ઉપર યોગ્ય રીતે બધો માલ ગોઠવ્યો.

વળી તે દેશમાં બોલચાલમાં કુશળ, તેવી જાતના વેશ પહેરવાવાળાં માણસો તૈયાર કર્યા. પોતે પણ તેવોજ વેશ ધારણ કર્યો. આ રીતે સર્વ સામગ્રી તૈયાર કરાવીને અને રાજયનો ભાર કેટલોક ધન્ય-કુમારને ભળાવી, બીજા મંત્રીઓને યોગ્ય ભલામણ કરી.

શ્રેણિક મહારાજાની આજ્ઞા લઇને શુભ દિવસે શુભ શુકનોથી ઉત્સાહિત થઈ, અભયચન્દ્ર શેઠે રાજગૃહથી માળવા દેશ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં ગરીબ-ગુરબાંને દાન દેતા આગળ વધે છે.

બન્ને રૂપવતી સ્ત્રીઓને પરદાવાળા રથમાં બેસાડી. કેટલાક સુભટો રથની આગળ અને પાછળ ચાલવા લાગ્યા. કેટલીક દાસીઓને તે રથની રક્ષા માટે રાખી. જયારે પણ કોઈ પૂછે. “આ રથમાં

કોણ છે ?" ત્યારે રથની પાસે ચાલનારા સુભટો કહેતા કે 'સ્ત્રીઓનો જનાનો છે.'

એક ડોલીમાં ચંડપ્રદ્યોત રાજાના જેવી જ આકૃતિવાળા પુરુષને બેસાડયો હતો, તેને શિખવી રાખ્યા પ્રમાણે ગાંડાની જેમ ગમે તેવાં વાકયો બોલતો હતો.

અભયચન્દ્ર શેઠ પોતે ઉત્તમ પ્રકારના અશ્વોવાળા રથમાં પરદેશી વસ્ત્રોથી સજ્જ થઇ બેઠા હતા. આગળ અને પાછળ અનેક સુભટો ચાલતા હતા. તેની પાછળ કરિયાણા ભરેલા ગાડાઓ, ઊંટો, બળદો વગેરે સુભટોથી રક્ષિત થઈ ચાલતા હતા. આ રીતે પ્રયાણ કરતા કરતા અનુક્રમે અવંતી દેશમાં ઉજ્જયિની નગરીએ આવી પહોંચ્યા.

ઉજ્જયનીમાં પ્રવેશ

નગરી બહાર મુકામ કરીને એક સુવર્ણ થાલમાં બહુ કિંમતી હીરા-માણેક અને મોતી વગેરે ભરી. તે ભેટણું લઇને પરદેશી વેશધારી અનેક સુભટોથી અને નોકરોથી પરિ વરેલા અભયચન્દ્ર શેઠ ચંડપ્રદ્યોત રાજાની સભામાં આવ્યા. મહારાજાના પગ પાસે સુવર્ણ થાલ મૂકી, રાજાને નમસ્કાર કરી યોગ્ય સ્થાને બેઠા.

ચંડપ્રદ્યોત રાજાએ અદ્દભૂત ભેટણું જોઇને પ્રસન્ન થઇ પ્રેમપૂર્વક તેમની તરફ જોઇ બોલ્યા : "શ્રેષ્ઠિ ! તમે કયા દેશથી આવો છો ?"

પરદેશી શેઠ, બે હાથ જોડી બોલ્યા : "સ્વામિ અમે બહુ જ દૂર દેશથી આવ્યા છીએ. જે સ્થળે રામચંદ્રજીએ સમુદ્રનું, ઉલ્લંઘન કરવા સેતુ-પૂલ બાંધ્યો હતો ત્યાં પૃથ્વીભૂષણ નામનું નગર છે. ત્યાં મહાપ્રતાપી અરિમર્દન રાજા રાજ કરે છે. તે નગરના અમે રહેવાસી છીએ.

ત્યાંથી વહાણ મારફતે અનેક પ્રકારના કરિયાણા, વસ્ત્રો વગેરે અનેક પ્રકારની વસ્તુ લઇ અનેક સ્થાનોએ ફરતા ફરતા અને વેપાર કરતા કરતા અહિં આવ્યા છીએ.

એક વખત અમે કેટલાક વેપારીઓ ભેગા થઇને બેઠા હતા. ત્યારે તમારી ઉજ્જયિની નગરીના ખૂબ વખાણ કોઇએ કર્યા. અમે તે વખતે સાંભળ્યાં હતા: ત્યારે જ વિચાર કરતા હતા કે, 'અવસર આવે તો એક વખત જરૂર ઉજ્જયિની નગરી જોવી.' પણ અમે રહ્યા વેપારી વેપારમાં કંઇ બાજુ જવાય ક્યારે જવાય તેની ખબર ન પડે!"

અમે નાની ઉંમરમાં અભ્યાસ કરતા હતા ત્યારે સાંભળ્યું હતું કે, "દેશાટન, પંડિતજન મિત્રતા, વારાંગનો યોગ, રાજસભામાં પ્રવેશ, તથા અનેક શાસ્ત્રોનું અને તેના અર્થોનું અવલોકન આ પાંચે બાબતો ચતુરાઇનાં વધારનારા મૂળ કારણભૂત છે. ૧

---

૧ "દેશાટનં પંડિતમિત્રતા ચ, વારાંગના-રાજસભાપ્રવેશ;
અનેક શાસ્ત્રાર્થ વિલોકનં ચ, ચાતુર્યમૂલાનિ ભવન્તિ પંચ.

અમારા વડીલો પણ કહેતા હતા કે, "દેશાં-તરમાં જવાથી ચતુરાઇ આવશે, તેમજ ધન પણ મળે છે, એ બે કાર્ય સાધી શકાય છે," આ પ્રમાણે મેં વિચાર કરી, હું અનેક પ્રકારના કરિયાણાઓના ગાડા ભરી અમારા દેશથી નિકળ્યો. અનેક દેશોમાં ફેરી ફરીને અમે બે વર્ષ પસાર કર્યા. અનેક પુર, નગર, ઉપવન જોતાં જોતાં અમારા મનને બહુ જ આનંદ થયો.

છ માસ પહેલાં જ એક ભાઇએ તમારા રાજ્યનું વર્ણન કરતાં કહ્યું હતું, વર્તમાન કાળે જેવી ઉજ્જયિની નગરીની શોભા અદ્‌ભૂત છે, તેવા જ ત્યાંના રાજવી પણ બહુ જ ચતુર અને કાબેલ છે તેની આજ્ઞામાં સોળ રાજાઓ છે ને તેનો પ્રભાવ પણ અલૌકિક છે અને વળી ચંડ તેજસ્વી હોય તેવા ચંડપ્રદ્યોત રાજા રાજ કરે છે. આ રીતે ઘણું વર્ણન સાંભળીને પૂર્વે કાન પવિત્ર કર્યા હતા, આજે આપને સાક્ષાત નિહાળીને ચક્ષુઓ પાવન થયા.

વળી એકે કહ્યું હતું : "જો તમારે આશ્ચર્યના સ્થાનો જોવાની ઇચ્છા હોય તો ઉજ્જયિનીમાં તમારે અવશ્ય જવું. તે નગર જોવાથી બીજા સર્વ નગરો માણિક્ય જોયા પછી કાચ જેવા લાગશે."

આ સાંભળીને બીજા દેશોમાં જવાની ઇચ્છા હતી તો પણ આ તરફ આવ્યા છીએ."

આમ અક્ષયચન્દ્ર શેઠ બોલતા બંધ રહ્યા એટલે પોતાની પ્રશંસા સાંભળી ફુલાયેલા ચંડપ્રદ્યોત રાજાએ કહ્યું: "ભાગ્યશાળી ! તમારા જેવાનાં આગમનથી અમને પણ બહુ આનંદ થયો છે. તમે સુખેથી રહો, ઇચ્છા પ્રમાણે વેપાર કરો, તમારે જો કાંઇ કામકાજ હોય તો સુખેથી આવીને અમને જણાવશો."

આ પ્રમાણે કહીને ઉત્તમ વસ્ત્રો તથા સુગંધી પાનબીડો આપી શેઠનું સન્માન કર્યું તેમજ જકાત લેનાર અધિકારીને ચંડપ્રદ્યોત રાજાએ આદેશ કર્યો; "આ શ્રેષ્ઠી પાસેથી અર્ધી જકાત લેજો."

શ્રેષ્ઠિ રાજસભામાંથી નિકળી, તેમના માણસો મારફત ઉજ્જયિની નગરીમાં રાજમાર્ગ ઉપર અનેક ઓરડાઓ અને સુંદર બારી બારણાવાળુ, ભોંયરાનો ગુપ્ત માર્ગ વગેરે બધી સગવડવાળું રાજહવેલી જેવું મકાન ભાડે રાખી લીધું. પોતે અભયચંદ્ર શ્રેષ્ઠિ નામ ધારણ કરી નગરમાં વેપાર કરવા લાગ્યો.

થોડા દિવસમાં જ પોતાની બુદ્ધિ ચાતુર્યથી, વ્યવહાર અને વાતચીતની કળાથી તેણે તે નગરના લોકોને પોતાના તરફ પ્રીતિવાળા કર્યા. થોડા દિવસોમાં આ નગરીમાં ઘેર ઘેર આ પરદેશીના નામની પ્રસંસા થવા લાગી. લોકો પરસ્પર કહેવા લાગ્યા કે, 'પૂર્વે કોઈ વખત નહિ જોયેલા એવા

સજ્જનોમાં શિરોમણિ આ શ્રેષ્ઠિ આવેલ છે. તે દેશને પણ ધન્ય છે જ્યાં આવા સજ્જનો રહે છે.'

અભયચન્દ્રના વખાણ શેરીએ શેરીએ અને બજારોમાં થતા.

શ્રેષ્ઠિ અભયચંદ્રના મકાન ઉપર આખો ય દિવસ દ્વારપાળો ઉભા રહેતા. કોઇને પણ અંદર પેસવા દેતા નહિ. કોઇ પૂછે ત્યારે જવાબ મળતો કે, અમારા દેશમાં અને અમારા કુળમાં આવો રિવાજ છે.' થોડા દિવસોમાં તો બજારમાં સહુ સાથે વેપારે વગેરેથી શિષ્ઠતાપૂર્વક વર્તનથી સહુને અતિપ્રિય થઈ પડયા.

અપહરણની પૂર્વ તૈયારીઓ

ચંડપ્રદ્યોત રાજાને મળતી આકૃતિવાળો જે પુરૂષ સાથે લાવેલ, તેને અભયકુમારે શિખવાડી રાખ્યા પ્રમાણે ઘડીએ ઘડીએ ઘરમાંથી નાસીને બજારમાં જાય અને રસ્તે ગમે તેવું બોલ્યા કરે, ગાંડાના જેવી જ બધી ક્રિયા કરતા અને જ્યાં ત્યાં ભટકયા કરે, અભયચન્દ્ર શેઠ કે તેના માણસો તેની પાછળ જઈ પકડીને હવેલીએ લાવે.

આવી રીતે પાછો લાગ જોઇને દૂર દૂર ભાગી જાય આમથી તેમ દોડા દોડી કરે, શેઠના નોકરો તેને પાછો જેમ તેમ પકડી લાવે. જેમ નાટકીયા નાટક કરે તેમ રોજ ચાલ્યા કરે છે.

લોકોને કહેઃ "હું તો પ્રદ્યોત રાજા છું, મને આ અભય પકડી જાય, તમે તેને રોકો !"

આવું આવું રોજ રોજ નાસી જાય, બકયા કરે, પાછો પકડાઇ જાય. બે ચાર દિવસ શાન્ત થઇ જાય. પછી પાછો એવોને એવો.

વળી કોઇ વખત ધૂળ ઉડાડે, કોઈ વખત કાંઇ બીજું બોલે. અને પાછું કહેઃ "હું તો પ્રદ્યોતરાજા છું મને આ અભય પકડી જાય તમે તેને રોકો."

આ રીતે હંમેશા કરતા કરતા પાંચ-સાતને દશ-બાર દિવસો વિતી ગયા.

શેઠના નોકરો તેને ઘરમાં લઈ જાય ખાટલે બેસાડી સારી રીતે જમાડે "તમાસાને તેડું ન હોય" તેમ લોકો તેની ગાંડા જેવી હાલત જોઇ હસે. સેંકડોં, હજારો માણસો અને બાળકો તેની પાછળ પાછળ ભમવા લાગ્યા. કોઈ તેને પૂછતું, કે, "તું કોણ છે ?" ત્યારે તે જબાબ આપતો.

"હું તો પ્રદ્યોત રાજા છું."

આ સાંભળીને લોકોએ નકકી કર્યું કે 'આ તો ગાંડો છે, જરૂર આનો હૃદય કમલમાં પ્રાણ વાયુની વિકૃતિ થઈ ગઇ લાગે છે.' તેથી આ ગાંડો થઈ ગયો, જેથી જેમ તેમ બોલે.

આ રીતે ચાર પાંચ ઘડી સુધી નગરમાં-બજાર તડકે રખડયા કરે છે.

અભયચન્દ્ર શેઠ પણ પોતાના નોકરો લઈ તેની પાછળ ફરે, શોધી લાવી-પકડીને ઘરે-હવેલીએ લઈ જાય.

પોત પોતાની દુકાને બેઠેલા લોકો તેવું દેખીને વિસ્મિત મન વાળા થઇને, શેઠને દિલાસો આપે. 'તમે શેઠ આવા તડકામાં શા માટે દોડો છે? અમારી દુકાને આવીને બેસો. આપના સેવકો બધુ કરશે.' મારી દુકાને બેસો, મારી દુકાન પાવન થશે? આપ ફરમાવો અમે આપને જે કામ હોય તે કરી આપીએ !!! સહુની સાથે અભયચન્દ્ર શેઠનો વહેવાર મીઠો અને સદભાવ વાળો હોવાથી સહુ કોઇ લાગણી પ્રદર્શિત કરતા.

ત્યારે શ્રેષ્ઠિ 'આંખમાં અશ્રુ લાવી, ગદ્ ગદ વચનો વડે કહેતાં કે "ભાગશાળીઓ! તમે જે કહ્યું તે બધું ખરૂં છે! તમે મારા શુભચિંતકો છો" તમે બધા સહાયક છો. શેઠે કહ્યું: "હું એક મોટી આપત્તિમાં ઘેરાયેલો છું."

લોકોએ પૂછયું: "એવી તે શી આપત્તિ આવી પડી છે?"

શેઠે કહ્યું: "બે ત્રણ માસથી મારો પ્રાણપ્રિય આ નાનો ભાઇ ઘરનો બધો કારભાર સંભાળતો હતો. બહુ જ વિનય ગુણવાળો, પ્રદ્યોત તેનું નામ છે. ભૂતાદિ દુષ્ટ દેવતા કે વાયુ પ્રકોપ કોઈ એવા કારણથી તેની પ્રકૃતિમાં ફેરફાર થઈ ગયો છે. સીધી રીતે

બોલતો નથી કે સીધી રીતે ખાતો પણ નથી. હું તેનું પડખું પણ મુકતો નથી. છતાં તક જોઇને નાસી જાય છે. આજે સવારનો ક્યાંક બહાર નાસી ગયો છે. તેના પતો જ નથી લાગતો નથી. તેથી આવાં ભયંકર તડકામાં ઘરેથી નીકળી તેની તપાસ માટે આવ્યો છું."

લોકો કહેવા લાગ્યા: "અહો કર્મની ગતિ કેવી વિચિત્ર છે! સર્વ રીતે સુખી એવા પણ આ શેઠ દુ:ખ અનુભવે છે, શત્રુને પણ ન હોજો આવું દુ:ખ."

આ પ્રમાણે આખી ઉજ્જયિની નગરીમાં સર્વ સ્થાને વાત પ્રસિદ્ધ થઈ ગઈ છે. રાત્રે-ને બપોરે ઘરે ઘરે શેઠની વાતો થતી. આ રીતે ઘણા દિવસો થઇ ગયા. ચાર-છ માસ થઈ ગયા.

લોકો સહુ ગાંડા પ્રયોગથી ટેવાઈ ગયા, રોજનો ક્રમ થઈ ગયો.

હવે ખાસ કોઇ ગાંડાની પાછળ ફરતું નહિ. દુકાનેથી પણ કોઇ બહાર નિકળતું....નથી. સૌ પોતપોતાના કામમાં મજગુલ રહેતાં.

પોતાના મકાનમાં રહેતી બન્ને ગણિકા પુત્રીઓને કહ્યું: "આવતી કાલે અહિંના મહારાજા ઘોડા ખેલાવવા આ રસ્તે થઇને જવાના છે. તેથી તમે પ્રથમથીજ સુંદર વસ્ત્રાભૂષણ પહેરી સોળ-શૃંગાર

ધારણ કરી તાંબુલ વડે મુખને શોભાવી, ભદ્રાસન ઉપર ગોખમાં બેસજો. અને હાથી ઉપર આરૂઢ થયેલ રાજા તમારા દૃષ્ટિ પથમાં આવે ત્યારે આંખોના કટાક્ષ બાણો વડે તેને વીંધજો, અને હાવ-ભાવ કરી તેમને તમારી તરફ આકર્ષિત કરજો, કે જેથી તે તમને જ જોયા-કરે, તમને જ વિચારે, તમને જ ઈચ્છે, તમને જ ચિંતવે અને તમને જ દેખે, વધારે તમને શું કહું ? તમારી કળા દેખાડી, જતા અને પાછા આવતા તેને સંપૂર્ણ વશ કરજો."

આમ બન્ને નવયૌવનાને શિખવીને તૈયાર કરી. બીજે દિવસે રાજાના આવવાના અવસરે બન્ને સુંદરીઓ બની-ઠની સોળે શૃંગાર અને ભવ્ય આભૂષણો પહેરી દેવલોકની જાણે અપ્સરાઓ ન હોય તેમ તૈયાર થઇને ગોખમાં તે રત્નમંજરી અને કામમંજરી બન્ને બેઠી.

સમય થતાં થતાં તો રાજાની સ્વારી તે માર્ગે નીકળી, હાથી ઉપર આરૂઢ થયેલ રાજાને જોઈ તેમને એવા તો હાવ-ભાવ-નખરા કર્યા કે જેથી મહારાજા હાથી ઉપર બેઠા બેઠા હવેલીના ગોખમાં બેઠેલી બંને નવયૌવનાને જોઈ તેમના હાવ-ભાવ અને નખરાં જોઈ મનમાં નવાઇ પામ્યો.

રાજા સ્ત્રીલંપટતો હતો જ, તેમાં વળી દેવાંગના જેવી બન્ને સુંદરીઓને જોઇને રાજા વિચારે

ચડયો, અને વારંવાર તે બન્ને યુવતીઓને જોવા લાગ્યો.

રાજા પોતે પણ તે બન્ને તરફ પ્રેમવાળો થયો. દેખીને તે સુંદરીઓસમજીને વિશેષ આદર પૂર્વક હાસ્ય પૂર્વક જરા નીચી વળીને, જરા વધારે ઉંચી થઇને રાજા વારંવાર સામું જોવા લાગી. શરીરના અવયવો દેખાય ને ઢંકાય તેવી રીતે પરસ્પર લળી લળીને વારંવાર અંગોપાંગ પ્રગટ દેખાય તેવી રીતે પરસ્પર બન્ને હાથો ગળા પાસે લગાડી ચેન–ચાળા અને હાવ ભાવ કરી રાજાને વિચલીત કરે છે.

આ બધુ જોઇ રાજા કામબાણોથી પૂરેપૂરો વીંધાઇ ગયો હતો.

રાજા મનમાં વિચારવા લાગ્યો: "આ બન્ને શું દેવ કન્યા છે? કે નાગકુમારની પત્નીઓ હશે? શું વિદ્યાધરીઓ હશે? આ બન્ને કોણ હશે? આ ભવ્ય હવેલી કોની છે? અહીં કોણ રહે છે? આ બન્ને સ્ત્રીઓનો મેળાપ મને કેવી રીતે થાય? જો આ બન્ને મળે તો જ મારો જન્મ સફળ છે. નહિ તો મારું જીવન નિર્થક છે."

આ કારણે રાજાએ મહાવતને કહ્યું: "હાથીને ધીરે ધીરે ચલાવ." મહાવતે હાથીની ચાલ ધીમી કરી. રાજા તે હવેલીના ગોખ તરફ વારંવાર જોવા લાગ્યો.

બન્ને સ્ત્રીઓમાં મોહિત થયેલ રાજા ચિત્ત-વડે વિલખો થઇને મનમાં અનેક વિચારો કરવા લાગ્યો. અને ગોખ તરફ જોયા જ કરે છે.

તે બન્ને યુવતીઓ પણ રાજાનો ચિત્ત ભ્રમ જોઈ સ્ત્રી ચરિત્રમાં પારંગત બન્ને સુંદરીઓ રાજા તરફ જોઇને અનેક પ્રકારે હાવ-ભાવ અને ચેન-ચાળા કરતી રહી....આળસ મોડતી.

બન્ને સ્ત્રીઓના હાવ-ભાવ અને ચેન-ચાળા જોઇને રાજા મનમાં વિચારે છે આ બન્ને યુવતીઓ ....મારા ઉપર પ્રેમવાળી થયેલ લાગે છે? આવા અનેકાનેક વિચારોમાં અટવાયેલ પોતાનું મન બન્ને સ્ત્રીઓ પાસે મૂકીને એકલા દેહથીજ આગળ ચાલ્યા.

બન્ને વેશ્યાઓએ બધી હકીકત અભયચન્દ્ર શેઠને જણાવી.

અભયચન્દ્રશેઠે તે બન્નેના ઉપર પ્રસન્ન થઇને ભવિષ્યના કાર્ય માટે કેટલીક યોગ્ય શિખામણ આપી અને કહ્યું: “ કાલે પાછો તે પરસ્ત્રીલંપટ રાજા આજ રસ્તે નીકળશે, તે વખતે પણ વધારે વધારે કટાક્ષ વિગરે આજની જેમ કરજો. જેથી તે વિશેષ વિહ્વળ થાય અને વિષયાનુરક્ત થઇને એમ જાણે કે “ આ બન્ને સ્ત્રી મારોજ વિચાર કરે છે, મારી ઉપર પૂર્ણરાગવાળી બનેલી છે. અને

જ્યારે હું તેને કહીશ ત્યારે તેજ વખતે મને અંગીકાર કરશે."

આમ બે ત્રણ દિવસ થશે. એટલે કામમાં વિહ્વળ થયેલ કાંઈક બ્હાનું કાઢી તે રાજા પોતાની દુતીને તમારી પાસે મળવા મોકલશે. તે વખતે રાજાની દુતી જે કહે તે સાંભળીને પ્રથમ તો મીઠા વચનો વડે તેને સંતોષ પમાડજો, પછી તે દાસીને ખાન-પાન વડે તેને બરાબર આકર્ષિત કરજો. અને રાજકુળની બધી હકીકત સારી રીતે જાણી લેજો. ત્યાર પછી કોઈ રીતે વચન-ચતુરાઈથી તેમને તમારો મિલાપ અતિ દુર્લભ છે. તેવા ભાસ-ખ્યાલ તે દાસીને થાય તેમ કરજો.

વળી તે દાસીને કહેજો કે; "અમે તો આ જન્મમાં આજ સુધી કોઈની સાથે ચાર આંખ મેળવી નથી. અમારા સ્વામી વિના કોઈ સાથે વાણી વિલાસ પણ કર્યો નથી. કયા અમારા પૂર્વ કર્મના સંબંધથી આટલો આ રાજા સાથે દષ્ટિ સંબંધ થયો? અમારો મેલાપ અતિ દુષ્કર છે. અમારે તો આ અંતઃપુરમાં જ રહેવાનું છે. આ સ્થાનમાં પ્રવેશ તો રાજાના અંતઃપુરથી પણ મૂશ્કેલ છે. છેવટે તમારે તે દૂતીને કહેવું: જો અમારા ઉપર રાજાજીને સંપૂર્ણ પ્રેમ હોય તો અમે કહીએ તે રીતે મેળાપ થાય ખરો, નહિતર તો નહિ જ થઈ

શકે. વળી તારે પણ અવસર જોઇને કોઈક વાર જ આવવું. વારંવાર આવવું નહિ.'' ઘરમાં કોઇને અગર નોકર ચાકરને વહેમ જાય તો અમારૂં આવી બન્યું. માટે બહુ જ સાવધાન થઇને કોઇક જ વાર આવવું. આ વાતમાં ભૂલ ન થાય હોં....

આ પ્રમાણે અભયચન્દ્ર શેઠે રત્નમંજરી તથા કામમંજરીને શિખવાડી દીધું. તે બન્નેએ તે સર્વ બરોબર ગ્રહણ કરી લીધું.

બીજે દિવસે પણ ફરીથી રાજાએ ગોખની પાસે થઇને નીકળ્યો. તે સમયે પણ બન્ને જણીએ કટક્ષાદિથી બહુ સારી રીતે ચંડપ્રદ્યોત રાજાને વિંધ્યો એટલે રાજા મોહથી મૂઢ બની ગયો, એવી તો વિષમ કામાવસ્થામાં પડયો અને વિચારવા લાગ્યો.

દેવાંગનાઓથી પણ વિશેષ રૂપ તથા ચતુરાઈ ધારણ કરનારી આ બન્ને સ્ત્રીઓ જો મારાં હાથમાં આવે તો કામ થઈ જાય, કામથી ઉન્મત બનીને કામાવેશની તીવ્રતા અનુભવતો અને કામાગ્નિથી બળતો તે માંડ માંડ પોતાને મહેલે ગયો.

ક્ષણે ક્ષણે અનેક વિચારો કરતો, મહેલમાં આટા મારવા લાગ્યો કે, 'જો કોઇ ચતુર અને વિલક્ષણ અવસરની જાણકાર વાણીમાં કુશળ એવી

હોંશીયાર દાસી કોઇને કોઈ બહાને તે બન્ને સ્ત્રીની પાસે જાય અને મારો આશય તેને કહે અને તેમનો આશય જાણી લાવે તો જ આપણા કાર્યની સિદ્ધિ થાય.'

આ પ્રમાણે ચિંતવીને દૂતી કાર્યમાં કુશળ એવી 'વિદ્રુમા' નામની એક સ્ત્રીને બોલાવીને એકાન્તમાં લઇ જઈ તેની આગળ બધી વિગતથી વાત કરી, શેરી અને મકાનની નિશાનીઓ આપવા પૂર્વક પોતાના મનની વાત કરી પોતાના હાથમાંથી હીરાની વીંટી કાઢી આપી અને કહ્યુંઃ ' મારૂ ઇચ્છિત કાર્ય પરિપૂર્ણ થયે, તને બીજું ભારે ઇનામ આપીશ."

આ બધું સાંભળીને વિદ્રુમાએ કહ્યું : ' રાજન ! કાર્ય બહુ જ વિષમ તે, અજાણ્યા અને પરદેશીના ઘરમાં જવું, તેમનો પરિચય કરવો, તેમની પાસેથી ગુપ્ત વાત લાવવી આ બધુંયે અતિ દુષ્કર છે; છતાં આપે મને કાર્ય સોંપ્યું છે, તો આપની આજ્ઞા પ્રમાણે બધુ કાર્ય પતાવીને આપને નિવેદન કરીશ.'

તે દુતીએ રાજાના કહેવા પ્રમાણે નિશાનીઓ વાળું મકાન શોધી કાઢયું. આજુ-બાજુના અને પાછળના પાડોશીઓ દ્વારા બધા સમાચાર મેળવી લાવી, મહારાજાને નિવેદન કર્યું. એક પરદેશી

વેપારીનું મકાન છે, થોડા વખતથી રહેવા આવ્યા છે. મકાન આખો દિવસ દ્વાર પાલના સેવકોથી ઘેરાયેલું રહે છે.

બીજે દિવસે બાજુમાં શ્રીદત્ત શેઠના ઘરમાં ઓળખાણ કાઢી હું તેમની પાસે બેસી જાણી આવી તે દુર દેશાંતરથી આવેલા એક વેપારી છે. પરોપકાર કરવા બહુ જ લાગણીવાળા અને શ્રીદત્ત શેઠે કહ્યું : 'બાઈ, આવો કોઈ સજ્જન પુરૂષ હજુ સુધી અમારા જોવામાં આવ્યો નથી.'

રાજાએ પૂછ્યું : "તેમના ઘરમાં કોઇ સ્ત્રી છે કે નહિ ?" "હા" બે ચાર સ્ત્રીઓ છે, પણ ત્યાં કોઇને પેસવા દેતા નથી. શ્રીદત્ત શેઠ કહેતા કે "હું શેઠને ઘણી વાર મળ્યો છું. પણ તેમના અંતઃપુરમાં ગયો નથી. ચાર-છ માસ થવા આવ્યા અહીંરહેવા આવ્યે છતાં મારી માતાજી એક કે બે વાર તેમના ઘરમાં ઉપર ગયા છે.' આ બાજુના બારી બારણાં ઘણું કરીને બંધ જ રહે છે. આ બાજુ કોઈ ઉભું રહેતુ નથી.

વિન્દુમા બહુ પાકી હતી. પોતાના ઘરની વાત ઉમેરીને ચંડપ્રદ્યોત રાજાને બનાવી રહી હતી.

ચંડપ્રદ્યોતના ચિત્તમાં મોટી ઉથલપાથલ મચી રહી હતી, એક બાજુ બન્ને સ્ત્રીઓના મોહથી તે

મૂઢ બની ગયા હતો. તેને મેળવવા તીવ્ર ઝંખના કરતો રાજા હતબુદ્ધિ બની ગયો હતો.

વિદ્રુમાએ તે તકનો લાભ લઈ કહ્યું, હું એમ કરીશ. તેમ કરીશ. એ સાંભળી રાજાએ વિદ્રુમાને હીરાનો કિંમતી હાર આપ્યો અને કહ્યું: આ કાર્ય જલ્દી પતાવી આવ. આખાય નગરમાં તારા જેવી કોઇ ચતુર સ્ત્રી નથી. કામ પરવશતા ખરેખર બળવાન હોય છે.

"હે વિદ્રુમા! તે સ્ત્રીઓ મારી તરફ પ્રેમભાવથી જુવે છે, એટલે મારૂં ભાગ્ય છે જ તું ઉદ્યમ કર, તારો ઉદ્યમ સફળ થશે." એમ રાજા ગાંડાની જેમ ઘણું ઘણું લવતો હતો.

વિદ્રુમાએ કહ્યું: "આપે કહ્યું તે સાચું છે, પણ વણિકની જાત બહુ વિચક્ષણ હોય છે તેને છેતરવી અતિ મુશ્કેલ છે. ઉદ્યમમાં હું કમીના નહિ રાખું, આપનું કામ કરીને જ જંપીશ."

કુડ-કપટ કરી જેમ તેમ વણિકના ઘરે જઇને સ્ત્રીઓને મળી પ્રથમ તેનો તિરસ્કાર કરી કાઢી મૂકી કાંઇને કંઈ બહાનુ કાઢી ઉપર પહોંચી ગઇ. અભયચન્દ્ર શેઠના શિખવ્યા મુજબ બધું કર્યું. બહુ જ ચાલાકીથી સ્ત્રીઓએ ઘણી આનાકાની કરી. ભય બતાવી પણ બન્ને બાજુ કાર્ય કરવાની ગરજ હતી.

ચાર દિવસની અવર જવર પછી વિદ્રમા ફાવી ગઇ. બન્ને સ્ત્રીઓએ કહ્યું: બહુ સાવધાન રહીને આજુબાજુ કોઇને વાતનો વહેમ ન પડે તેની સાવધાની રાખજે. પણ આજથી સાતમે દિવસે કામ પ્રસંગે શ્રેષ્ઠિ બહાર ગામ જવાના છે. તે વખતે ગુપ્ત રીતે સાદાવેશે મહારાજા આવે તો અમારો મિલાપ થાય. એક વાત વારંવાર કહું છું કે, "અમારી લાજ તમારા હાથમાં છે, જેમ કોઇ ન જાણે તેમ આ કાર્ય સિદ્ધ થાય તેવું કરજો." એમ બીજી બીજી ઘણી વાતો કરી તેને વસ્ત્રો અને અલંકારો અને ધન વગેરે સારી રીતે આપ્યું.

વણિકના ઘરથી નીકળીને વિદ્રમા રાજા પાસે પોતાની વચન ચાતુરાઇથી લાંબી લાંબી વાત કરી 'રાજન્! જેવું તમે તે બે સ્ત્રીના રૂપનું વર્ણન કર્યું હતું, તેના કરતા હજાર ઘણું. તેમનું રૂપ છે, ખરેખર તેઓનાં દર્શનથી કોણ મોહ ન પામે? તમારા પુણ્ય બળથી જ આ કાર્ય થયું છે.'

આમ કહીને રાજાએ તેને ધારવા કરતા અધિક ધન આપી રવાના કરી.

રાજા પણ તે દિવસથી ગર્દભીના પાશમાં પડયો. અને મહા પાપકારી મનોરથો કરતો કલ્પના જાળો ગુંથતો-ફેલાવતો મનથી ઉગ્ર કર્મ બંધન કરવા લાગ્યો.

આ બાજુ અભયચંદ્રશેઠે બજારમાં જાહેરાત કરી અને નોકર ગુમાસ્તાઓને કહી દીધું કે જેનું જેનું લેણું હોય તે સર્વના હિસાબ લઇ અને દેવું દઇ જાજો.

મારા ભાઇને લઈ દવા માટે બહાર ગામ જવૃં છે. બહાર ગામ કેટલું રહેવું પડે તે કોણ જાણે ?

એમ બે ચાર દિવસમાં નગર જનો પોતાના હિસાબ-લેણું અને દેણું સમજી ગયા.

સર્વત્ર નગરમાં એ વાત પ્રસિદ્ધ થઈ કે આવા સજ્જન પુરૂષ આપણે આજ સુધી કદી જોયા નથી અમુક દિવસે પ્રયાણ કરીને અભયચન્દ્ર શેઠ બહાર ગામ જવાના છે.

આખાય નગરમાં વાત પસરી ગઈ કે અભયચન્દ્ર શેઠ હવે થોડા દિવસમાં બહાર ગામ જવાના છે. એમના ભાઇને ઉપચાર માટે લઇ જાય છે.

અભયચન્દ્ર શેઠ ગામ બહાર પાલખી વગેરે સરસામાન નગર બહાર ઉદ્યાનમાં તૈયાર કરી લઇ ગયા.

જગતમાં જે કાર્ય અશકય તેને પોતાના બુદ્ધિ સામર્થ્યથી કરી બતાવવું એવા બુદ્ધિના ભંડાર મહામંત્રીશ્વર અભયચન્દ્ર શેઠે બાજી ગોઠવી છે. તે

અનુસાર વિદ્રમાના કહ્યા મુજબ રાજ મહેલ્લીથી ચંડપ્રદ્યોત રાજા બીલકુલ સાદા વસ્ત્રો પહેરી રવાના થયા. લોક દષ્ટિથી છુપાતા-છાનામાના અભયચન્દ્ર શેઠના મકાન પાસે આવી પહોંચ્યા. દાસીએ ચક્ષુની સંજ્ઞા વડે મકાનનો ગુપ્ત માર્ગ દેખાડી દીધો. ચંડપ્રદ્યોત તે માર્ગે જલ્દી ઉપર ચઢી ગયા. રત્ન મંજરીએ કહ્યું; "પધારો પધારો સ્વામી ! આજે આપણાં સર્વ મનોરથો સફળ થયા, સોનાનો સૂરજ ઉગ્યો અને મોતીનો વરસાદ વર્ષ્યો."

પ્રિય વચનોથી રાજાને સંતોષીને એક પલંગ ઉપર બેસાડયા. ખાનપાન તાંબુલ્લાદિક તેમની પાસે ધર્યાં, થોડીવાર સુધી તેમની સાથે હસી હસીને બન્ને સ્ત્રી વાતચીત કરવા લાગી.

ચંડપ્રદ્યોત રાજાતો તેઓ નો અતિશય આદર જોઇને પ્રેમમાં અંધ થઈ ગયો. પોતાની સાથે લાવેલ હીરાના અમૂલ્ય એકેએક હાર બન્નેને આપ્યો અમૂલ્ય હીરાનો હાર જોઇને બન્ને લલનાઓ હાવ-ભાવ અને ભક્તિ પ્રગટ પણે દેખાડવા લાગી.

ચંદ્રપ્રદ્યોત રાજા તો બન્ને સ્ત્રીનો અતિશય આદર જોઈ ઘેલો ગાંડો બની ગયો. મનોમન વિચારવા લાગ્યો કે, 'મારો આજનો દિવસ સફળ થઈ ગયો.'

આ રીતે વાતચીત ચાલતી હતી, એટલામાં પૂર્વે કરી રાખેલ સંકેત અનુસાર માણસો આજુ-બાજુથી આવ્યા અને કહેવા લાગ્યા : 'અરે, અંદર કોણ છે? તમે બન્ને સ્ત્રીઓ કોની સાથે વાતો કરો છો? શેઠ હજુ ગામ બહાર ગયા નથી તેવામાં તમે આ શું માંડયું છે?'

માણસો જોર જોરથી બોલ્યા એટલે આસપાસથી ઘણા માણસો દોડી આવ્યા અને બોલ્યા : 'અરે દુષ્ટ! તું કોણ છો? શું તને મરણનો ભય નથી? અરે શું જુઓ છો? અરે આ દુષ્ટને બાંધો, બાંધો!' તે માણસોના આવા વચન સાંભળીને રાજા તો આભો જ દિગ્મૂઢ જ થઇ ગયો, કાંઈ પણ ઉત્તર દેવા સમર્થ થયો નહિ.×

---

ઉત્તમ પુરુષોએ કામસંજ્ઞા ઘટાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. કામભોગ શલ્ય છે, કામભોગ વિષ–ઝેર છે. કામ ભોગવ્યા ન હોય છતાં તેની પ્રાર્થના કરવાથી એટલે તેની ઇચ્છા કરવાથી પણ આ સંસારમાં અનેક જીવો દુર્ગતિમાં ગયા છે. જાય છે અને ભવિષ્યકાળમાં જશે,

ઉત્તમ પુરુષો પણ પૂર્ણ ભાગ્ય વિના કુમાર્ગ ત્યજી શકતા નથી. જે સ્ત્રી–પુરુષો સન્માર્ગગામી હોય તેજ થોડા સમયમાં મોક્ષ લક્ષ્મીના ભોકતા થાય છે.

સ્વસ્ત્રીમાં સંતોષધારી અને પરસ્ત્રીમાં સદા વિમુખ રહેનાર સંસારમાં પોતાની નામના કરી ગયા છે. અનંતકાળનો ઈતિહાસ અનેક મહાપુરુષોનાં દૃષ્ટાંતોથી ભરપૂર છે.

અભયચન્દ્ર શેઠના કથનાનુસાર સેવકોએ રાજાને ખાટલાની સાથે બાંધી દીધો, તૈયાર-રાખેલા પોતાના માણસોએ તેને ખાટલા સાથે બાંધેલ હાલતમાં શેરીના નાકે લાવ્યા. જ્યાં અભયચંદ્ર શેઠ મોટા મોટા વેપારીઓ અને નગરજનોથી ઘેરાઇને ઉભેલા હતા; હજારો માણસોથી તે વીંટળાયેલા હતા, આગળ અનેક જાતના વાજીંત્રો વાગતા હતા, ભાટ ચારણો શેઠની બિરૂદાવલી બોલતા હતા, ગાયકો મોટા સ્વરે ગીતો ગાતા હતા, ત્યાં ચંડપ્રદ્યોત રાજાને બાંધી લાવ્યા.

શેરીના નાકે મોટા ટોળાંથી વીંટળાયેલ શેઠને જોઇને રાજા વિચારવા લાગ્યા : "આ શું ? આ કોણ ? વિગેરે વિચાર કરતાં તેને મહામંત્રીશ્વર અભયકુમારે રાજસભામાં કહેલાં વચનો યાદ આવ્યા"આ શું અભયકુમારનું બુદ્ધિબલ તો નહિ હોય કે ?"

---

"કામતુરાણાં ન ભયં ન લજ્જા" આ ટંકશાળી વચન જોઈએ તો સહજમાં ખ્યાલ આવી જાય કે, 'કામાશકત મનુષ્યને કોઈનો ભય કે લજ્જા મર્યાદાનો પણ ધ્યાન રહેતો નથી. એટલે ભાન ભૂલી જાય અને નહિ કરવા યોગ્ય કાર્ય કરે છે તેથી પારાવાર દુઃખ ભોગવવું પડે છે.

ઉપરની વાત આપણે અહિં જોવા મળે છે, રૂપમાં મોહમુઢ થઈને રાજા કેવા સપડાઈ જાય છે.

ખરેખર અભયે પૂર્વે કહેલા શબ્દો સ્મરણમાં આવ્યા શેઠને વારંવાર જોઇને રાજાએ નિર્ણય કર્યો; "આ તો અભયકુમારે કરેલી પ્રતિજ્ઞાના પાલનનું જ કાર્ય દેખાય છે. અહો! તેનું બુદ્ધિ કૌશલ્ય કેવું અદ્‌ભુત છે? કેવી કપટજાળ રચીને મને બાંધી તે લઈ જાય છે? હવે જો હું મૌન રહું કે લજ્જા ધારણ કરૂ તો કાર્ય બગડશે."

આ માટે નગરજનો અને રાજપુરુષો ઉભા છે, તેઓ મને છોડાવે, પછી તો જે થવાનું હોય તે થાય! આ બુદ્ધિભંડાર અભયકુમારે મને છેતર્યો છે. તેથી પોકાર કર્યા વગર મારો આમાંથી છૂટકો થશે નહિ. આ પ્રમાણે મનમાં વિચારીને તે પોકાર કરવા લાગ્યો. આ બાજુ અભયચન્દ્ર શેઠ તો આડંબરપૂર્વક ચાલ્યા જાય છે.

ખાટલે બંધાયેલ રાજા વારંવાર કહેવા લાગ્યો: "ઓ શેઠીયાઓ! રાજ્યાધિકારીઓ! અરે નગરજનો! મને મૂકાવો, મૂકાવો, આ અભય મને પકડીને લઈ જાય છે!"

તે વખતે અભયચંદ્ર શેઠે નોકરો કહ્યું: 'તમે ખાટલામાં રહેલા ભાઇને જલ્દી ગામ બહાર લઈ જાઓ, થોડીવારમાં જ કુયોગનો સમય થાય છે, માટે સેવકો તે ખાટલાને ઉપાડીને આગળ દોડતા ચાલ્યા.

અભયચન્દ્રે સહુને કહ્યું : 'તમારો પ્રેમબંધન વિશિષ્ટ કોટીનો છે, મારે ન છૂટકે ભાઇના ઔષધ ઉપચાર માટે તીર્થ સ્થાનમાં દુર લઇ જવા પડે છે ત્યાં તીર્થ પ્રભાવે કાંઈ ઠીક થઈ જાય તો સારૂં !'



એમ કહી સૌને પ્રણામ કર્યા !

ભાટ-ચારણ, વાજિંત્ર વગાડનારા અને ગરીબ ગુરબાઓને ખૂબ દાન આપી જલ્દી ગામ બહાર નીકળી ગયા. ગામના પાદરમાં બધી યોગ્ય વ્યવસ્થા મહામંત્રીશ્વરે પ્રથમથી તૈયાર રખાવી હતી.

ઉજ્જયિની નગરીથી ચંડપ્રદ્યોત રાજાને ખાટલે બાંધેલી હાલતમાં રથમાં નાંખી અતિશિઘ્ર ગતિવાળા અશ્વોને પાંચ પાંચ યોજને બદલતા ટુંક સમયમાં બહુ દૂર નીકળી ગયા.

રાજ સેવકોને અભયકુમારે આજ્ઞા કરી જણાવ્યું : 'રાજાના બંધનો દૂર કરો, મોટા અશ્વવાળા ભવ્ય રથમાં બેસાડો, ચારેબાજુ ઘોડે સવારો ફરતાં રહો, અને કોઇપણ સ્થળે રોકાયા વગર આગળ

જાઓ. મહારાજા જે જે આદેશ કરે તે મુજબ કરો. હું પાછળ પાછળ આવું છું.

આ પ્રમાણે ફેરફાર કરતા સેવકોને ચંડપ્રદ્યોત રાજાએ પૂછ્યું : "કોના આદેશથી મારા બંધનોને છોડી નાખો છો ?"

સેવકોએ કહ્યું : 'અમારા સ્વામીના આદેશથી.'

'તમારા સ્વામી ક્યાં છે ?'

'અમારા સ્વામી બહુ દુર નથી પાછળ જ આવે છે આપને જે કાંઈ કામકાજ હોય તો અમને આજ્ઞા આપજો. અમે બધા આપના જ સેવકો છીએ એમ જાણજો."

ઉજ્જયિની નગરીથી બહુ જ દુર નિકળી ગયા હતા. એટલામાં અભયકુમાર ત્યાં નજીક આવી પહોંચ્યા અને પોતાના માસા ચંડપ્રદ્યોત રાજાને મસ્તક નમાવી હાથ જોડી પ્રણામ કરીને બોલ્યા : 'મહારાજા ! બાળકના આપને પ્રણામ છે. આ બાળકે વચન પાળવા માટે કરેલા અપરાધની ક્ષમા આપશો. આપ તો મારે સદા પૂજનિક છો. સેવા કરવાને લાયક છો. છતાં મારો અવિનય થયો હોય તો આપ તો, મેરૂ પર્વત જેવા મોટા મનના આપે મને ક્ષમા આપવી જોઇએ. ધીર અને ગંભીર વૃદ્ધ પુરૂષો હોય છે તેમણે બાળકના અજ્ઞાનતાથી

કરેલ કાર્ય જોઈ કોપ કરતા નથી, પણ તેનું હિત જ કરે છે.

હું તો બાળક આપની પાસે કોણ માત્ર છું, જગતમાં માનનો ભંગ કોઇને પ્રિય લાગતો નથી તેમાં પણ મહાપુરૂષના માનની હાનિ મહાદોષ કરનાર થાય પણ મહારાજ હું શું કરૂં? આપે તો ધર્મછળથી મને ઠગ્યો હતો. લોક કહેવત છે કે "જેવા સાથે તેવા થવું જોઇએ.' એ હિસાબે મેં આપને રાજસભામાં પડકાર કરેલ તે બુદ્ધિ પ્રપંચવડે કરી બતાવ્યું. આ સર્વ આપને દેખાડવા માટે મેં બાળકે આટલી ચેષ્ઠા-ચપલતા કરી છે.'

આ રીતનાં અભયકુમારનાં કથનને સાંભળીને ચંડપ્રદ્યોત માથું હલાવી જરા હસ્યા અને બોલ્યા: "અભય! તે કહ્યા પ્રમાણે સાચું કરી બતાવ્યું. છે; તારી બુદ્ધિના પ્રવચનનો તાગ જાણવા દેવો પણ શક્તિમાન થાય કે કેમ? પ્રશ્ન છે? તેં જે કહ્યું તે કરતાં પણ વધારે કરી બતાવ્યું છે."

હું પણ તને હાથ જોડું છું. હવે બહુ થયું! માટે કૃપા કરીને મને છોડી દે કે જેથી હું માન ત્યજી દઇને મારાં રાજ્યમાં પાછો જાઉં."

રાજન! આવું બોલો નહિ! આપ મારા પૂજ્યના પૂજ્ય છો. હું તો આપની આજ્ઞા માનનારો સેવક છું, કોઈ જાનની શંકા મનમાં લાવશો નહિં. આપના

પધારવાથી અમે બધા આનંદીત થઇશું. મારા પિતા અને માતા આપને મળવા આતુર છે. હું આપને છલ વડે લાવ્યો છું, છતાં આપને ભક્તિ ભાવથી રાજગૃહ નગરે લઈ જવાને ઇચ્છું છું."

'મનમાં કોઈ જાતના શલ્ય રાખ્યા વગર પધારો, હું માયાથી બોલતો નથી, હું રસ્તામાં આપની યથાશક્તિ સેવા કરતો બહુમાનપૂર્વક રાજગૃહીએ લઈ જઇશ. મગધની પ્રજા રાજરાજેશ્વર એવા આપ માલવ પતિનાં દર્શન કરી પાવન થશે."

આ પ્રમાણે મીઠી વાણી વડે ચંડપ્રદ્યોત રાજાને આનંદ આપી તેમજ સ્વસ્થ કરીને વિશાલ પરિવાર સાથે રાજગૃહી નગરીના રસ્તે આગળ વધ્યા. સાત દિવસે અભયકુમાર રાજગૃહ નગરે આવી પહોંચ્યા.

રાજગૃહીમાં પ્રવેશ :

અભયકુમારે પ્રથમથી માણસ મોકલી. શ્રેણિક મહારાજને વધાઈ મોકલી આપી હતી, વધામણી આપનારને રાજાએ યોગ્ય ભેટ આપી રાજી કર્યો. મોટા આડંબર સાથે રાજ્યના મુખ્ય મુખ્ય માણસો અને સૌભાગ્ય નિધિ ધન્યકુમારને સાથે લઇને મગધેશ્વર શ્રેણિકરાજા માલવાનરેશ ચંડપ્રદ્યોત મહારાજાની સામે આવવા નીકળ્યા.

બહુ મોટા મહોત્સવ સાથે ઘણાજ ઠાઠથી રાજગૃહ નગરમાં ચંડપ્રદ્યોત મહારાજાને પ્રવેશ

કરાવ્યો. નગરમાં ફરીને ખુબ શિષ્ટાચાર પૂર્વક પ્રજાજનોએ પણ અદ્દભુત વિનય બહુમાન કર્યા.

બન્ને મહારાજાએ પરસ્પર બહુમાન પૂર્વક ખૂબ પ્રેમથી એક બીજાના કુશળ સમાચાર પૂછયા. નગરના મોટા મોટા ચોટે-બજારે ફરીને શોભાયાના રાજમહેલે આવ્યા.

રાજમહેલમાં પ્રવેશ કરતા અંતઃપુરમાં રહેલા સ્ત્રી વર્ગે મણિ તથા મુક્તાફળ-મોતી અને સોના રૂપાના ફુલો પંચ-વરર્ણા પુષ્પો વડે પ્રેમથી ચંડ-પ્રદ્યોત મહારાજાને વધાવ્યા.

આ અવસરે રાજ્યના મોટા અધિકારીઓએ તથા ધન્યકુમાર આદિ પ્રતિષ્ઠિત શેઠીયાઓએ માલવેશ્વર ચંડપ્રદ્યોતને નમી ભેટણું ધરી રાજ-સભામાં આવી યોગ્ય સ્થાને સૌ બેઠા.



રાજ સભા

તે સમયે ધન્યકુમારને ઓળખીને ચંડપ્રદ્યોત રાજાએ કહ્યું : ' ધન્યકુમાર ! તમે અમારાથી દૂર કેમ રહ્યા કરો છો ? અમે તમારો કંઈ અનાદર કર્યો નથી, × તેમ તમારૂં વચન પણ ઉલ્લઘંન કર્યું નથી. અમે તો તમે ગયા પછી તમારી ઘણી શોધ કરાવી હતી, પણ કોઈ સ્થાને મળ્યા નહિ; તમે તો મને અનેક પ્રકારે સહાયક થયા હતા. એક બન્ધુ સમાન હતા. પ્રગટ કહેવા યોગ્ય અને નહિ કહેવા યોગ્ય વાતનો વિસામો હતા. વળી અંતરના ભાવ જાણનાર હતા અને વિશ્વાસનું સ્થાન હતા. આવા સ્નેહસંબંધમાં તમારી આટલી ઉદાસીનતા દોષપાત્ર કેમ ન કહેવાય ? આ ઉત્તમજનોની રીત નથી.'

આવા સ્નેહ ગર્ભિત ચંડપ્રદ્યોત રાજાનાં વચનોને સાંભળીને ધન્યકુમારે ઉભા થઈ તેમને પ્રણામ કર્યા અને હાથ જોડી ને કહ્યું: 'મહારાજ ! આપે જે કહ્યું તે સત્યજ છે. હું આપનો અપરાધી છું. જ્યાં જ્યાં અન્ન જળના અંજન હોય ત્યાં ત્યાં રહેવાય છે, ક્ષેત્ર સ્પર્શના યોગે તમારી નગરીથી હું અહિં રાજગૃહમાં આવ્યો. મગધેશ્વરની પણ મારા ઉપર આપની જેમ જ બહુજ કૃપા છે.'

---

× પ્રથમ ધન્યકુમાર ઉજ્જયિની નગરીમાં મહામંત્રીપદે હતા. ત્યાંથી કોઈને કીધા વગર જ નીકળી ગયા હતા.

ચંડપ્રદ્યોત રાજાએ શ્રેણિક રાજાને જરા હસીને કહ્યું: 'અહો! વશીકરણ કરવાની તમારી કળા બહુ જ ઉત્તમ દેખાય છે, આ ધન્યકુમાર અમારાં રાજયના અંલકાર રૂપ હતા. તમે તેને વશીકરણ પ્રયોગ વડે એવા તો વશ કરી લીધા તે, જેથી તેઓ અમારું નામ પણ લેતા નથી.'

શ્રેણિક રાજાએ કહ્યું: 'મહારાજ! આપે જે કહ્યુ તે બરોબર છે, કારણ કે જ્યારે આપે અભયને ત્યાં રાખ્યો ત્યારે આ નગરમાં ધુર્તો વગેરે હતા તે બધાજ સજજ થઇને નગરમાં વિટંબના કરવા લાગ્યા. એક ધુર્તે તો કપટ કળા અને વચન રચના વડે મને પણ ચિંતા રૂપી ખાડામાં પાડયો હતો, તેને જીતવા કોઈ સમર્થ નહોતું, તે સમયે આ બુદ્ધિ શાળીએ બહાર આવીને તે ધુર્તનો પરાજય કર્યો. મારા રાજયની આબરૂ સાચવી. મેં પણ મારી કન્યા ધન્યકુમારને આપી સ્નેહ સંબંધ વડે તેમને બાંધી રાખેલા છે. છતાં પણ વચ્ચે થોડો સમય અમને છોડીને કયાંક ચાલ્યા ગયા હતા. તેથી આપને પણ મનમાં ઓછું લાવવા જેવું નથી. પાંચ કન્યા પરણીને પાછા આવ્યા છે. અભયકુમાર સાથે તેમની ગાઢ પ્રીતિ છે. અહિં આપના સંબંધની વાત તેમને મને કદિ કરી નથી, તેથી મહારાજે આજે એવી

શિખામણ એને આપવી કે હવે પછી ફરીથી આવું ન કરે !'

ચંડપ્રદ્યોત રાજાએ કહ્યું: 'મગધરાજ !' હવે તે તેવું કરશે જ નહિ. વશીકરણ કરવા કુશળ એવા તમારા અને અભયકુમારના સ્નેહ પાશમાં બંધાયેલા તે હવે બીજે કયાંય જશે જ નહિ એવો મને દઢ વિશ્વાસ છે.'

આ પ્રમાણ સભામાં બેઠેલા ચંડપ્રદ્યોત રાજાએ શ્રૈણિકે ધન્યની પ્રશંસા કરી. અવસર થયો એટલે સભાજનોને વિસર્જન કર્યાં. અને બન્ને મહારાજાઓ ધન્યકુમાર સાથે લઇને રાજમહેલમાં ગયા.

રાજમહેલમાં રાજ સેવકોએ વિશિષ્ટ પ્રકારની સ્નાન વિગેરેની વ્યવસ્થા રાખી હતી. તેનો ઉપયોગ કરવા વિનંતી કરી; બધાય સાથે સ્નાન દાતણ પાણી કર્યાં. દૂરદેશાથી આવેલા અતિ અદ્ભુત ભવ્ય એવાં રેશમી વસ્ત્રો ધારણ કર્યાં. સર્વ પ્રકારના અલંકારો પહેર્યાં, અનેક મનુષ્યોથી પરિવરેલા તેઓ ભોજન ગૃહમાં આવ્યા, અને ઉત્તમ આસનો પર બેઠા.

અનેક પ્રકારની રસવતીઓ પીરસવામાં આવી. રસવતીનો આસ્વાદ કરી, પાંચ પ્રકારના સુગંધી તાંબુલના બીડાં, લવીંગ, એલચી સહિત આરોગીને

સુખશુદ્ધિ કરી રાજસભામાં આવીને ભવ્ય સિંહાસને બેઠા, ગીત કળામાં કુશળ અનેક નરનારીઓએ કરેલા ગાયનાદિ તેઓએ સાંભળ્યા.



નૃત્ય કરતી નૃત્યાંગના

નગર બહાર ઉદ્યાનોમાં આનંદ વિનોદ કરવા ગયા. ત્યાં જાતિવંત અશ્વો જોઇ તેના ઉપર બેસી ફર્યા. મોટા આડંબર પૂર્વક મગધેશ્વર તથા માલવપતિ મહેલે આવ્યા. એમ પરસ્પર વાર્તા વિનોદમાં કેટલાયે દિવસો પસાર થયા. તેઓએ અન્યોન્ય કોઈ જાતનો મનમાં આંતરો રહેવા દીધો નહિ.

અભયકુમારે વિલક્ષણ બુદ્ધિના યોગે બન્ને રાજાઓમાં મૈત્રીની વૃદ્ધિ કરાવી મૈત્રીના કોલે અને સ્નેહ સંબંધ ગાઢ કર્યા. હવે કોઇ પ્રકારનું રાજ્ય સંબંધી વૈર વિરોધ કે મત ભેદ ઉભા ન થાય તેવી પરસ્પર ખુલ્લા દીલે ગુપ્ત વાતો કરી પ્રીતિને વિશેષ દઢ કરી.

આમ દિવસો ઉપર દિવસો આનંદમાં વીતવા લાગ્યા.

એક દિવસે ચંડપ્રદ્યોત રાજાને પોતાના દેશ માલવા પ્રત્યે જવાની ઈચ્છા થઇ. ગુપ્ત રીતે મારે અહિં આવવાનું થયું છે, તેથી હવે મારે સ્થાન જવું શ્રેષ્ઠ છે. એમ વિચારીને માલવપતિએ શ્રેણિકરાજાને કહ્યું : 'રાજન! સજ્જનોની સંગતિમાં જતા કાળની ખબર પડતી નથી; અભયકુમારનો તથા ધન્યકુમારનો વિરહ કોણ ઇચ્છે? પણ શું કરૂં? ઉજ્જયિનીનું રાજ્ય સૂનું પડયું છે, કોઈને સોંપીને આવ્યો નથી; વળી છળ વડે હું અપહરણ કરી લવાયો છું. તેથી લોકો પણ અનેક પ્રકારની વાતો કરતા હશે? માટે હવે આપ મને જવાની અનુજ્ઞા આપો, કે જેથી હું સ્વદેશમાં જાઊં.'

આ રીતે વારંવાર કહેવા છતાં મગધેશ્વર અને અભયકુમારે આગ્રહ કરીને કેટલાક દિવસ તેમને રાજગૃહીમાં વધારે રાખ્યા.

ફરીવાર ચંડપ્રદ્યોત રાજાએ જવાની રજા માંગી ત્યારે શ્રેણિક રાજાએ અને મહામંત્રીશ્વર અભયકુમારે અનેક હાથી, ઘોડા, રથ આભૂષણ તથા બહુજ ઉંચી જાતના વસ્ત્રો, વિવિધ પકારના

જુદાજુદા દેશોમાં પેદા થયેલાં પદાર્થો ભેટ આપીને મોટા આડંબર પૂર્વક વિદાય આપી. ધન્યકુમારે પણ પ્રથમ કોઈ વખત નહિ જોયેલાં તેવા વસ્ત્રો, તેવાં આભૂષણો પોતાના એક વખતના સ્વામીને ભેટ આપ્યા. ત્યાર પછી ચંડપ્રદ્યોત રાજા અભયકુમાર તથા ધન્યકુમારનાં ગુણોનું વર્ણન કરતા રાજગૃહીથી ભવ્ય વિદાયમાન સાથે નીકળ્યા.

મગધપતિ, અભયકુમાર, ધન્યકુમાર વગેરે નગરજનો રાજ્ય અધિકારીઓ ઘણા રાજસેવકો વળાવવા માટે ઘણી ભુમિ સુધી સાથે ગયા.

એક સ્થળે ઉભા રહી અભયકુમારે પોતે કરેલ અપરાધની ફરીવાર ક્ષમા માંગી. આંખમાં આંસુ લાવીને ચંડપ્રદ્યોતરાજાએ કહ્યું: 'મને તારો દંભ રચનાનો પ્રકાર સુખ માટે થયો, પણ હવે તારો વિયોગ દુઃખ માટે થાય છે.'

પરસ્પર સ્નેહ દેખાડતાં અને નમસ્કાર કરતાં બહુ સૈન્યના પરિવાર વડે ચંડપ્રદ્યોત રાજા ઉજ્જયિની તરફ ઉતાવળા ઉતાવળા પ્રવાસ ખેડતા ક્ષેમ કુશળ પોતાના સ્થાને પહોંચ્યા.

ભવ્ય દિવસે તેઓએ મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. નગરના શ્રી જિનેશ્વરદેવના મન્દિરોમાં પૂજા આંગી રાખ્યા. તે દિવસથી શ્રેણિક અને ચંડ-

પ્રદ્યોત રાજા વચ્ચે પરસ્પર પત્ર લખવા વગેરેના વ્યવહાર ચાલુ થયા. યથાવસરે ભેટ મોકલવી અને સ્વજન સંબંધીને લાયક સંબંધ બંધાયો. તે બન્ને રાજાઓ પોતપોતાનાં રાજ્યમાં ન્યાય પૂર્વક રાજ્ય કરવા લાગ્યા.

## મંત્રીશ્વરનો નિત્ય કાર્યક્રમ

શ્રાવક શિરોમણિ અભયકુમાર નિત્ય બ્રાહ્મન-મુહૂર્તને+ વિષે ઊઠીને પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં 'ત્રણે જગતના નાથ, સુર અસુર અને મનુષ્યોના પૂજ્ય એવા શ્રી મહાવીર પ્રભુ મારા દેવ અને ગુરૂ છે, સર્વ રત્નો વિષે ચિંતામણી રત્ન ઉત્તમ છે તેમ સર્વ કુળોને વિષે શ્રેષ્ઠ એવા શ્રાવક કુળને વિષે હું ઉત્પન્ન થયો છું, મેં સમક્તિ સહિત બાર વ્રતો અંગીકાર કરેલા છે.'

આ પ્રમાણે તે નિત્ય જાગીને નમસ્કાર મહા-મંત્રનો ધ્યાન કરતા. ગૃહચૈત્યને વિષે ભગવાનની પ્રતિમાઓને વંદન-પૂજન કરતા. ત્યાં યથાવિધી પ્રત્યાખ્યાન કરતા. સ્નાન કરી શ્વેત ઉત્તમ વસ્ત્રો

+ ચારઘડી પાછલી રાત હોય ત્યારે.

પહેરી પરિવાર સહિત ત્રણવાર નિસ્સિહી કરી જિનમંદિરે જતા. ત્યાં ત્રણ પ્રદક્ષિણા દઈ, ત્રણ વખત ભૂમિ પર મસ્તકથી સ્પર્શ કરી શ્રી જિનેશ્વર દેવની અષ્ટપ્રકારી પૂજા ભક્તિ સહિત કરી. બહુ નૈવેદ્ય ધરતો, ત્રણે દિશામાંથી દૃષ્ટિ સંહરી પરમ તારક શ્રી જિનેશ્વરના સન્મુખ ઇરિયાવહી પ્રતિક્રમી, ઉત્તમ યોગમુદ્રાએ ભાવગર્ભિત ચૈત્યવંદન કરી. પોતાના પરિવાર સાથે પૂજ્યપાદ ગુરુભગવંતને વંદના કરવા જતા.

બહુમાનપૂર્વક મોટા પૂજ્ય ગુરુદેવને એકસોને બાણું સ્થાનોએ શુદ્ધિ સાચવીને દ્વાદશાવર્ત વંદન કરી ગુરૂદેવ મુખે પુનઃ પચ્ચાખ્ખાણ કરતા. પછી અન્ય મોટા નાનાના ગુરુદેવની ક્રમે નમસ્કારપૂર્વક સુખશાતા પૂછતા. પછી વ્યાખ્યાન શ્રવન કરતા. બાદ સંઘના સભ્યોને મળી પછી મુનિભગવંતો ઘરે પ્રતિલાભી સાધર્મિક ભક્તિ કરી પછી રાજ્ય કાર્યોમાં લાગતાં,

સાંજે પણ દેવદર્શન આરતિ કરી પ્રતિક્રમણ કરતા. રાત્રે બારભાવના ચાર મૈત્રીભાવના આદિ વગેરે ભાવના સંવેગ વૈરાગ્યની વાતો કરતા. તેમનો કાર્યક્રમ આ રીતે કોઇ અદભુત પ્રકારનો હતો.

શું શું કાર્યો મારે કરવા યોગ્ય છે? તે વિચારતા અને તત્વજ્ઞાન બાબત સ્વાધ્યાય અને મનન-મંથન કરતા રહેતા હતા.

મહારાજા શ્રેણિક અને બુદ્ધિવંતા અભય-કુમારના શાસનકાળમાં પ્રજા ખૂબ સમૃદ્ધ હતી. અન્યાય, પ્રપંચ, લડાઈ–ઝઘડા બહુજ નહિ જેવા જોવા મળતા, ન્યાય કચેરી કોર્ટોમાં બહુ જ શાન્તિ હતી. સહુ શાન્તથી જીવન નિર્વાહ સંતોષથી ચલાવતા.

ત્રિકાળ જ્ઞાની–સર્વજ્ઞ શ્રમણભગવન વિચરંતા વિચરંતા અવાર નવાર રાજગૃહીનગરીમાં પધારતા સૌ પ્રજાજનો ભેદભાવ વગર તેમનું ધર્મોપદેશ સાંભળી જીવનમાં ઉતારતા, અનેક નાના મોટા કુટુંબોમાં યથાશક્તિ વ્રતો ગ્રહણ કરતા તેનું સુંદર રીતે પાલન કરતા.

દર વર્ષે અનેક ભાવિકો ભાઇ–બહેનો પરમ પાવની ભાગવતી પ્રવ્રજ્યા–દીક્ષા લેતા. રાજગૃહ નગરીમાં ધર્મનું વાતાવરણ તાજુંને તાજું રહેતું

અરે ! શું વાત કરીએ. શ્રેણિક મહારાજાની અનેક રાણીઓ અનેક રાજકુમારોએ પણ પરમ પાવની પરમપદ દાયિની ભાગવતી દીક્ષા લીધી હતી. દીક્ષાની બાબતમાં મહારાજા શ્રણિક સૌને પુરેપુરો સહકાર આપતા. તેથી પ્રજામાં કોઈ વિશિષ્ઠ પ્રકારની ભાવના દેખાતી,

# અભયકુમારનું બુદ્ધિચાતુર્ય

એકવાર મહારાજા શ્રેણિક પોતાના મંત્રીઓ, પ્રધાનો તથા માંડલિક રાજાઓ સહિત રાજસભામાં બેઠાં હતાં. બુદ્ધિસાગર અભયકુમાર પણ સભામાં આવ્યાં હતાં.

રાજ્યના જાતજાતના પ્રશ્નોની વિચારણાં પુરી થયાં બાદ આનંદ આપનારા સંવાદો ચાલી રહ્યાં હતાં. મહારાજા શ્રેણિક પણ આ સંવાદોમાં રસપૂર્વક ભાગ લઇ રહ્યાં હતાં. એમણે સભાજનોને એક વિચિત્ર સવાલ કર્યો. જે સવાલ સાંભળીને દરેક સભાજન વિચારમાં પડી ગયાં. કોઇને સવાલની ગહનતા સમજાઈ નહીં.

સવાલ એ હતો કે, 'આ સમયે એવી કઈ વસ્તુ છે જેનું મૂલ્ય સૌથી વધુ હોય?'

સવાલ આમ તો સાદો અને સરળ લાગતો. ટુંકમાં જો આ સવાલનો અર્થ કરીએ તો જગતમાં સૌથી મોંઘી વસ્તુનું નામ જ આપવાનું હતું. બીજું કાંઈ જ નવું ન હતું. પરંતુ જગતમાં સૌથી મોંઘી વસ્તુ કઈ? એ નક્કી કઇ રીતે થાય?

સૌ સભાજનોએ પોતપોતાની રીતે વિચારીને જવાબ તો આપ્યાં. કોઈ કહે કે ઐરાવત હાથી મુલ્યવાન તો કોઈ કહે કસ્તુરી. કોઈક કહે રત્નો

મુલ્યવાન તો બીજા કહે માણેક વધુ મુલ્યવાન. આમ દરેક સભાજનોએ પોતાની અકકલ મુજબના જવાબો આપ્યાં. પરંતુ મહારાજા શ્રેણિક ચુપ છે. એમની નજર બુદ્ધિવંત ગણાતા અભયકુમાર ઉપર છે. એમણે હજી ઉત્તર આપ્યો ન હતો.

શ્રેણિક મહારાજાએ પૂછયું: 'અભયકુમાર! તમે કેમ ચુપ છો? મૌન શા માટે ધારણ કર્યું છે?' ત્યારે, અભયકુમારે શાંતિથી જવાબ આપતાં જણાવ્યું કે, 'આ દુનિયામાં જો સૌથી વધુ મુલ્યવાન વસ્તુ કોઇ હોય તો એ છે માત્ર માણસનું માંસ. મનુષ્યનું માંસ સૌથી વધુ મુલ્યવાન છે.'

આ જવાબ સાંભળ્યા બાદ બધાં સભાજનો મશ્કરીરૂપ હાસ્ય કરવા લાગ્યા. વિચારવા લાગ્યા કે 'રાજા-વાજાને વાંદરાં.' પ્રશ્ન પુછનાર રાજા પણ મૂર્ખ અને આવો જવાબ આપનાર બુદ્ધિવંત ગણાતા અભયકુમાર પણ મુર્ખ.

એ અન્ય સભાજનોએ અભયકુમારના જવાબ-નો વિરોધ કર્યો. 'માંસ તો સૌથી-સસ્તુ છે! ઢગલે કુટાય છે. અરે! એક રૂપિયામાં તો ઢગલો માંસ મળે છે.'

મહારાજા શ્રેણિકને પણ આ વાત સાચી લાગી. 'માંસ ઢગલે વેચાય છે' એ વાત માન્ય રાખતાં એમણે અભયકુમારના ઉત્તરમાં શંકા

વ્યક્ત કરી. એ બોલ્યા, 'અભય ! તેં કહ્યું તે તો તદન ખોટું છે. હું તારી જાતને બુદ્ધિમાન માનતો હતો પરંતુ આ તારો જવાબ સમયથી વેગળો છે.' અભયકુમારે વધુ ચર્ચા કરવી ઠીક ન માની. કારણ કેવળ વિવાદ કરવાથી ક્લેશ જન્મે છે. અને મોટા ભાગના લોકો અમુક નિર્ણયને ઠોકી બેસાડવા માટે જ ચર્ચામાં ઉતરતા હોય છે. તેથી મતભેદ સર્જાય છે.

દરેક વસ્તુ કે પ્રશ્નને જોવાનો કે સમજવાનો દરેક માણસનો દૃષ્ટિકોણ જુદો હોય છે. અન્યના પ્રશ્નને શાંતીથી કે સ્વસ્થતાથી ઉદારતા કે તટસ્થતાથી નહીં સમજવાથી હંમેશા પ્રત્યક્ષ પ્રમાણ સિવાય દૂર થતાં નથી.

આથી બુદ્ધિસાગર અભયકુમારે મહારાજા શ્રેણિકને બે હાથ જોડયા. પ્રણામ કરીને વિનંતી કરી કે 'હે પિતાજી ! આપ ભલે આ સર્વ સભાજનો સાથે સંમત્ત છો, પરંતુ મારો ઉત્તર સત્ય છે.' અને એના પ્રમાણને પ્રત્યક્ષ કરવા માટે પાંચ દિવસની મુદત માંગી લીધી.

મહારાજા શ્રેણિકે પણ અભયકુમારની વિનંતી માન્ય રાખી અને પાંચ દિવસ માટે રાજકારભાર અભયકુમારને સુપ્રત કરીને સભાનું વિસર્જન કર્યું.

જગતના મહાપુરૂષોએ આખીય દુનિયાના દુઃખ-દર્દોનો વિચાર કર્યો છતાં જીવનમાંથી મજાક

કે હળવાશને દેશવટો આપ્યો નથી. જીવનના પ્રશ્નો તરફ મુક્ત મનથી વિચારીને, થોડી હળવાશથી જોઇને જીવનને વધુ પ્રફુલ્લિત બનાવ્યું છે.

અભયકુમારે પણ એક યુક્તિ કરી. જે ખુબ હાસ્યસ્પદ જણાતી હતી પરંતુ વિચારવા લાયક હતી પોતાના હાથમાં રાજ્યધુરા–રાજની લગામ આવતાં આવતાં એમણે રાજમાં એક ઉદઘોષણા કરાવી કે "આજે શ્રેણિક મહારાજાને ક્ષણવારમાં કોઈ મહાન વ્યાધિ ઉત્પન્ન થયો છે. વૈધરાજના જણાવ્યા મુજબ મનુષ્યના કાળજાનું બે તોલા માંસ દવા સાથે આપવામાં આવે તો જ નિવારણ થાય, અને જે નગરજન મહારાજા માટે ભક્તિ ભાવે પોતાના કાળજાનું બે તોલા માંસ આપશે તેને મહારાજા તરફથી ઇચ્છાનુસાર દ્રવ્ય આપવામાં આવશે."



ઢંઢેરા પીટતા રાજસેવકો

આવી જાતનો ઢંઢેરો પીટાવ્યા છતાં કોઇ નગરજન પોતાનું માંસ આપવા આવ્યું નહિ.

બીજે દિવસે અભયકુમાર જાતે જ તૈયાર થયાં. અને રાજસભામાં જે સભાજનોએ કહેલું કે "માંસ તો ઢગલે વેચાય છે. એક રૂપિયામાં ઢગલો માંસ આવે છે." એ સભાજનોના ઘરે પહોંચ્યા. અને એમની પાસે માત્ર ૨ તોલા માંસની માંગણી કરી. બદલામાં એક રૂપિયો નહિ પરંતુ ઈચ્છાનુસાર દ્રવ્ય આપવામાં આવશે એમ જણાવ્યું."

સભામાં અભયકુમારને હલકો પાડવાની ઇચ્છાથી હાસ્ય કરનારા દરેક સભાજનોનાં મોઢાં ઉતરી ગયાં. વનરાજ કેસરીની જેમ સભામાં બુમો પાડીને વિરોધ કરનારા અને અભયકુમારના ઉત્તરને સત્યથી વેગળો કહેનારાની જબાન સીવાઈ ગઈ. શરમથી મોં ઝુકી પડયાં. બે હાથ જોડી પગે પડીને કરગરવા લાગ્યા કે "દયા લાવીને અમને અભયદાન આપો અમે બદલામાં સામેથી તમને ઇચ્છાનુસાર દ્રવ્ય આપશું. આપ અન્ય કોઈ પાસેથી એ મેળવી-લ્યો." આમ પ્રાર્થના પૂર્વક નમન કરતાં ગયાં અને માફી માંગીને અભયકુમારના ચરણોમાં બેશુમાર દ્રવ્ય મુકતાં ગયા. પોતાનું ૨ તોલા માંસ આપવું ન પડે તે માટે.

અભયકુમારે દરેક સભાજનોએ અર્પણ કરેલું દ્રવ્ય રાજ્યસભામાં લાવીને ઢગલો કર્યો. પાંચ

દિવસ માટે મળેલી રાજસત્તા દરમ્યાન રાજ્યમાં બે સત્કર્મો કર્યાં અને પ્રજાજનોના દિલ જીતી લીધા.

(૧) પાંચ દિવસ પર્યન્ત દાણ માફ કર્યું.

(૨) ગરીબોને ધન આપીને સુખી કર્યા.

પાંચ દિવસની અવધિ પૂર્ણ થઈ એટલે શ્રેણિક મહારાજા રાજસભામાં પધાર્યા મંત્રીશ્વરો પ્રધાનો અને મહા-માંડલિકો પણ પધાર્યા. પરંતુ કોઈના મોં ઉપર નુર દેખાતું નથી. એવામાં અભયકુમારનું આગમન થયું. સાથે ઢગલાબંધ દ્રવ્ય હતું. જે એમણે શ્રેણિક મહારાજના ચરણોમાં અર્પણ કર્યું. અને મહારાજને પગે લાગીને પછી પોતાનું સ્થાન લીધું.

મહારાજા શ્રેણિક તો દ્રવ્ય જોઇને વિચારમાં પડયા. એમણે અભયકુમારને કહ્યું, "અભય ! નક્કી તેં પાંચ દિવસમાં માત્ર લુંટારાની જેમ રાજ્યમાં લૂંટ જ ચલાવી લાગે છે. રાજની પ્રજાને ખૂબ દુઃખ દીધાં લાગે છે, અને આપણાં કૂળને ન શોભે એવાં કર્મો કરીને લાંછન લગાડયું લાગે છે ? અન્યથા પાંચજ દિવસોમાં આટલું બધુ ઢગલાબંધ દ્રવ્ય કયાંથી આવે ?'

મહારાજાના આવા કઠોર વચનો સાંભળ્યાં છતાં મનમાં ધીરજ અને શાંતિ ગ્રહણ રાખીને અભય-

કુમારે પ્રણાવ્યુ "હે તાત ! આપશ્રીને જો મારા વહીવટમાં વિશ્વાસ ન આવતો હોય અને જો આપશ્રીને એમ લાગતું હોય કે મેં કુળને લાંછનરૂપ કોઈ કાર્ય કર્યું છે. તો આપ તપાસ કરાવો."

રાજાએ તત્કાળ પોતાના ચરપુરૂષો મારફતે તપાસ કરાવી. પરંતુ દાણ મુકિત આપવાનાં કારણે અને ગરીબોને દાન આપવાના કારણે સર્વત્ર અભયકુમારની પ્રશંસા જ થતી હતી. યશોગાન જ ગવાતાં હતાં. ચરપુરૂષોએ પાછા આવીને જણાવ્યું કે "ચારે બાજુ એમના નામનો માત્ર જયજયકાર જ થાય છે. એમના ગુણોની સ્તુતિ થાય છે. એમના યશોગાન ગવાય છે."

મહારાજા શ્રેણિકના મનમાં હજી શંકા છે. એમણે સભાજનોને પુછ્યું કે "શું પાંચ દિવસોમાં આટલા દ્રવ્યની ઉપલબ્ધિ અનીતિ વગર આવે ખરી ?" સૌ સભાજનો ચુપ છે. કોણ જવાબ આપે ? શું જવાબ આપે ?

શું એમ કહે કે "મહારાજ ! આ અમે જ લાંચ રૂપે આપેલું દ્રવ્ય છે ?" જો એમ કહે તો પોતે ફસાય. આથી દરેકના હોઠે તાળાં લાગી ગયાં છે. કોઈ કાંઇજ બોલતું નથી.

આથી મહારાજા શ્રેણિક અભયકુમારને પુછે છે કે "અભય ! આ દ્રવ્યની સત્ય હકીકત શું છે? કેવી રીતે ભેગું કર્યું ?"

જવાબમાં બુદ્ધિસાગર અભયકુમારે પોતાની યુક્તિની વાત જાહેર કરી. અને કહ્યું કે "મહારાજ! મનુષ્યનું માંસ ઢગલે નથી વેચાતુ. મનુષ્યનું માસ સર્વથી વિશેષ દુર્લભ વસ્તુ છે. અને સૌથી મૂલ્યવાન વસ્તુ છે." એની સાબિતીરૂપ આ દ્રવ્ય છે."

આ પછી દરેક સભાજનોએ અને ખૂદ મહારાજા શ્રેણિકે પણ કબુલ કર્યું કે દુનિયામાં સૌથી મુલ્યવાન વસ્તુ હોય તો તે છે મનુષ્યનું માંસ. અને દરેકે બુધ્ધિવંત અભયકુમારને વિદ્વાનોમાં-શિરોમણિ કહી અત્યંત માન આપ્યું.

★

બહાર પડી ગયું છે.
સચિત્ર
શુળીમાંથી સિંહાસન (સુદર્શન શેઠ)
૬૪ પેજ  કિંમત રૂ. ૩-૦૦  પોસ્ટેજ અલગ
પ્રાપ્તિ સ્થાન :
શ્રી ખાન્તિ નિરંજન ઉત્તમ જૈન જ્ઞાન મંદિર
ઠે. શેખનો પાડો, ઝવેરીવાડ સામે, રીલીફ રોડ,
અમદાવાદ-૧



એકવાર ભગવાનશ્રી મહાવીર સ્વામિ ઉપદેશ આપતાં હતાં. ભક્તિમાન શ્રોતાઓ એમને નિર્મળ મનથી પ્રણામ કરીને પોતાના સ્થાને બેસતાં હતાં. રાય અને રંક, સિંહ અને શિયાળ ગરૂડ અને સર્પ બધાં જ આત્માઓ, કોઇપણ જાતના વૈર-વિરોધ સિવાય, એકચિત્ત, શાંતિથી પ્રભુની હિતકારી મધુર વાણીનું શ્રવણ કરી રહ્યાં હતાં.

આંધળા-લંગડાનું દૃષ્ટાંત

પ્રભુશ્રી મહાવીર ક્રિયા અને જ્ઞાન વિશે ઉપદેશ આપી રહ્યાં હતાં. ક્રિયા જો જ્ઞાન સાથે કરવામાં આવે તો જ ફળ આપે છે. અન્યથા વ્યર્થ જાય છે. એકલી ક્રિયા અથવા તો એકલું જ્ઞાન કોઈ ફળ આપતું નથી. એ સત્ય સમજાવી રહ્યાં હતાં.

આ માટે ઉદાહરણ આપતાં કહે છે કે, એક ગામમાં એક અંધ અને પંગુ-લંગડો બે માણસ રહેતાં હતાં. બન્નેની પાકી દોસ્તી હતી. જયાં જાય ત્યાં સુધી સાથે જ હોય. આખા ગામમાં આ જોડીની પ્રશંસા થતી હોય.

એક વખત ગામમાં આગ લાગી. આખુ ગામ ભડકે બળવા લાગ્યું. સૌ પોતપોતાના જીવ બચાવવાના પ્રયત્નો કરવા લાગ્યાં. ગામ છોડીને ભાગવા લાગ્યા. દેખતા હોય એ કાંઈ થોડા જ બળે?

પરંતુ પેલાં અંધને દેખાય નહે. એ પણ જીવ બચાવવા વિચારવા લાગ્યો. ગામમાંથી બહાર ભાગવાના પ્રયત્ન કર્યા. ભાગવા માંડયો. પરંતુ કઈ તરફ? એને થોડું જ દેખાતું હતું? એ તો જયાં આગ લાગી તેની તરફ દોટ મુકી રહ્યો હતો. એને ખબર ન હતી કે એની દોટ એને બચાવવાને બદલે મત્યુની ભેટ કરાવશે. બસ! એણે તો દોડવાની ક્રિયા કરી રહ્યો હતો.

બીજી બાજુ એના પરમ મિત્ર પંગુની હાલત એનાથી ખરાબ હતી. એ તો આગ જોઈ સકતો હતો. બચવા માંગતો હતો. આગથી દુર જવા ઇચ્છા હતી. પરંતુ લાચાર હતો. જાતે પંગુ હતો.

એની નજરે 'અંધ' પડયો. પંગુએ બુમ પાડી "અલ્યા ભીખખા! ત્યાં કયાં જાય છે? ત્યાં તો આગ છે. બળી મરીશ. પાછો વળ."

પંગુનો અવાજ સાંભળીને અંધના પગ અટકી ગયા. દોડવાની ગતિ બંધ થઇ. દિશા ફરી ગઈ. એની દિશા તરફ પંગુ તેની પાસે ગયો.

પંગુએ કહ્યું, "ભાઇ ! તું આંધળો છે. અને હું પગું છું. જો આપણે સંપીને કામ કરીએ તો બન્નેના જીવ બચી જશે. બાકી તું આમ તેમ ફાંફા મારતાં મારતાં બળી મરીશ. આમ બન્ને મોતના મુખમા ધકેલાઇ જઇશું.

એના કરતાં જો તું મને તારા ખભા ઉપર બેસાડી લે તો, હું તને રસ્તો બતાવું અને તું મને લઇને એ રસ્તે ચાલ. તો બન્નેના જીવ બચી જશે."

અંધે પંગુની વાત સ્વીકારી અને બન્ને જણાની જીંદગી બચી ગઇ.

આમ ક્રિયા અને જ્ઞાનનું છે. જ્ઞાન વગરની ક્રિયા એ ક્રિયા જ નથી. બન્ને એકજ સિક્કાની બે બાજુઓ છે. એકમેકના પુરક છે.

જેમ કે લખવાની ક્રિયા ગમે છે અથવા તો વાંચવાની ક્રિયા ગમે છે. પરંતુ શું ફાયદો ? એ લખાણમાં ભગવાનની વાણી છે કે પછી ટાઢા પહોરનાં ગપ્પાં ? એની ખબર કયાંથી પડે ! અને કદાચ વાંચતા લખતા આવડતું હોય. એનું જ્ઞાન હોય. પરંતુ ક્રિયામાં પ્રમાદ હોય. ઘરમાં પુસ્તકોના ભંડાર ભર્યા પડયા હોય પરંતુ એ વાંચવાની ક્રિયા જ ન કરવામાં આવે તો શું કબાટમાં પડેલાં એ પુસ્તકોનું જ્ઞાન આપણને મદદરૂપ થશે ?

વિચાર કરશો તો જણાશે કે 'ક્રિયા' વગર 'જ્ઞાન' અને 'જ્ઞાન' વગર 'ક્રિયા' ની ઉણપ રહેશે. જેમ 'અંધ' અને 'પંગુ' જો એક થયાં તો એમનાં બન્નેના જીવન બચી ગયાં. એમ જ્ઞાન સહિત કરેલી ક્રિયા જ ફળ આપનારી થશે. બાકીની ક્રિયા નિષ્ફળ થશે. બાકી ક્રિયા વગરનું જ્ઞાન દુનિયાની માયારૂપી આગમાં બળી જશે. ભસ્મ થઈ જશે. અને જ્ઞાન વગરની ક્રિયા બિચારી પંગુ બનીને રગશિયા ગાડાના પ્રવાહની જેમ વહી જશે. રણમાં પડેલાં ઉટના પગલાંની 'ક્રિયા' પવન આવતાં જ લૂપ્ત થઈ જાય છે. પરંતુ જો જ્ઞાનથી કંકુવરણાં પગલાં ઘરમાં પાડયા હોય તો પવનથી લુપ્ત થાય ખરાં ?

માટે જ્ઞાન સહિત જ કરેલી ક્રિયા ફળ આપે છે, તેજ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

પુણ્ય-પાપનું દષ્ટાંત

એક વખત મહારાજા શ્રેણિકના દરબારમાં હાસ્ય વિનોદ ચાલી રહ્યો હતો. બુદ્ધિવંતા ગણાતા અભયકુમારની બુધ્ધિની પરીક્ષારૂપ સવાલો પુછાઇ રહ્યાં હતાં. અને મહામંત્રીશ્વર અભયકુમાર એના યોગ્ય ઉત્તરો કરી રહ્યાં હતાં.

તે સમયે શ્રેણિક મહારાજાએ એક વિચિત્ર સવાલ પૂછયો કે "અભયકુમાર ! આપણા ગામમાં મુખ્ય બે પ્રકારના માણસો છે. એક ધર્મિષ્ઠ અને બીજા પાપીષ્ટ તો બંનેમાંથી કોની સંખ્યા વધુ ?"

સવાલ વિચિત્ર હતો. પરંતુ સરળ હતો. અન્ય સર્વ સભાજનોએ ઉત્તર કરતાં જણાવ્યું કે ગામમાં પુણ્યવંત આત્મા કોઇક જ હોય. બાકી દરેકે પાપ તો કર્યાં જ હોય, માટે પાપીષ્ટની સંખ્યા જ વધુ હોય."

પરંતુ મહામંત્રીશ્વર અભયકુમારે જુદો જ જવાબ આપ્યો. એમણે કહ્યું કે આપણાં ગામમાં ધર્મિષ્ઠની સંખ્યા વધુ છે. પાપીષ્ટની સંખ્યા નહિ."

આ ઉત્તર કોઇને યોગ્ય ન લાગ્યો. ખૂદ મહારાજા શ્રેણિકને પણ ન રૂચ્યો. આથી અભયકુમારે જણાવ્યું કે પોતાની વાતની સત્યતા કાલે પુરવાર કરી આપશે. અને સભાનું વિસર્જન થયું.

અભયકુમારે ગામની બહાર મોટા બે તંબુ ઉભા કરાવ્યા. એક શંખના વર્ણસમાન ધવલ અને બીજો મેઘના વર્ણ સમાન કૃષ્ણ (શ્યામ) રંગનો હતો.

આ તંબુ ઉભા કર્યાં બાદ એક ઢંઢેરો પીટાવ્યો કે, 'જે માણસ ધર્મિષ્ઠ હોય તેમણે ધવલ તંબુમાં

જવું અને જે પાપીષ્ટ હોય તેમણે કૃષ્ણ રંગના શ્યામ તંબુમાં જવું.'

બીજા દિવસે સવારે અભયકુમારે મહારાજા શ્રેણિક અને અન્ય સભાજનોને પ્રગટપણે આ તંબુ પાસે આસન આપ્યાં. ને ધીરજથી જોવા વિનંતી કરી.

ગામના દરેક પ્રજાજનો આવે છે. અને સીધાં ધવલ તંબુમાં જ પ્રવેશ કરે છે. શ્યામ તંબુ તરફ નજર સુદ્ધાં કરતાં નથી. ખેડુત–બ્રાહ્મણ–ક્ષત્રિય-કલાલ દરેક જાતીના લોકો માત્ર ધવલ તંબુમાંજ જાય છે. અરે ! ખુદ ખાટકી–કૃત્ય કરનારો પણ ધવલ તંબુમાં પ્રવેશ કર્યો.

અભયકુમારે મહારાજાને આ તમાશો બતાવ્યા બાદ પૂછ્યું કે "બોલો મહારાજ ! ધર્મિષ્ઠની સંખ્યા વધુ નીકળી કે પાપીષ્ઠની ?"

મહારાજાએ પોતાની સગી આંખે જોયાં મુજબ ધર્મિષ્ઠની સંખ્યા જ વધારે હતી. પરંતુ મન માનતું ન હતું. એમણે કૃષિકારને બોલાવ્યો. ને પૂછ્યું કે તું ધર્મિષ્ઠ કઇ રીતે ? જવાબ મળ્યો કે, "મહારાજ ! હું લોકોને સારી રીતે અનાજ આપું છું અને મારા ખેતરોના પાકથી તો આ પંખીઓ

અને ગરીબ-ગરબાઓ પણ નિર્વાહ કરે છે. અને અનાજનું દાન કરનારાને પણ મારા કોઠારમાંથી અન્ન પુરૂં પાડું છું. આવું ધાન્ય ઊગાડનાર હું ધર્મિષ્ઠ ન ગણાઉં ?

ત્યારબાદ શ્રેણિક મહારાજે બ્રાહ્મણ-કલાલ અને અન્ય જ્ઞાતિના લોકોને બોલાવ્યા દરેક આત્માએ પોતાને ધર્મિષ્ઠ ગણાવતી વાણી ઉચ્ચારી. આખરે રાજાએ ખાટકીને બોલાવ્યો. કહ્યું કે "તું ક્યાંથી ધર્મિષ્ઠ ? તું તો રોજ પાપ ક્રિયા કરે છે ! "તું તો પાપીષ્ટ ગણાય."

ત્યારે ખાટકીએ બે હાથ જોડીને પ્રણામ કર્યા અને નિવેદન કર્યું કે "મહારાજ ! હું ધર્મિષ્ટ છું. છાગ-ગાય આદિ પ્રાણીઓને સ્વેચ્છાએ હણીને પછી લોકોને આપી દઉં છું. બ્હેન, ભાણેજ ને સર્વ જ્ઞાતિજનોને એમનું ઉત્તમ માંસ આપું છું. વળી પ્રાદુણા આવે તો એમને પણ વિના સંકોચે આપું છું. શેષ રહે છે તે વેચી નાખું છું. એમ કરવાથી સર્વે માંસાહારીઓ અત્યંત હર્ષ પામે છે. માટે કહો, હું ધર્મિષ્ટ કેમ નહિ !

ખરેખર ! અસત્ય પંથના અનુયાયીઓ પણ પોતાને ક્યારે નિગુર્ણી સમજે છે ?

ખાટકી જેવાં પણ પોતાની જાતને ધર્મિષ્ઠ

ગણાવે છે. પાપીષ્ટ મનુષ્યો જ પોતાની જાત ધર્મિષ્ટ ગણે છે. ફક્ત ધર્મિષ્ટ જીવો જ પોતાના દોષ જાણે છે.

પાપીષ્ટો જ યુક્તિ-પ્રયુક્તિથી પોતાના પાપને છુપાવે છે પરંતુ હકીકતમાં તે પાપીષ્ટ જ હોય છે. ભલે ધર્મિષ્ઠ તરીકે પોતાની ગણના કરાવતાં હોય !''

શ્યામ તંબુમાં તપાસ કરાવી તો ત્યાં તે બે ગૃહસ્થ જેવા માણસો નિરાંતે બેઠેલા જોયા. તેમને પૂછયું : 'કેમ ? ભાઇઓ તમે અહિં આવીને બેઠા છો ?'

તેઓએ કહ્યું : 'અમે ભગવાનશ્રી મહાવીરનું કહેલ શ્રાવક ધર્મ સંપૂર્ણ પાળી શકતા નથી; સંસારમાં રહેવાથી અનેક પ્રકારનાં પાપો થયા કરે છે, તેથી શુદ્ધ ધર્મની આરાધના થતી નથી તેનું પારાવાર દુઃખ છે.'

આ બધું સાંભળી શ્રેણિક મહારાજ નવાઇ પામ્યા. અભયકુમારની તાત્વીક વાત સમજવા માટે દરેકે બુદ્ધિ કસવી જ પડે !

મહારાજા શ્રેણિકને પણ સત્ય સમજાઇ ગયું. કે હકીકતમાં પાપીષ્ટ જ વધું છે. માત્ર ગણતરી

જ કરવી હોય તો સંખ્યા ધર્મિષ્ઠોની વધુ થવાની કારણ કે પાપીષ્ટો જ યુક્તિ પ્રયુક્તિરૂપી વચનોના ઉપયોગથી પાપ છુપાવી તે ધર્મિષ્ઠનો અંચળો ઓઢી ફરતાં હોય છે. એમણે અભયકુમારને ખુબ માન આપ્યું.

મહારાજા શ્રેણિકની વિચારણા:

મહારાજા શ્રેણિક એક વખત પોતાના રાજમહેલમાં બેઠા બેઠા વિચારે ચડયા કે, હું આજ સુધી ભ્રમણામાં કુટાયો. મારા માતા-પિતા પરમ જૈન ધર્મી હતા. તેઓ શ્રી પાર્શ્વનાથ ભગવાનના શ્રાવકો હતા. જૈન ધર્મ સહુથી પુરાણો છે, તે અનાદિકાળથી ચાલ્યો આવે છે.

જૈન સાધુઓ ઊંચામાં ઊંચો સાધુ-આચાર પાળે છે, તેમની તોલે કોઇ આવી શકે તેમ નથી.

આજ સુધી મેં અનેક અન્ય ધર્મના સાધુ-સંતોના પરિચય કર્યો પણ અવસરે તેઓની બુદ્ધિથી પરીક્ષાઓ પણ કરી જોઈ પણ જૈન સાધુ સમાન જ્ઞાન-ક્રિયામાં ઉત્કૃષ્ટ જોવા ન મળ્યા.

અનેકવાર ચેલ્લણા રાણી અને અભયકુમાર સાથે તત્વગર્ભિત ચર્ચાઓ કરીને મારા મનમાં મેં નિશ્ચય કર્યો છે કે, 'પ્રાણ જાય તો ભલે જાય પણ સ્વપ્નમાં અન્ય ધર્મની વાંચ્છા નહિ કરૂં.'

ભગવાન મહાવીરે એક વખત કહ્યું હતું કે, ×સમકિત સાથેની ક્રિયાઓ ફલદાયક થાય છે, જ્યારે સમકિત વગરની ગમે તેટલીવાર વ્રત જપ-તપાદિક ક્રિયા કરવામાં આવે છતાં સંસારિક ફળ મળે છે, માટે સમકિત પ્રાણીઓ માટે અતિ ઉપયોગી અને અતિ મહત્વની વસ્તુ છે. પરમ તારક તીર્થંકરોએ કહેલ વચનો ઉપર જે રુચિ શ્રદ્ધા તે જ સમકિત કહેવાય છે. એ સમકિત સ્વભાવથી અને અથવા તો પૂજ્ય ગુરૂદેવના ઉપદેશથી પણ પ્રગટ થાય છે.

સંસારમાં અનાદિકાળથી જીવ જન્મ મરણ કરતાં ભવ્યત્વપણાના સ્વભાવને લીધે પર્વત પરથી નદીમાં પડેલા પાષાણ ગોળ ન્યાયે અનાભોગ

---

× તે આ સમકિત પાંચ પ્રકારે કહેલું છે. ૧ સાસ્વાદન સમકિત ૨ વેદક સમકિત ૩ ક્ષયોપશમ સમકિત ૪ ઉપશમ સમકિત અને ૫ ક્ષાયિક સમકિત. સમકિત મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ એમ સાત પ્રકૃતિનો ઉપશમ થવાથી ઉપશમ સમકિત સાતે પ્રકૃતિનો ક્ષય-નાશ થવાથી ક્ષાયિક સમકિત થાય છે. સમકિત મોહનીયનો ઉદયવાળા જીવને ક્ષયોપસમ સમકિત જાણવું સમકિત મોહનીયનો છેલ્લો ઉદયકાળ, જેની પછી ક્ષાયિક સમકિત થાય છે, તે વેદક સમકિત કહેવાય અને સમકિતથી પડતાં જીવને સમકિતનો સ્વાદ રહે તે સાસ્વાદન સમકિત કહેવાય છે. આ છેલ્લું સાસ્વાદન નામનું સમકિત, સમકિતથી પડતા જીવને હોય છે અને ત્યાંથી પડીને જીવ-ફરીથી મિથ્યાત્વી થાય છે. વિગેરે.

પણાથી યથાપ્રવૃત્તિકરણ કરે છે. એ યથા પ્રવૃત્તિ કરણ કરતાં અધ્યવસાય વિશેષ કરીને આયુષ્ય સિવાય સાતે કર્મોની એક પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે ન્યુન એક સાગરોપમ કોટાનુકોટીની સ્થિતિ કરે છે.

આ પ્રથમ કરણ અભવ્ય જીવ પણ અનંતી વાર કરી શકે છે; પણ એ અભવ્ય પ્રથમ કરણ પાસે આવીને પાછા આગળ ચાલ્યે જાય છે. જ્યારે ભવ્ય જીવો ગ્રંથીનો ભેદ કરી બીજું કરણ કરે છે.

શ્રેણિક મહારાજા આવી રીતે તત્વમય વિચારણામાં ખૂબ ખૂબ સમય પસાર કરતાં.

એક વખત પૃથ્વીતળને પાવન કરતાં ભગવાન શ્રીમહાવીર રાજગૃહ નગરીએ સમવસર્યા. દેવોએ આવી સમવસરણ રચ્યું. બાર પર્ષદા ધર્મદેશના સાંભળવા બેઠી. મહારાજા શ્રેણિક અને અભયકુમાર ચેલ્લણા મહારાણી વગેરે પણ આવી પહોંચ્યા. વંદન કરી ધર્મ દેશના સાંભળવા બેઠા. દેશના આપતા ભગવાન બોલ્યા: ' હે ભવ્ય પ્રાણીઓ! આ સંસાર સાગર તરવાની અને મુક્તિ રમણી વરવાની ઇચ્છા હોય તો જ્ઞાનપુર્વક ક્રિયા કરતા શીખો. રથ કે અન્ય વાહનને બે પૈડાં હોય છે. એક પૈડાંથી કોઈ વાહન ચાલી શકે નહિ. તેવી રીતે જ્ઞાન અને ક્રિયા બન્ને સાથે જ જોઇએ.

જ્ઞાન અને ક્રિયા ઉપર પ્રેમ કરશો. તો તેનાથી વિપરીતે સંસારમાં ડુબાડવારી ક્રિયા તમારાથી દૂર થશે.

ધીરે ધીરે પણ દર્શન-જ્ઞાન ચારિત્ર ઉપર પ્રીતિ થશે. સંસારીક ક્રિયા પ્રત્યેનો રાગ ઓછો કરતા શીખો. ધર્મના આરાધક આત્માઓ પ્રત્યે પ્રેમ કરવાથી ઘણા બધા પાપો આત્માથી છૂટા પડશે. આત્માનો ભાવ નિર્મળ થશે. દેશના સાંભળી સ પોતાના સ્થાને જવા રવાના થયા.

સમવસરણથી થોડે દુર એક વિદ્યાધર હતો તે આકાશગામિની વિદ્યાથી આકાશમાં ઉડવા જતાં, ભૂમિ પર પછડાયો.

આથી વિદ્યાધર ઉદાસ થયો, હવે શું કરું ? વિદ્યાધર આકાશગામિની વિદ્યામાંથી એક પદ ભૂલી ગયો, ઘણું-ઘણું યાદ કરે છે પણ યાદ આવતું નથી. વિદ્યાધરને કોઈ રીતે વિદ્યાનોપદ યાદ આવતું નથી. વારંવાર પ્રયત્ન કરવા છતાં યાદ આવ્યું નહિ. તેથી તે ચિંતા કરવા લાગ્યો. આ જોઇને મહારાજા શ્રેણિકે ભગવાનને પુછ્યું : ‘ હે પ્રભુ ! આ વિદ્યાધર વિદ્યા કેમ ભૂલી ગયા ?

આ સાંભળી મહામંત્રીશ્વર અભયકુમારે તેની પાસે જઈને કહ્યું કે, ‘ જો તમોને યોગ્ય લાગે તો તમારી વિદ્યા મારી પાસે બોલી જાઓ ! તે વિદ્યાધરે

આખી વિદ્યા અભયકુમારને સંભળાવી. અભયકુમારે એ વિદ્યા સાંભળી તેનો પાઠ ભણી ગયા. થોડીવારે અભયકુમાર આખી વિદ્યાનો પાઠ બોલી ગયા. પદાનુસારી વિદ્યાશક્તિના પ્રભાવે તે વિદ્યા અખંડ કરી આપી. પછી તે વિદ્યાનો પાઠ પુરો થવાથી અભયકુમારનો આભાર માની વિદ્યાધર રાજી થતો ત્યાંથી ઉડીને પોતાના સ્થાને ગયો.

અભયકુમારે પદાનુસારી વિદ્યાશક્તિના પ્રભાવે ઘણાઓની ભૂલી ગયેલ વિદ્યા પુર્ણ કરી આપતો હતો. ઉત્તમ પુરૂષોને મળેથી શક્તિઓ અનેકને ઉપકાર કરનાર બને છે તે આનું નામ.

અભયકુમારના ગતભવની વિગત આવી રીતે મળે છે.

કોઈ નગરમાં એક શેઠ રહેતા હતા. તે ઘણી સંપત્તિવાળા. જેવી સંપત્તિ તેવીજ વિશાળ તેમની જિનભક્તિ હતી.

શેઠ ખુબ ભાવ-ભક્તિથી જિનપૂજા કરે. એકવાર એક છોકરો શેઠને ત્યાં આવ્યો. તે ઘરે ઘરે અનાજ માગતો નગરમાં ફરતો હતો. શેઠે તેને પૂછ્યું : હંમેશાં તને કેટલું અનાજ મળે છે?'


છોકરાએ કહ્યું : 'એક માણા+ જેટલું.'

---

+ પાલી અને માણા અનાજ માપવાના જુના જમાનાના માપ.

શેઠે કહ્યું : 'મારી પૂજા માટે તું ઉદ્યાનમાંથી મને રોજ ફુલ લાવી આપે તો, હું તને માણાથી અધિક દાણા આપીશ.'

છોકરો ખુશ થઈ, શેઠને હંમેશા સુંદર-મનોહર ફુલો લાવી શેઠને આપે છે. એમ શેઠ પણ ખુશ થઇને તેને વધુ ને વધુ અનાજ છોકરાને આપે છે. એમ કેટલાય દિવસો વીતે છે.



તે છોકરાને ભાવ જાગ્યો. શેઠના દેખાદેખી તે પણ પોતાના ફુલોથી પરમતારક શ્રી જિનેશ્વર દેવની પુજા કરવા લાગ્યો.

પુષ્પ પુજાથી તે છોકરાએ અદ્દભુત પુણ્ય બાંધ્યું. તે મરીને સ્વર્ગે ગયો. સ્વર્ગમાંથી ચ્યવીને તે શ્રેણિક મહારાજાનો પુત્ર થયો.

તેનું નામ જ અભયકુમાર

જે બુદ્ધિ અને ગુણના ભંડાર

જુવો ! જુવો ! ફુલ પૂજાનું કેવું સુંદર ફલ !!!



શ્રણુકરાજા

શ્રેણિક મહારાજા રૂઠી રીતે સમક્તિનું પાલન કરવા લાગ્યા, તેઓ હંમેશા પરમતારક શ્રી મહાવીર પ્રભુ સન્મુખસુવર્ણના અખંડ એક સો આઠ અક્ષતનો સાથીઓ (સ્વસ્તિક) કરીને બહુ માનપૂર્વક તીર્થંકર પરમાત્મા ની ભકિત-વંદના કરતા હતા.

ભગવાન મહાવીરદેવ રાજગૃહ નગરીથી દૂર વિચરતા હોય ત્યારે ત્યારે પોતાના રાજસેવકો દ્વારા પ્રભુ શ્રીમહાવીર કયા પ્રદેશમાં વિચરે છે, તેની તપાસ કરાવતા પછી તે દિશા નગર બહાર જઈ વંદના-ચૈત્યવંદના કરતા.

શ્રણિક મહારાજાના પરિવારમાં મેઘકુમાર અને નંદીષેણકુમાર વગેરે ૨૫ (પચીસ) જેટલા રાજપુત્રો એ ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી હતી.

---

૧. જાલી ૨. મયાલી ૩. ઉવયાલી ૪. પુરૂષસેન ૫. વારિસેન ૬. દીર્ઘદંત ૭. લષ્ટદંત (ધારણીનો પુત્ર) ૮. વિહલ ૯. વેહાસ ૧૦. દીર્ગસેન ૧૧. મહાસેન ૧૨. લષ્ટદંત (ચેલ્લણા દેવીનો પુત્ર) ૧૩. ગુઢદંત. ૧૪. શુધ્ધદંત ૧૫. હલ્લ ૧૬. દ્રુમ ૧૭. દ્રુમસેન ૧૮. મહાદ્રુમસેન ૧૯. સિંહ ૨૦. સિંહસેન ૨૧ પૂર્ણસેન વિગેરે આટલા નામો પ્રાપ્ત થયા છે.

શ્રેણિક મહારાજાની અનુમતિથી+ રાણીઓએ દીક્ષા લીધી તેના નામો

શ્રેણિક રાજાની પછી દીક્ષા લેનાર ×રાણીઓના નામો

શાલિભદ્ર, ધન્નાજી કયવન્ના શેઠ વગેરે અનેકાનેક મહાપુરૂષોએ ભગવાન વીરપ્રભુ પાસે દીક્ષા થઈ જેની ગણના કરવી મુશ્કેલ છે.

રાજગૃહ નગરી કેવી ભાગ્યવંતી ભગવાન શ્રી મહાવીર દેવના અગ્યારે અગ્યાર ગણધર ભગવંતો પ્રાયઃ રાજગૃહ નગરીમાં જ મોક્ષે પધાર્યા છે.

o o o

શ્રી અભયકુમારનો સ્વભાવ નાનપણથી જ શાન્ત, ધીર, ગંભીર હતો. લેશમાત્ર અભિમાન ન હતું. કોઈનું બુરૂં કરવાનો વિચાર સરખો પણ તેમના મનમાં આવતો નહિ. સૌનું ભલું કરવાની લાગણીજ તેઓ હંમેશાં રાખતાં. તેમનો સ્વભાવ સૌને જીવનમાં સાકાર બનો.

---

+ ૧. નંદા ૨. નંદમતી, ૩. નંદોત્તરા, ૪. નંદસેના, ૫. મરૂતા, ૬. સુમરૂતા, ૭. મહામરૂતા, ૮. મરૂદેવા, ૯. ભદ્રા, ૧૦. સુભદ્રા, ૧૧. સુજાતા, ૧૨. ભૂનદીપ્તા, ૧૩. દુર્ગંબા વગેરે.

× ૧. કાલી, ૨. સુકાલી, ૩. મહાકાલી, ૪. કૃષ્ણા, ૬. મહાકૃષ્ણા ૭. વીરકૃષ્ણા, ૮. પિતૃકૃષ્ણા ૯. મહાસેનકૃષ્ણા અને ૧૦. ચેલ્લણા વગેરે.

ભગવાન મહાવીરનું રાજગ્રહીમાં આગમન :

રાજગૃહી નગરી પાસે ગુણશીલ નામનો ચૈત્ય-બાગ હતો ત્યાં પ્રભુ શ્રીમહાવીર સ્વામીજી પોતાના શિષ્ય પરિવાર સાથે સમોસર્યા. વનપાલકે મહારાજા ને પ્રભુ પધાર્યાની વધામણી આપી. મહારાજાએ વનપાલકને મોટી ભેટ આપીને રાજી કર્યો.

પ્રભુને વંદના કરવાને ધામધુમથી નગરલોકો સાથે તે ગુણશીલ ચૈત્યને વિષે ગયા. પ્રભુશ્રીમહાવીર દેવને વંદના કરી મહારાજા ને અભયકુમાર પ્રભુની સામે બેઠા. બીજા ઘણા નગરલોકો પ્રભુને વાંદવા આવ્યે જતા હતા, પ્રભુએ તે વખતે બાર પર્ષદા આગળ ધર્મોપદેશ આપ્યો.

મંત્ર શિરોમણિ શ્રીનવકાર:

આ નવકાર મહામંત્ર શાશ્વતો મંત્ર છે. આપણા શાશ્વત આપણને શુદ્ધ કરી, સર્વ દુઃખોનો નાશ કરે છે. નવકાર મહામંત્રના જાપથી આપણી શકિતનો વિકાસ થાય છે. તેથી નવકાર મંત્ર સર્વ મંત્રોમાં

નमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंचनमुक्कारो
सव्वपावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं॥

શિરોમણિ મંત્ર કહેવાય છે. આના મહિમાનો કોણ પાર પામી શકે છે? અર્થાત્ અદ્વિતીયઅને અપૂર્વ મહિમાવંત છે.

આજ સુધી અઢી દ્વીપમાં ભૂતકાળે થઇ ગયેલા, વર્તમાન કાળમાં બિરાજતા અને ભવિષ્યકાળમાં થનારા એ ત્રણે કાળના અનંતા શ્રી અરિહંતો તીર્થંકરો–ભગવંતો, સિદ્ધ ભગવંતો, આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતે અને સાધુ ભગવંતોના ગુણોનો આ પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં (નવકારમાં) સમાવેશ થઇ જાય છે. તેથી જ આ મહામંત્રના એક એક અક્ષરમાં સાત સાત સાગરોપમના પાપને નાશ કરવાની શકિત છે. એ માટે જ ચૌદ પૂર્વના સારરૂપ મહામંત્ર કહેવાય છે.

“ આગે ચોવીશી હુઈ અનંતતી, હોશે વાર અનંત;
નવકાર તણી આદિ ન જાણે એમ ભાગે અરિહંત.”

આના કરતાં શકિતશાળી બીજો કોઇ મંત્ર કે તંત્ર જગતમાં નથી,

અડસઠ અક્ષરના મહામંત્રના એક એક અક્ષરનો નવ શરૂ થાય એટલે સાત–સાત સાગરોપમનાં પાપનો નાશ થાય. આખો શ્રી નવકાર એક વાર ગણાય એટલે ૫૦૭ સાગરોપમનો પાપ આત્મામાંથી દૂર થાય.

ચૌદપૂર્વધર ભગવંતો પણ અંત સમયે શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરે છે એ હકીકત સ્પષ્ટપણે સૂચવે છે કે જીવને ઉપયોગ રંગે રંગાવાની અચિન્ત્ય શક્તિ તેનામાં (શ્રી નવકારમાં) છે.

શ્રી નવકાર પૂર્વના અનેક ભવોના પૂણ્યોદયે મંત્રાધિરાજ આપણને મળ્યો છે. શ્રી નવકારનું અંતિમ શ્રેષ્ઠતમ ફળ છે મુક્તિ. વચગાળાનાં ફળ છે સ્વર્ગાદિના સુખ. તે જીવ નરકગતિ ને તિર્યંચગતિનું ભ્રમણ અટકી જાય છે.

યાદ રાખો :-ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી આરંભેલું ત્યાં સુધી જ સફલ થતું નથી કે જયાંસુધી શ્રી નવકાર મંત્રને સ્મરવામાં આવ્યો નથી.

જયાં-જયાં ગુંજે શ્રી નવકાર,
ત્યાં-ત્યાં વર્તે જયજયકાર.

ધર્મક્રિયાને બંધન ગણીને અવગણનારો માનવ બંધુ કદી ભવનાં બંધનમાંથી મુકત ન થઈ શકે.

નવકારમંત્રની મહિમા દર્શક કથા

પૂર્વે કેટલાય વર્ષો પહેલાં મથુરા નામની નગરીમાં એક જિનદત્ત શ્રાવક રહેતો હતો. તે નગરીમાં

'હુંડિક' નામનો ચોર પ્રતિદિન નગરીમાં પ્રજાના ઘરમાં ચોરી કરતો કોઇ રીતે તે પકડાતો ન હતો. એક વખત નગરરક્ષકના હાથે સપડાઈ ગયો. તેને નગરીના રાજા પાસે હાજર કર્યો. એને શુળીપર ચઢાવવામાં આવ્યો. તેની પાસે એના સંબંધીમાં કોણ આવે છે તે જાણવા માટે રાજપુરુષો આજુ બાજુ રાખ્યા. તેની પાસે કોઈ જ આવ્યું નહી.

તે શુળીના માર્ગે દયાનિધિ જિનદત્ત શ્રાવક એ માર્ગે થઇને જતો હતો. તેની પાસે ચોરે તરસ્યો હોઇ જળ માગ્યું. જિનદત્ત શ્રાવકે કહ્યું : આ હું તને સંભળાવું છું તે નવકાર મંત્રનો ઉચ્ચાર કરતો રહે, હું તારા માટે જળ લઇને આવું છું; જળ લઇને આવું એટલામાં તું નવકાર મંત્ર ભૂલી જશે તો હું તને જળ આપીશ નહિ.'

થોડીવારમાં જિનદત્ત શ્રાવકને પાણી લઈને આવતાં જોયા, મને હમણાં જ જળ મળશે, એમ સમજીને તે હર્ષિત થયો. જિનદત્ત શ્રાવક શૂળી પાસે આવે એટલામાં ચોરના પ્રાણ ચાલ્યા ગયા.

જિનદત્ત શ્રાવકને ચોરને એને જળ લાવી આપનારને રાજ્યનો ગુન્હેગાર ગણીને બન્દીવાન બનાવ્યો. રાજાએ એને પણ શુળીએ ચદાવી દેવાનો આદેશ કર્યો.




હવે આ બાજુ ચોરના નવકારમંત્રનો ઉચ્ચાર કરતાં કરતાં પ્રાણ ગયા હોવાથી, તે ચોરનો આત્મા યક્ષરૂપે થયો. એ યક્ષે પોતાનાં ઉપકારી સ્મરણ કર્યો. તે યક્ષે પોતાનાં ઉપકારી જિનદત્ત શ્રાવક રાજ્યના બન્દીખાને જોયો; એક મોટું પર્વત ઉપાડી નગરી ઉપર ફરવા લાગ્યો, અને આકાશવાણી રૂપે કહ્યું: "હે ભૂપતિ! અને નગરજનો!! સાંભળો, આ પરમ દયાળુ જિનદત્ત શ્રાવક મારા ઉપકારક ગુરૂ છે અને તમે જલ્દી મુકત કરો. છોડી દો નહિ તો હું રાજા સાથે આખીયે નગરીનો નાશ કરીશ."

આ પ્રમાણે યક્ષની આકાશવાણી સાંભળી, સહુ ગભરાઇ ગયા. રાજાએ અને સર્વ પ્રજાએ એ

યક્ષની વારંવાર ક્ષમા માગી. જિનદત્ત શ્રાવકને બંધનમાંથી જલ્દી છૂટો કર્યો. ખરેખર કહેવાય છે કે, ભય વગર પ્રીતિ થતી નથી; પછી નગરલોકોએ યક્ષનું નગરમાં નાનકડું મન્દિર બનાવી તેની સ્થાપના કરી પૂજા પાઠ કરવા લાગ્યા. યક્ષરાજ સૌને નવકાર મંત્ર ગણવાનું કહેતા. નવકામંત્ર પોતાને ફળ્યો માટે સૌ નવકાર ગણી સુખી થાઓ.

જોયું ! સજ્જનો ! અક્ષરથી 'નમો અરિહંતાણં' ગણનારને તાત્કાલિક સદગતિ આપનાર આ મંત્રમાં આપણે શ્રદ્ધા કેળવીએ તો કેવો અદભૂત લાભ થાય.

ધર્મોપદેશ સાંભળીને સૌ વિખરાવા લાગ્યા.

० ० ०

ભગવાનની પર્ષદામાં એક મહાતપસ્વી શાન્ત અને કૃશ શરીરવાળા ઘણા દુર્બળ મહામુનિને જોઇને અભયકુમારે પ્રભુને પૂછ્યું: "હે કૃપાનાથ ! આ કૃશ શરીરવાળા મહામુનિ કોણ છે ?" શ્રીમહાવીર પરમાત્માએ કહ્યું: "હે અભયકુમાર ! એ વીતભયપત્તનના મહારાજા ઉદાયન છે.૧

---

૧ ઉદયન રાજા સિંધુ, સૌરવીર વગેરે સોળ દેશના એ સ્વામી હતા. વિત્તભયપત્તન વગેરે ત્રણસો ત્રેસઠ નગરોના માલિક હતા.

પોતાના રાજમહેલમાં રહે રહે ભાવના ભાવતા હતા. તીર્થંકર પ્રભુ જો મારા નગરે પધારે તો હું તેમની પાસે દીક્ષા લઉં.

વિચરંતા વિચરંતા હું તેમના નગરે ગયો.

જ્યારે તે ગાદીપતિ હતા ત્યારે મને વંદન કરવા આવ્યા હતા. ત્યારે મેં તેમને આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો હતો: 'સંધ્યાના રંગ જેવું, પાણીના પરપોટા જેવું, દર્ભ-ઘાસના અગ્ર ભાગ ઉપર રહેલ જળના બિંદુ જેવું આ જીવન ચંચલ-અસ્થિર છે અને યુવાવસ્થા નદીના પૂર જેવી ક્ષણમાં વહી જનારી છે, તો હે જીવ! તું કેમ બોધ પામતો નથી? અહો! મુક્તિના સુખ જેવું સ્થિર સુખ આ સંસારમાં કોઈ પણ સ્થાને નથી.

"કેવળ મોહાધીન જીવ તે સમજી શકતો નથી. આ લાડી, વાડી, ને ગાડી અથવા તો આ પૃથ્વીને કદીય કોઈ ચમરબંધી-ચક્રવર્તી સાથે લઈ ગયા નથી, અને સાથે લઈ જવાના પણ નથી. આ માટે અંગારા પાડનારનું એક દષ્ટાંત મેં કહ્યું હતું. તે ફરીવાર તમને કહું છું, તે તમે એક ચિત્ત દઇ સાંભળો."

પ્રભુ સન્મુખ દષ્ટિ સ્થિર કરી અભયકુમાર એકાગ્ર ચિત્તે તે સાંભળવા લાગ્યા:

**અંગારા પાડનારનું દૃષ્ટાંતઃ-**

" અંગારા પાડનાર એક મનુષ્ય કાષ્ટ-લાકડાં બાળીને તેના કોલસા પાડવા માટે પાણીનો ભરેલો એક ઘડો પોતાની સાથે લઇ વનમાં ગયો. ત્યાં ઉનાળાના તાપમાં કામ કરતાં તે ઘણો તરસ્યો થયો ને આખો ઘડો પાણી પી ગયો. માથા પર સૂર્યનો તાપ હોવાથી, અને તેની પાસે કોલસા પાડવા કરેલા અગ્નિના તાપથી તથા લાકડાં કાપવાના શ્રમથી તેની તરસ છિપાઇ નહિ. તે તરસથી તરફડતો પૃથ્વી પર બેભાનની જેમ પડયો અને નિદ્રાવશ થયો. તેને ઊંઘમાં સ્વપ્ન આવ્યું. " તે સ્વપ્નમાં પોતાને ઘેર જઇ ઘરમાં રહેલું બધું પાણી પી ગયો છતાં તેની




અંગારા પાડનાર નિદ્રામાં બધું પાણી પી રહ્યો છે.

તરસ છીપી નહિ. જેમ તેલથી અગ્નિ શાંત ન થાય પરંતુ વૃદ્ધિ પામે છે, તેમ તેની તરસ વધતી ગઇ. આથી તે ગામના કૂવા-વાવનું, સરોવરનું, નદીઓનું અને છેવટે સઘળા સમુદ્રનું પાણી પી ગયો, તો પણ તેની તરસ છીપી નહિ. પછી જીર્ણ જુના કુવામાં ઊંડે થોડું પાણી જોયું. તે લેવા માટે તેણે ઘાસનો પૂળો દોરડે બાંધીને તેમાં નાખ્યો. તે પૂળો બહાર કાઢીને તેને નીચોવીને તેમાંથી નીકળતા જળને જીભ વડે ચાટવા લાગ્યો. ખરેખર સમુદ્રના જળથી પણ જેની તરસ મટી નથી, તેની તરસ આ પૂળાના પાણીથી કેવી રીતે શાન્ત થાય ?"

આ દૃષ્ટાન્તનો ઉપનય-સાર એ છે કે, ચારે ગતિઓમાં ભટકતા આ જીવે સ્વર્ગાદિકનાં સુખો અનેક વાર ભોગવ્યાં છતાં જેને તૃપ્તિ થઈ નહિ, તેને અલ્પ-આયુષ્યવાળા મનુષ્ય દેહના અલ્પ સુખથી શી રીતે તૃપ્તિ થઈ શકે ? વૃદ્ધાવસ્થાવડે ક્ષીણ-શિથિલ અંગો થયાં છતાં પણ તે જીવ વિષયાદિ સુખથી તૃપ્ત થતો નથી.'

"હે મંત્રીશ્વર ! આ પ્રમાણેની અમારી ધર્મ-દેશના સાંભળીને ઉદાયન રાજાને પ્રતિબોધ થવાથી વૈરાગ્યવાસિત થઈને તરત દીક્ષા ગ્રહણ કરી, ઉગ્ર તપસ્યા કરવા લાગ્યા. આ ચોવીસીમાં આ છેલ્લા રાજર્ષિ છે. હવે પછી કોઈ પણ રાજા દીક્ષા લેશે

નહિ, અને આ રાજર્ષિ આ ભવમાં જ સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષપદને પામશે." (જે રાજા દીક્ષા લઇને સાધુ બન્યા હોય તે રાજર્ષિ કહેવાય છે.)

અભયકુમાર મોક્ષાર્થી જીવ હતા, તેથી પ્રભુનું વચન સાંભળીને તેમણે પોતાની પારિણામિકી નામની બુદ્ધિથી વિચાર્યું: "હવે તો હું પિતાના આગ્રહ વડે પણ રાજ્યને લઈશ નહિ, જો હું રાજ્ય ગ્રહણ કરું તો પછીથી મારી દીક્ષા થશેજ નહિ, કારણ કે ઉદાયન રાજા જ છેલ્લા રાજર્ષિ છે." આ પ્રમાણે વિચાર કરી તે અભયકુમાર પ્રભુને વાંદીને ઘેર આવ્યા. દિવસો જતાં મહારાજા શ્રેણિકે પણ અભયકુમારનો દીક્ષા લેવાનો મનોરથ જાણ્યો.

અભયકુમારનો દીક્ષા લેવાનો મનોરથ જાણી શ્રેણિક મહારાજા ચિંતાસાગરમાં પડી ગયા અને વિચારવા લાગ્યા: 'જો અભયકુમાર દીક્ષા લઇ લેશે તો મારું રાજ્ય સુંદર રીતે આજે ચાલી રહ્યું છે, જેમાં અભયકુમારની બુદ્ધિનો જ મોટો ભાગ છે; તેમાં વિઘ્ન આવશે. વળી હું વૃદ્ધ થયો છું અને જે નિઃશંકપણે હરીફરી શકું છું મારાથી બનતી થોડી ઘણી ધર્મની આરાધના કરૂં છું તે પણ નહિ બને, માટે કોઈ રીતે અભયકુમારને વચનથી બાંધી લઉં જેથી તે મારી રજા વગર દીક્ષા ન લઇ લે.' વિચારમાં ને વિચારમાં દિવસો જવા લાગ્યા.

એક વખત મહારાજા શ્રણિકે અભયકુમારને વાત કરતાં કહ્યું: "હે મંત્રીશ્વર! હવે આ રાજ્ય સિંહાસન ઉપર બેસીને રાજ્ય સંભાળી લો."

અભયકુમારે બહુ જ નમ્રભાવે કહ્યું: "હે પિતાજી! મને રાજ્યની ભૂખ નથી, હું તો હવે નિવૃત્ત થઈને પ્રભુ શ્રીમહાવીરદેવની પાસે પરમ પવિત્ર ભાગવતી પ્રવજ્યા-દીક્ષા લેવાની ભાવના સેવું છું. આપ જો રજા આપો તો હું આપનો ભવોભવ આભાર માનીશ. આપ પ્રભુ શ્રીમહાવીરના પરમ ભક્ત છો, આપને વધુ શું કહેવાનું હોય?"

મહારાજા શ્રેણિક બોલ્યા: "હે મંત્રીશ્વર! આજે તમે તો બીજું જ ભાખ્યું. આજે વર્તમાન કાલે મગધ દેશની જે ચોદિશ કીર્તિ ગવાય છે અને રાજવ્યવસ્થા વખણાય છે, તેમાં મુખ્ય હિસ્સો તમારો છે. હું પણ તમારી સલાહ વિના કોઈ કાર્ય કરતો નથી. વળી હું વૃદ્ધ થયો છું. દીક્ષા લેવાનો અવસર તો મારે માટે યોગ્ય લેખાય, પણ હું કાયર છું. મને સંસારનો મોહ છુટતો નથી. હાલ તો તમે યથાયોગ્ય ધર્મ સાધનાપૂર્વક આપણું રાજ્ય સંભાળી લો પછી અવસરે સહુ સારું થશે."


"હે પિતાજી! પુણ્યના પ્રતાપે મને આપ જેવા પરમ શ્રદ્ધાળુ, જૈનધર્મી અને હિતકારક પિતા મળ્યા છે અને સાક્ષાત તીર્થંકર ભગવાન શ્રીમહા-

વીર જેવા દેવ ને ગુરુ મળ્યા છે, આવો સુંદર સંયોગ પ્રાપ્ત થયા છતાં દુષ્ટ કર્મોના મર્મોને ભેદનારી પ્રવજ્યા દીક્ષા સ્વીકારું નહિ તો મારા જેવો બીજો મૂર્ખ કોણ કહેવાય ?"

દીક્ષા લેવાના દઢનિશ્ચયી અભયકુમારનાં વચનો સાંભળીને શ્રેણિક મહારાજાએ અભયકુમારને કહ્યું: "હે પુત્ર ! જ્યારે તને હું તિરસ્કારપૂર્વક ચાલ્યો જા એમ કહું ત્યારે તારે દીક્ષા લેવી." શ્રેણિક મહારાજનાં આવાં શરતપૂર્વકનાં દીક્ષા માટે વિલંબનાં વચનો સાંભળીને, દુભાતા મને પણ તે અભયકુમારે સ્વીકાર્યાં અને ભાવપૂર્વક પિતાની સેવા તેમ જ રાજ્યકારભાર સંભાળવા લાગ્યા.

સંસારભીરુ અભયકુમાર પિતાશ્રીના પ્રતિબંધથી એટલે આગ્રહથી દીક્ષા લઇ શકયા નહિ, તેથી સંસારમાં રહ્યા છતાં પણ આત્માને હિતકારી યથાશક્તિ ધર્મઆરાધનાપૂર્વક સમય પસાર કરવા લાગ્યા. એક સ્થળે કહ્યું છે: 'સમક્તિ દષ્ટિ જીવડો, કરે કુટુંબ પરિપાલ અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખેલાવત બાલ.' જેમ ધાવ માતા ઉપરથી પ્રેમ દેખાડી બાલકનું પાલન-પોષણ કરે છે, છતાં મનમાં વિચારે કે 'આ બાલક મારું નથી.' તેમ મોક્ષાર્થી જીવ સંસારી પદાર્થોમાં બંધાય નહિ પણ પર રહે અને તે વિશે આસક્તિ રાખે નહિ. કયો સમજુ માણસ ભાડુતી ઘરનો મોહ રાખે ? મોક્ષાર્થી

શ્રાવક મનમાં ચિંતવ્યા કરે કે આજકાલમાં આ સંસાર છોડવો છે.' એવો મનોરથ રાખીને અભય-કુમાર પણ આ રાજપાટ વગેરે પરાયો-પારકો હોય તેમ ઘરમાં-સંસારમાં રહ્યો.



ચરમ તીર્થંકર પરમાત્મા સમવસરણ બેસી ધર્મદેશના આપી રહ્યા છે.

ભગવાન મહાવીર વિચરતા વિચરતા રાજગૃહ નગરે પધાર્યાના સમાચાર સાંભળી મહારાજાએ અભયકુમારને કહ્યુંઃ "આજે હું પટરાણી ચેલ્લણાને સાથે લઈને શ્રી મહાવીર પ્રભુને વાંદવા જાઉં છું માટે તારે અહીંજ રહેવું."

મોહાધીન રાજાને મનમાં ભય હતો કે અભય કુમાર મહાવીર પ્રભુ પાસે કદાચ મને કહ્યા વગર

દીક્ષા લઈ લેશે. અભયકુમારે પણ પિતાનું વચન કબૂલ કર્યું.

ત્યારપછી શ્રેણિક મહારાજા ચેલ્લણા રાણીને લઇને પ્રભુને વંદન કરવા ગયા. ત્યાં પ્રભુએ કહેલો ધર્મોપદેશ સાંભળીને સંધ્યાકાળના સમયે નગરમાં પાછા ફર્યા. તે વખતે ભરશિયાળાનો વખત હોવાથી ઘણી સખત ટાઢ પડતી હતી. તેમાં વળી પવનના ઝપાટાથી શરીરનાં અંગો કંપી જતા હતાં. શ્રેણિક મહારાજા પણ રાણી સાથે કંપતા કંપતા એક સરોવર પાસે આવી પહોંચ્યા. તે વખતે ચેલ્લણા રાણીએ સરોવરના કાંઠા ઉપર કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા એક પૂજ્ય મુનિ ભગવંતને જોયા.



મહારાણી ચેલ્લણા અને મહારાજા મુનિભગવંતને વાંદે છે.

તે મુનિ નિશ્ચિંતપણે કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા હતા. શરીર ઉપર વસ્ત્ર ઓઢયું નહોતું. ફક્ત એકજ કટી વસ્ત્રવાળા મુનિ ભગવંતને જોઇને ચેલ્લણા રાણી સહિત મહારાજા શ્રેણિકે મુનિરાજને વંદના કરી નગર તરફ ચાલ્યા. ચાલતાં ચાલતાં મહારાણી વિચાર કરવા લાગી: 'અહો, આ મુનિભગવંતને ધન્ય છે, કારણ કે આટલી બધી ઠંડીમાં તેઓ આવા પ્રકારના દુષ્કર શીત પરિષહને સહન કરે છે. વસ્ત્ર પહેરેલાં હોવા છતાં મને આટલી બધી ઠંડી લાગે છે, તો આ મુનિરાજ વસ્ત્રરહિત હોવાથી તેમને કેટલી ઠંડી લાગતી હશે? કેવી અહો! સહનશીલતા!'

આવા પ્રકારના વિચાર કરતી ચેલ્લણા રાણી મહારાજા સાથે પોતાને મહેલે આવી. સાંજના નિત્ય કાર્ય પ્રતિક્રમણ સ્વાધ્યાય કરીને રાત્રિએ જ્યારે શય્યામાં જઇને સૂઇ ગઈ, ત્યારે ઉંઘમાં તેનો એક હાથ ઢાંકયા વિનાનો પથારીમાંથી બહાર રહી ગયેલો, તેથી તેને ઠંડી લાગી હોવાથી ચેલ્લણા રાણી એકાએક જાગી ગઇ, ને તેણે પોતાનો હાથ અંદર લઇને રજાઇ વડે ઢાંકી દીધો, તો પણ હાથને કળતર થવા લાગી.

મહાવીર પ્રભુને વાંદીને ઘેર પાછા આવતાં સરોવરના કાંઠે કાઉસગ્ગ-ધ્યાનમાં રહેલા તે મુનિનું ચેલ્લણા રાણીને તે વખતે એકાએક સ્મરણ થઈ



ચેલ્લણાનો હાથ બહાર રહી ગયેલ

આવ્યું અને કલ્પના ચિત્ર નજર સામે દેખાયું તેથી ધીરેથી ઉચ્ચ સ્વરે બોલી :

'અહો, ઘરની અંદર પણ જ્યારે આટલી બધી ઠંડી લાગે છે અને હાથને કળતર થાય છે તો વસ્ત્રરહિત ખુલ્લામાં સરોવર કાંઠે રહેલાનું તેમનું શું થતું હશે !"

આ વખતે શ્રેણિક મહારાજા પથારીમાં અર્ધ જાગ્રતાવસ્થામાં હતા. તેમણે ચેલ્લણા રાણીના તે પ્રગટ બોલેલા શબ્દો 'તેમનું શું થતું હશે !' તે છેલ્લા બે શબ્દો સાંભળ્યા તેથી તે પોતાના મનમાં વહેમાયા અને વિચારવા લાગ્યા :

'ખરેખર, આ મારી પટરાણી અસતી અને પરપુરુષમાં પ્રેમવાળી લાગે છે. કારણ કે હાલમાં એના હૃદયમાં કોઇક બીજો પુરુષ વસેલો લાગે છે.' અને તેથી તે અત્યારે તેનું વારંવાર સ્મરણ કરતા અને જાગતા રાત વિતાવે છે. 'હું સવારે શ્રી મહાવીર પ્રભુ પાસે જઇને આ બાબતની ખાતરી કરીશ.' કહો ! શ્રી વીર પ્રભુ ઉપર કેવો અદ્દભુત વિશ્વાસ હશે !


અભયકુમાર રાજાને વંદના કરે છે.

સવારે અભયકુમાર શ્રેણિક મહારાજાને નમસ્કાર કરવા આવ્યા. તે વખતે શ્રેણિક રાજાએ તેમને આ પ્રમાણે કહ્યું: 'હે અભયકુમાર ! તારે આ સઘળું અન્તપુર સળગાવી નાખવું." લોકોમાં રાજા, વાજાં ને વાંદરા એ ત્રણેને સરખા કહ્યા છે, વિચિત્ર ચંચલ સ્વભાવના કહ્યા છે, તે ખોટું નથી. કોઈ વખત આવું બને છે. માટે જ કહેવત પડી છે.

શ્રેણિક રાજાના મનમાં ચેલ્લણા મહારાણીના સંબંધમાં જે વહેમ પડયો હતો, તે વહેમ સાચો છે કે ખોટો તે બાબતની ખાતરી મેળવવા માટે તે શ્રી મહાવીર પ્રભુ પાસે જવાના હતા, તે છતાં-તેમણે મહારાજાએ ક્રોધના આવેશમાં અભયકુમારને વગર વિચારે આખું અન્તઃપુર બાળી નાખવાની આજ્ઞા કરી, તે ઘણું અવિચારી પગલું હતું.

અભયકુમાર તો મહાબુદ્ધિશાળી અને વિલક્ષણ પુરુષ હતા. રાજાની આજ્ઞા મળ્યા છતાં તેમણે વિચાર



જુનો રાજમહેલ બળે છે.

કર્યો, 'રાજાએ ક્રોધાવેશ માં આવી આજ્ઞા કરી છે માટે જો હું અંતઃપુર સળગાવીશ તો મારોજ વાંક ગણાશે.' આવા વિચારથી અભયકુમારે અન્તઃપુરની નજીકમાં એક ખંડેર જેવો જુનો રાજમહેલ હતો, તે સળગાવી મહાવીર પ્રભુને વંદન કરવા ગુણશીલ ચૈત્ય -ઉદ્યાન તરફ ચાલ્યા.

અભયકુમારને અન્તઃપુર બાળી નાખવાની આજ્ઞા કરીને શ્રેણિક મહારાજા ચેલ્લણા રાણી વિષે પૂછવા માટે ભગવાન શ્રીમહાવીરની પાસે ગયા. ભાવથી પ્રભુને વંદના કરીને ધર્મદેશના સાંભળવા બેઠા. ધર્મદેશના પૂરી થયા પછી તરત જ પૂછવા લાગ્યાઃ "હે ભગવંત! મારી તે ચેલ્લણા રાણી સતી છે કે અસતી?"

તે વખતે મહાવીર પ્રભુએ કહ્યુંઃ "હે રાજન! ચેટક મહારાજાની સાતે સાત પુત્રીઓ ને તમારી બધીય રાણીઓ સતી છે. અને ગઇ કાલે સાંજની મુનિ સંબંધી હકીકત વિસ્તારથી કહીને શ્રેણિક મહારાજાના મનનો સંદેહ દુર કર્યો.

પ્રભુમુખે સર્વ હકીકત સાંભળીને શ્રેણિક મહારાજા ત્યાંથી તરત જ પાછા નગર તરફ વળ્યા.

તેમને મનમાં પશ્ચાત્તાપ થયો: "મેં કેવું ભયંકર સાહસ કર્યું ? અભયકુમારને અન્તઃપુર બાળવાની આજ્ઞા કરી. તેણે અન્તઃપુર સળગાવ્યું હશે તો હવે શું થશે ? મારી વહાલી રાણીઓનું શું થશે ?

પ્રભુનાં વચન સાંભળી શ્રેણિક મહારાજા તેમનું શું શું થતું હશે?" એટલામાં તો નગરમાં આવતાં દૂરથી નગરીમાં આગના ભડકા મહારાજાએ જોયા. ચિંતા કરતા શ્રેણિક મહારાજા નગર તરફ ચાલ્યા આવે છે તે વખતે તેમણે નગરમાંથી મહેલ સળગાવીને પોતાની સામે આવતા અભયકુમારને જોયા એટલે રાજાએ તરત જ પૂછયું: "હે અભયકુમાર ! તેં શું સઘળું અન્તઃપુર સળગાવ્યું !" તે વખતે અભયકુમારે કહ્યું: "મેં આપની આજ્ઞા પ્રમાણે સઘળું કર્યું છે, હવે મને શ્રીમહાવીર પ્રભુની પાસે જવાની આજ્ઞા છે ?"

અભયકુમારના શબ્દો સાંભળી અત્યંત વેદનાથી મુંઝાયેલા મહારાજા શ્રેણિકે કહ્યું: "તું તારે જ્યાં જવું હોય ત્યાં જા. મારે તારું મોઢું પણ જોવું નથી. તેં આવું અવિચારી કાર્ય કર્યું છે. ?




અભયકુમાર પર રાજા નારાજ

આ સાંભળી પોતાનું ઇચ્છિત કાર્ય સિદ્ધ થવાથી અભયકુમાર હર્ષિત થઈને શ્રીમહાવીર પ્રભુ પાસે આવ્યા અને તરત જ મનના ઉલ્લાસભાવે દીક્ષા લીધી.

શ્રેણિક મહારાજા મહેલે આવ્યા, તો તેમણે સઘળું અન્તઃપુર કુશળક્ષેમ જોયું તેથી રાજી થયા.

અભયકુમારની બુદ્ધિ માટે વધુ માન ઉત્પન્ન થયું. તે પછી તેમને વિચાર આવ્યોઃ "મેં ઉતાવળમાં અભયકુમારને શ્રીમહાવીર પ્રભુ પાસે જવાની રજા આપી દીધી છે, તો પણ હું તેને સમજાવીને પાછો બોલાવી લાવું."

આમ વિચાર કરીને તરતજ તે શ્રીમહાવીર પ્રભુ પાસે આવ્યા, તો અભયકુમારને દીક્ષિત થયેલા મુનિ-અવસ્થામાં જોયા, મોહથી વ્યગ્ર બનેલા મહારાજાએ અભયકુમાર મુનિને કહ્યું: "હે પુત્ર! તું ફરીથી ઘેર ચાલ. મેં ક્રોધાવસ્થામાં મોટી ભૂલ કરી છે." અભયકુમારે કહ્યુંઃ "રાજન! મેં આપની આજ્ઞા વડે જ આ ઉત્તમોત્તમ કાર્ય કર્યું છે, માટે હવે હું કોઇ પણ રીતે ઘેર આવવાનો નથી."

શ્રેણિક મહારાજા ત્યારપછી શ્રીમહાવીર પ્રભુને તથા શ્રી અભયકુમાર મુનિ વગેરે સાધુ ભગવંતોને નમીને અને પોતાના અપરાધને ખમાવીને પોતાના મહેલે આવ્યા.

અભયકુમાર મુનિએ ત્યારપછી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નની શુભભાવે અને શુદ્ધ મન વડે સમ્યક પ્રકારે આરાધના કરી; સાધુજીવન દીપાવ્યું. અનેક ભવ્ય જીવોને ધર્મ માર્ગે જોડયા. જ્યારે પોતાનો અંતકાલ નજીક જણાયો ત્યારે અનશન-ક્ષમાપના વગેરેથી સમાધિપૂર્વક પંડિત મરણ પામીને સર્વાર્થસિદ્ધ નામના પાંચમા (તેત્રીસ સાગરોપના આયુષ્યવાળા અને એક હાથની કાયા-વાળા) અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી આયુ પુર્ણ કરીને મનુષ્યનો એક અવતાર-ભવ કરી શ્રાવક કુળમાં આવી ચારિત્ર ગ્રહણ કરીને સર્વ કર્મનો ક્ષય કરી તેઓ મોક્ષે જશે.

(અભયકુમાર સંબંધી શ્રી અનુત્તરોવવાઈ નામના નવમા અંગમાં જણાવ્યું છે કે "તેમનો દીક્ષાપર્યાય પાંચ વર્ષનો અને વિજય વિમાનમાં ઉત્પન્ન થયા છે.")

મહારાજા શ્રેણિકે પણ પ્રભુ શ્રીમહાવીરદેવની વિશિષ્ટ પ્રકારની ઉપાસના વડે અને સમ્યકત્વની આરાધના અને પ્રભુ મહાવીરની ભક્તિ વડે શ્રી તીર્થંકર ગોત્ર બાંધ્યું. તે આવતી ચોવીસીમાં શ્રી પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થશે.

આખાય મગધનું સામ્રાજ્ય કાર્ય કુશળતા બુદ્ધિબળે ચલાવ્યું. નિર્ભયતા અને નમ્રતા તેમનામાં ખૂબ હતી. અવસર આવ્યે તપ કરી દેવતાની પણ સહાય સ્વીકારી તેમની મૈત્રી-ભાઇબંધી કરનાર પણ ધર્મિષ્ઠ બની જતો. પ્રચંડ-ચંડપ્રદ્યોત જેવા મહારાજાને શત્રુમાંથી મિત્ર બનાવ્યો. એવા તો અનેક પ્રસંગો આવી ગયા છે કે, જે વાંચી સાંભળી ભલભલા નવાઇ પામી જાય.

અહિં ટુંકમાં ખાસ પ્રસંગો જતા કર્યા સિવાય સળંગ જીવન કથા લખવા અલ્પ બુદ્ધિ પ્રમાણે પ્રયત્ન કર્યો છે. તેમાં કોઈ પણ ક્ષતિ જેવું જણાય તો સુજ્ઞ સાક્ષરોને વિનમ્ર ભાવે મારી વિનંતી છે કે તેઓ મને જણાવે.

બન્ને ભવો સુધારી ભાવિ પ્રજા માટે ઉજ્જવળ ઇતિહાસ મુકી ગયા. પોતાનો અવતાર સફળ કરી ગયાં. આ જીવન કથામાંથી આપણે પણ કાંઇ બોધ લઈ ગ્રહણ કરવા યોગ્ય સુસંસ્કારોમાંથી આપણે આપણા જીવનમાં ઉતારીને યોગ્ય પ્રેરણા લઈ જીવન ધન્ય કરીએ. એજ શુભેચ્છાઃ 'સંયોજક'

—પ્રવર્તક મુનિ નિરંજનવિજય

વિ. સં. ૨૦૩૯ C/O. શ્રી ખાન્તિ નિરંજન ઉત્તમ
વૈશાખ સુદ ૧૦ જૈન જ્ઞાન મંદિર
તા. ૨૧-૫-૮૩ ઠે. શેખનો પાડો, ઝવેરીવાડ સામે,
અમદાવાદ.

# અભયકુમારની સજ્જાય

રાજગૃહી નગરીનો રાજીયો, નામે શ્રેણિક રાય;
તસસુત અભય નિર્ભય સદા, બુદ્ધિબળે વખણાય.
બુદ્ધિબળે જગ જીતીયે. ૧

નન્દા નન્દન દીપતો, કેળવી માતે વર ચાર;
કુપથી કાઢીને મુદ્રિકા, હુઓ મંત્રિ શિરદાર
બુદ્ધિ બળે જગ જીતીયે ૨

મહેલ કર્યો એકદંડીયો, પકડયો આંબાનો ચોર,
ચંડપ્રદ્યોતને વશ કર્યો, રાજ્ય કરે એક દોર,
બુદ્ધિ બળે જગ જીતીયે ૩

કાર્યકુશલ મતિ કાર્મિકી, વિનયે વિદ્યાનિધાન,
વિદ્યાધરની વિદ્યા સુણી, પૂર્યું પદ બહુમાન.
બુદ્ધિ બળે જગ જીતીયે ૪

અદ્ભુત હારને શોધવા, નૃપ આદેશ ઉદ્દંડ;
સાતમે દિન પૌષધ ગ્રહી, પામ્યો હાર અખંડ.
બુદ્ધિ બળે જગ જીતીયે ૫

આર્દ્રકુમાર અનાર્ય જે, આપી ઉત્તમ ઉપહાર;
પ્રતિમા દર્શનથી બુઝયો, હુઓ જિન અણગાર.
બુદ્ધિ બળે જગ જીતીયે ૬

પાપી પુત્ર મહા પામીયો, સંગે સુલસ સમકિત;
જેની મૈત્રી પણ હિત કરી, એવી ઉત્તમ રીત.
બુદ્ધિ બળે જગ જીતીયે ૭

પરભવનું શ્રેયઃ સાધવા. છંડયું રાજ્ય ઉદાર;
તાતની અનુમતિ મેળવી, મતિનો મહિમા અપાર,
બુદ્ધિ બળે જગ જીતીયે ૮

શ્રાવક ધર્મ આરાધીને, સંયમ લે જિન પાસ;
સિંહ પરે શુદ્ધ પાળીને, પામ્યા અનુત્તર વાસ;
બુદ્ધિ બળે જગ જીતીયે ૯

ઈહ પરભવ જસ ઉજળા, તેનો સફળ અવતાર;
ધર્મ ધુરંધર વંદિએ. ધન્ય ધન્ય અભયકુમાર.
બુદ્ધિબળે જગ જીતીયે. ૧૦

રચયિતા
પૂજ્ય આચાર્યશ્રી
**વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજી**
**મહારાજ**

# સાચો જૈન કોણ?

જેનામાં ઈન્દ્રીયો જીતવાનું સામર્થ્ય છે, ત્યાગ કરવાની ભાવના છે, શુદ્ધ-દેવ, ગુરૂ અને ધર્મ ઉપર શ્રદ્ધા-દૃઢ **પ્રેમ** અને ભક્તિ છે, ગુરૂજન તથા વડીલ **વર્ગ ઉપર વિનય**, વિવેકપૂર્વક સદ્‌ભાવ રાખી શકનાર અને પોતાની યથાશક્તિએ **પૂજા, પ્રતિક્રમણ**, સામાયિક અને નવકારસી, તિવિહાર આદિ પચ્ચકખાણરૂપ **ક્રિયા** વિગેરેનો શક્યતા અનુસાર પાલન કરનાર **તે જ સાચો જૈન છે.**

સાચો **જૈન કદી પણ** હલકાં કૃત્યો કરવામાં પોતાની વૃતિઈચ્છા દોડાવતા નથી, **થોડે થોડે પણ ધર્મ**ની શુભ પ્રવૃતિમાં આગે કદમ કરતો રહે, અને પોતાથી **ન** થતી **શુભ** કરણીની અનુમોદના હરહંમેશ કરતો રહે **તે જ સાચો જૈન છે.**

આવો **જૈન કોઈથી પણ** ડરતો નથી, અને બીજાને પણ વીના કારણે ડરાવતો નથી, છતાં ધર્મને પોતાના પ્રાણથી અધિકતર પ્રિય માનનાર હોય **તે જ સાચો જૈન છે.**

સાચો જૈન ગમે તેવી આપત્તિમાં કદીયે ગભરાતો નથી, અને ગમે તેવી સમ્પત્તિમાં ફુલાઈ જતો નથી, આ બન્ને સ્થિતિમાં સમાનપણું જાળવી શકે; **તે જ સાચો જૈન છે.**

સાચો જૈન સ્વરક્ષણમાં અને પરરક્ષણમાં કટીબદ્ધ રહે, ધર્મરક્ષણ અને અસહાયનું રક્ષણ પોતે સર્વ પ્રકારે કરવા તૈયાર થાય, તેજ જૈનતત્વનું ગૌરવ લઈ શકે છે **તે જ સાચો જૈન છે.**

**સંયોજક : પ્રવર્તક મુનિશ્રી નિરંજનવિજયજી મ.**